
વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Published on - 01 July 2026 | ₹ 50-00
Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા



## અદ્‌ભુત અલૌકિક
## અમરનાથ યાત્રા

વિશ્વ
ઉમિયાધામ
અમદાવાદ

## "મારી ઈંટ મા ના મંદિરે"
### ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



"વીરતા પરમો ધર્મ" અને "એકતા પરમો ધર્મ" ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે "હું સનાતની છું" ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં **"મારી ઈંટ મા ના મંદિરે"** અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ. "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન
### મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા. ૧૦૦૦/-

<u>બેંક વિગત</u> : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

<u>ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો</u>

Mob. Play store મા જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

"વિશ્વ ઉમિયાધામ-જાસપુર", વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

| 85,000+ | 1 Lac+ | 20,000+ | 21+ |
|---|---|---|---|
| Surgeries | Happy women | Fertility Enhancing Surgeries | Years of Care |

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**જુલાઈ ૦૧, ૨૦૨૬**
July 01, 2026
**વર્ષ : ૦૫,** Year : 05
**સળંગ અંક : ૫૦** Ank : 50
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**Owner :** Vishv Umiya Foundation

ISO 9001



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**
પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

**સંપાદક મંડળ:** / **Editor Board :**
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂા. ૫૦૦૦
પાંચ વર્ષ : રૂા. ૩૦૦૦
વિદેશમાં આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time (10 Year) Rs. 5,000
5 Year : Rs. 3,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

# અનુક્રમણિકા

Vishv UMIYA Foundation


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના |
|---|---|---|---|
| ૧. | તંત્રીલેખ | ડો. જે. એમ. પનારા | ૦૫ |
| ૨. | વિશ્વ ઉમિયાધામ - યુવા શક્તિનું પ્લેટફોર્મ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહલાદભાઈ પટેલ | ૦૮ |
| ૪. | શ્રી રામચરિતમાનસ | ડો. પ્રભુદાસ પટેલ | ૦૯ |
| ૫. | શ્રી રામજીની બાળલીલા | શ્રી ભાણદેવજી | ૧૦ |
| ૬. | ગુરુપૂજા એ શું વ્યક્તિ પૂજા છે ? | ડો. અમૃત કાંજિયા | ૧૩ |
| ૭. | શિક્ષણમાં નવીનીકરણ | ગુલાબભાઈ જાની | ૧૫ |
| ૮. | સ્ત્રીઓ પર થતા અત્યાચાર ઘટાડો | શ્રીમતી ગીતા ઉનડકટ | ૧૭ |
| ૯. | કૃષિમાં મહિલા ભાગીદારી | કૌશિક મહેતા | ૧૯ |
| ૧૦. | દૂસરા ન કોઈ | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| ૧૧. | માનવતા માટે કોઈ ડીગ્રીની જરૂર નથી | કૌશિક મહેતા | ૨૩ |
| ૧૨. | દીકરીઓ સાવધાન.... | રસિક પટેલ | ૨૪ |
| ૧૩. | નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ - ૩ | હરજીવન રંગપરિયા | ૨૬ |
| ૧૪. | અમરનાથ યાત્રા | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૨૯ |
| ૧૫. | દુઃખાવાની સારવારનું નવું વિજ્ઞાન : પેઈન મેનેજમેન્ટ | ડો. તેજસ સોની | ૩૨ |
| ૧૬. | કેન્સર બોલે એ પહેલાં મોઢું ખોલીએ | ડો. ભાવેશ જેતપરિયા | ૩૪ |
| ૧૭. | ગજુ નાનું ને મોટું કામ - તુલસી | હીરજી ભીંગરાડિયા | ૩૬ |
| ૧૮. | રીંટકુડા રીંછની આગેવાની | ગિરા પિનાકીન ભટ્ટ | ૩૮ |
| ૧૯. | અમેરિકા પ્રવાસની યાદગાર ગાથા | દિપકભાઈ પટેલ, રૂપેશભાઈ પટેલ | ૪૦ |
| ૨૦. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૧. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૯ |


⌘ ⌘ ⌘



પ્રો. ડો. જે. એમ. પનારા

## તંત્રીલેખ

# નમ્રતા એ જ શ્રેષ્ઠતા

એક લેફ્ટનન્ટ કક્ષાનો ઓફિસર પોતાનાં સૈનિકો પાસે એક મોટો પત્થર ખસેડાવી રહ્યો હતો. પોતે અદબવાળીને ઊભો હતો અને ઓર્ડર છોડતો હતો. બધાં ખૂબ મહેનત કરી રહ્યાં હતાં. હજી એકાદ માણસની સહાય મળે, તો કામ થાય પણ એ ઓફિસર અતડો અને અહંકારી હતો. ત્યાં એક વ્યક્તિ ઘોડા પર આવી. એણે આ દ્રશ્ય જોયું. એણે પેલા ઓફિસરને કહ્યું તમે પણ આ બધાંને હાથ આપો તો ? પેલા ઓફિસરે તુચ્છકારથી એ વ્યક્તિ સામે જોયું ને કહ્યું - હું ? આ સૈનિકો છે. હું લેફ્ટનન્ટ ઓફિસર છું. હું શું કામ પત્થરને હાથ લગાડીને મારું લેવલ ડાઉન કરું? પેલા ઘોડેસવારે નીચે ઉતરી સૈનિકોને મદદ કરી. પત્થર ખસી ગયો. પછી એણે પેલા ઓફિસર પાસે જઈ સ્મિત કર્યું.

**ઓફિસરે મોં બગાડીને પૂછ્યુ** - કોણ છો તમે ? **વ્યક્તિએ કહ્યું** - તમે જ કહો.

**ઓફિસરે તુચ્છકારથી કહ્યું.** સૈનિક છો ? તો કઈ ટુકડીના ? **પેલી વ્યક્તિએ કહ્યું** - એથી ઊંચી પાયરી.

**પેલાએ પૂછ્યું** - ટુકડીના કેપ્ટન ? **પેલી વ્યક્તિ એ કહ્યું** - એથી ઊંચી પાયરી.

**પેલા એ પૂછ્યું** - લેફ્ટનન્ટ - મારી લેવલના ? **પેલાએ કહ્યું** - તેથી ઊંચી પાયરી...

**હવે કંઈક ઢીલા પડેલા ઓફિસરે પૂછ્યું** - મેજર ? **પેલાએ કહ્યું** - હજી ઉપર !

**ઓફિસરે વ્યવસ્થિત ઊભા રહી પૂછ્યું** - વીંગ કમાંડર ? **પેલાએ** - ના, હજી ઉપર!

**ઑફિસરે સેલ્યુટ કરતા પૂછ્યું** - જનરલ ? **પેલાએ**- ના, હજી ઉપર !

**ઓફિસરે ડરતા ડરતા પૂછ્યું** - ફિલ્ડ માર્શલ ? **પેલાએ કહ્યું** - હજી ઉપર !

**ઓફિસરે સાવ ઢીલા અવાજે - શું આપ જ ફ્રાંસના મહાન સમ્રાટ નેપોલિયન ?** **પેલાએ હેટ નમાવી કહ્યું** - હા !

**ઓફિસરે તરત જ પગમાં પડી પોતાનાં વ્યવહાર માટે માફી માંગી...** ત્યારે નેપોલિયને એનાં ખભે હાથ મુકતા કહ્યું- "દોસ્ત ! વેશ, પદવી અને મેડલ શરીર પર અને છાતી પર ભલે શોભે, પણ એને મગજમાં લઈ લેવા નહીં," નીચેનાની સાથે ભળશો, તો પ્રિય થશો અને ટોચ પર ચઢશો. નહિંતર ક્યાંક ખોવાઈ જશો, ક્યારેય પૈસા, સત્તા અને ઉમ્મર કોઈની રહી નથી અને રહેવાની નથી ! નાનામા નાના માણસ સાથે પણ વહેવાર અને સબંધ નિભાવતા શીખવું જોઈએ."

**પદની ક્ષણભંગુરતા :** નેપોલિયન બોનાપાર્ટ અને અહંકારી લેફ્ટનન્ટની આ પ્રેરણાદાયી વાર્તા જીવનનો એક બહુ મોટો પાઠ સમજાવે છે. કહેવાય છે કે સત્તા અને પદવી એ વહેતા પાણી જેવા છે, જે આજે અહીં છે તો કાલે ત્યાં. માણસ જ્યારે કોઈ ઊંચા હોદ્દા પર પહોંચે છે, ત્યારે તે ઘણીવાર ભૂલી જાય છે કે આ પદ તેને સમાજની સેવા કરવા માટે મળ્યું છે, નહીં કે અન્યો પર રોફ જમાવવા માટે. જ્યારે અહંકાર મગજ પર સવાર થઈ જાય છે, ત્યારે માણસ લોકોના દિલથી દૂર થઈ જાય છે; જ્યારે નમ્રતા તેને સૌના હૃદયમાં સ્થાન અપાવે છે.

**સત્તાનો અંત પરંતુ સંબંધોની મૂડી કાયમી :** કોઈપણ સામ્રાજ્ય કે સત્તા કાયમી હોતી નથી. આજે જે ખુરશી પર તમે બેઠા છો, ત્યાં ગઈકાલે કોઈ બીજું હતું અને આવતીકાલે કોઈ ત્રીજું હશે. પરંતુ મુશ્કેલ સમયમાં નાના માણસો સાથે બાંધેલા સંબંધો કાયમી હોય છે. સંબંધોની મૂડી એ જ જીવનની સાચી કમાણી છે. કારણ કે અંતે લોકો આપણા પદને નહીં, પરંતુ આપણા વ્યવહારને યાદ રાખે છે. સત્તા આપણને મોભો આપી શકે છે, પણ આદર તો આપણો સ્વભાવ જ અપાવી શકે.

### માણિક્યમ્

નેપોલિયનના આ કિસ્સામાંથી પ્રેરણા લઈ જો દરેક વ્યક્તિ પોતાના અહંકારને બાજુપર મુકીને પરસ્પર સહયોગ અને સમાનતાની ભાવના કેળવે તો તે અજેય બની શકે છે. જીવનમાં ભલે આપણે ઊંચા સ્થાને પહોંચીએ, પરંતુ આપણા પગ હંમેશા જમીન પર રહેવા જોઈએ. નમ્રતા એજ શ્રેષ્ઠતાનો રાજમાર્ગ છે. ■

# પ્રમુખશ્રીની કલમે

# વિશ્વ ઉમિયાધામ
# યુવા શક્તિનું પ્લેટફોર્મ



પ્રિય બંધુ ભગિનીઓ, યુવાનો કોઈપણ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ છે. જે સમાજ પોતાની યુવા પેઢીને યોગ્ય દિશા આપે છે, તેને ભવિષ્યની ચિંતા રહેતી નથી. યુવાનીમાં ઉર્જા છે, સાહસ છે, સર્જનાત્મકતા છે અને પરિવર્તન લાવવાની ક્ષમતા છે. આ શક્તિ જો સંસ્કાર, સેવા અને આધ્યાત્મિક ચેતના સાથે જોડાય તો તે સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે એક અદ્ભુત શક્તિ બની શકે છે.

સામાન્ય રીતે આધુનિક યુગમાં એક નકારાત્મક માન્યતા પ્રવર્તે છે કે આજની નવી પેઢી ધાર્મિક પ્રવૃત્તિઓથી દૂર ભાગી રહી છે, પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ અને ડિજિટલ યુગની ભ્રમણાઓ વચ્ચે યુવાનો પોતાની મૂળ સંસ્કૃતિ ભૂલી રહ્યા છે, તેવી ચિંતા અવારનવાર વ્યક્ત કરવામાં આવે છે; પરંતુ આ નકારાત્મક માન્યતાને જડમૂળથી ખોટી સાબિત કરતું અને પ્રેરણાદાયી ઉદાહરણ એટલે વિશ્વ ઉમિયાધામ (જાસપુર, અમદાવાદ)નું યુવા સંગઠન અને યુવા મહિલા સંગઠન.

આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન અંતર્ગત આસ્થા - એકતા અને ઊર્જાના ધામ સમા વિશ્વ ઉમિયાધામનું નિર્માણ યુવાશક્તિનું એક એવું પ્લેટફોર્મ બની રહ્યું છે કે જ્યાં સંસ્થાની વિચારધારાથી પ્રેરાઈને યુવાશક્તિ વધુને વધુ જોડાતી જાય છે. વિશ્વ ઉમિયાધામમાં શિવ અને શક્તિ એટલે કે મા પાર્વતી જેનું બીજું નામ મા ઉમિયા છે. તેના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ થઈ રહેલ છે. જે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર તો છે જ પરંતુ મંદિર સાચા અર્થમાં સામાજિક શક્તિનું કેન્દ્ર છે. એટલે કે મંદિર એ સામાજિક વિકાસનો આધારસ્તંભ છે.

મંદિરની આસ્થા અને શ્રધ્ધા થકી મંદિર સાચા અર્થમાં સામાજિક શક્તિનું કેન્દ્ર ત્યારે જ બને કે જ્યાં યુવા - મહિલા અને સામાજિક સશક્તિકરણની તમામ પ્રવૃત્તિઓ સમાજના વિકાસ માટે થતી હોય. ધર્મ અને સંસ્કૃતિને ઉજાગર કરતું મંદિર યુવા શક્તિના સશક્તિકરણનું મજબૂત પ્લેટફોર્મ બને તે માટે યુવાનોને જેની જરૂર છે તેવી પ્રવૃત્તિઓ અસરકારક રીતે થાય તે માટે સંસ્થા કટિબદ્ધ છે. આજે યુવાનોને શિક્ષણ, રોજગાર, કેરિયર, બિઝનેસ, સ્પોર્ટ્સ અને કલ્ચરલ સહિતની અનેક પ્રવૃત્તિઓ માટે સામાજિક પ્લેટફોર્મની જરૂરિયાત છે, ત્યારે આધ્યાત્મિકતાના આધારસમા મંદિરના પ્લેટફોર્મ થકી પૂર્ણ કરવા વિશ્વ ઉમિયાધામમાં યુવાનોના સર્વાંગી વિકાસ માટેનું એક વ્યાપક અભિયાન ચાલે છે. અહીં રમતગમતથી માંડીને બિઝનેસ સુધી, શિક્ષણથી લઈને આધ્યાત્મિકતા સુધી અને સ્વરક્ષાથી લઈને સમાજસેવા સુધીની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે જેનું નેતૃત્વ યુવાનો સ્વયં કરી રહ્યા છે અને એટલે જ યુવાનો વિશ્વ ઉમિયાધામમાં મહત્તમ રીતે જોડાયા છે.

**શિક્ષણ સહાય યોજના :** કોઈપણ સમાજના વિકાસનું મૂળ શિક્ષણ છે. આ વાતને ધ્યાનમાં રાખીને વિશ્વ ઉમિયાધામ દ્વારા જરૂરિયાતમંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સહાય યોજના ચલાવવામાં આવી રહી છે. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓને નિ:શુલ્ક શિક્ષણ સહાય ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ છે. આ માટે નામાંકિત યુનિ.ઓ અને પ્રતિષ્ઠિત કોલેજોના સાથ - સહકારથી શિક્ષણ સહાયનું કાર્ય અસરકારક રીતે થઈ રહેલ છે, જેનાથી હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુરક્ષિત થયું છે.

**કેરિયર એકેડેમી :** રાષ્ટ્ર સેવાના સ્વપ્નને વહીવટી સ્તરે સાકાર કરવા માટે વિશ્વ ઉમિયાધામ દ્વારા કેરિયર એકેડેમી ટોકન દરે ચલાવવામાં આવે છે. આ એકેડેમીનો ઉદ્દેશ્ય સનાતની સંસ્કારોથી સિંચિત યુવાનો દેશની સર્વોચ્ચ વહીવટી સેવાઓમાં ઉત્તીર્ણ થઈને ઉચ્ચ અધિકારી બની રાષ્ટ્રની સેવા કરે તે માટેનો છે. અહીં યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉચ્ચ સ્તરનું કોચિંગ, મટીરીયલ, મોક ટેસ્ટ અને અનુભવી સનદી અધિકારીઓ દ્વારા પ્રત્યક્ષ માર્ગદર્શન મળે છે. દેશના ભવિષ્ય એવા યુવાનોને એક મજબૂત નેતૃત્વ પૂરું પાડવાનું ઐતિહાસિક કાર્ય આ માધ્યમથી થઈ રહ્યું છે.

**રમતગમત દ્વારા યુવા શક્તિનું સંગઠન :** યુવા નેતૃત્વને વિકસિત કરવા માટે રમતગમત એક સશક્ત માધ્યમ છે. યુવાનોમાં સંઘ ભાવના મજબૂત બને તે માટે વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓ અને હરિફાઈનું આયોજન મોટા સ્કેલમાં કરવામાં આવે છે. એક વર્ષ અગાઉ યુવાનો દ્વારા "વર્લ્ડ બિગેસ્ટ સોશ્યલ ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન કરવામાં આવેલ જેને સાત કરોડથી પણ વધારે યુવાનોએ ઓનલાઈન નિહાળીને પોતાનો પ્રત્યક્ષ પ્રતિસાદ આપેલો, જે યુવાઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનેલ. યુવાઓમાં રમત-ગમતની સદર પ્રવૃત્તિથી યુવાનોમાં ઉમંગ અને ઉત્સાહ વધે છે, ટીમ ભાવનાનો વિકાસ થાય છે. જેનાથી લાખો યુવાનો સંસ્થા સાથે જોડાઈને પોતાનામાં રહેલી અદૃશ્ય ક્ષમતાઓને જાણે છે અને તેનો યુવાઓના નેટવર્ક દ્વારા મહત્તમ ઉપયોગ કરે છે.

**બિઝનેસ નેટવર્ક : Vibes અને VIBOS :** યુવાનોના આર્થિક સશક્તિકરણ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. યુવા સંગઠન માત્ર સામાજિક કે ધાર્મિક કાર્યો પૂરતું સીમિત નથી, તે યુવાનોના આર્થિક ઉત્થાન માટે પણ એટલું જ ચિંતિત છે. આ ચિંતનમાંથી જન્મ થયો

છે VIBES એટલે કે વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રિન્યોર એન્ડ સોશિયલ નેટવર્ક અને VIBOS એટલ કે વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન એન્ડ સોશિયલ નેટવર્ક. આ માધ્યમથી વિવિધ ક્ષેત્રના યુવા ઉદ્યોગ સાહસિકો સંસ્થાના પ્લેટફોર્મ ઉપર દર પંદર દિવસે વિવિધ ગ્રુપોમાં મીટિંગ કરે છે અને પરસ્પરના નેટવર્કના માધ્યમથી કરોડોના વ્યાપાર કરે છે અને સાથે સાથે સામાજિક દાયિત્વના ભાગરૂપે સામાજિક પ્રવૃત્તિઓમાં કાર્ય કરે છે અને એટલે જ વિશ્વમાં પ્રથમવાર આ પ્રકારનો વિચાર અને તેનો અમલ મા ઉમિયાના મંદિરના માધ્યમ થકી અમલમાં મૂકેલ છે. વિશ્વમાં આ પ્રકારના અનેક નેટવર્ક છે, પરંતુ તેઓ માત્ર વ્યવસાયિક નેટવર્ક ધરાવે છે. જ્યારે Vibes અને VIBOSનું નેટવર્ક વ્યવસાય સાથે સામાજિક દાયિત્વનું પણ નેટવર્ક છે. જેમાં ૮૦૦ થી પણ વધારે યુવા ઉદ્યોગ સાહસિકો જોડાયા છે.

**વિશ્વ ઉમિયા બિઝનેસ નેટવર્ક -** VBN : VBN - એક એવું બિઝનેસનું પ્લેટફોર્મ છે કે જ્યાં વિશ્વભરમાં વ્યવસાય કરતાં યુવાનો એપ્લિકેશનના માધ્યમથી જોડાઈને દેશ-વિદેશમાં પોતાના વ્યવસાયનું બ્રાન્ડીંગ અને માર્કેટિંગ કરી શકે છે. જેના અનુસંધાને ડિસેમ્બર ૨૦૨૭ માં વિશ્વ ઉમિયા બિઝનેસ એપ્લિકેશનનું લોન્ચિંગ ૨૫,૦૦૦ થી વધુ યુવાનોની ભવ્ય જનમેદની વચ્ચે દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદહસ્તે - કરવામાં આવ્યું હતું, જે યુવા સંગઠન દ્વારા આયોજીત યુવા બિઝનેસ મહાસંમેલન યુવાનોની સંગઠિત શક્તિનું ઉત્તમ ઉદાહરણ હતું. ડિજિટલ ઇન્ડિયાના સપનાને સાકાર કરતી આ એપ યુવાનોને ગામથી ગ્લોબલ સુધી જોડવાની અસીમ તકો પૂરી પાડે છે. જેથી તેઓ નોકરી શોધનારા નહીં, પણ નોકરી આપનારા બને.

**મેટ્રિમોનિયલ સેવા :** યુવાનો અને યુવતીઓ યોગ્ય જીવનસાથીની પસંદગી કરી શકે અને સામાજિક - વ્યવાસયિક પ્રવૃત્તિઓમાં જોડાઈને પોતાની જીંદગી શરૂ કરી શકે તે માટે આસ્થાના કેન્દ્રસમા મા ઉમિયાના મંદિરના માધ્યમ થકી યુવાનોના સહયોગથી મેટ્રી મોનિયલ સેવાની પ્રવૃત્તિ વિશ્વ ઉમિયાધામમાં થઈ રહેલ છે. સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મેટ્રિમોનિયલ સર્વિસ પણ એક મહત્વપૂર્ણ પ્રવૃત્તિ છે. યોગ્ય જીવનસાથીની પસંદગી જીવનનો મહત્વપૂર્ણ નિર્ણય છે.

**ઉમા લગ્ન સંસ્કાર :** સંસ્થાની મેટ્રીમોનિયલની સેવા દ્વારા પસંદ કરેલ જીવનસાથી સાથે લગ્નગ્રંથિથી જોડાવા સંસ્થા દ્વારા રાહત દરે ઉમા લગ્ન સંસ્કાર યોજના ચાલી રહેલ છે. જેમાં કોઈપણ સનાતની યુવા - યુવતીઓના લગ્ન રાહત દરે કરી આપવામાં આવે છે. એટલે કે મંદિરનું માધ્યમ સામાજિક સેવાનું પ્લેટફોર્મ બને તેવી વિચારધારા સાથે સંસ્થા યુવાનોને સાથે રાખીને કાર્ય કરી રહી છે.

**ડાયમંડ લીડરશીપ યોજના :** વિશ્વ ઉમિયાધામનું સૌથી મહત્વપૂર્ણ અભિયાન છે. જગતજનની મા ઉમિયાનું વિશ્વનું ઊંચામાં ઊંચું (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણ. આ મંદિર સનાતન ધર્મની આસ્થા, સંસ્કૃતિ અને વૈશ્વિક એકતાનું કેન્દ્ર બનવાનું છે. સનાતન ધર્મની ધ્વજાને વૈશ્વિક સ્તરે લહેરાવવાનો એક ભગીરથ પ્રયાસ છે, ત્યારે આ ભગીરથ કાર્યમાં યુવા શક્તિ વધુમાં વધુ જોડાય તે માટે સંસ્થાએ ડાયમંડ લીડરશીપનો કોન્સેપ્ટ અમલમાં મૂક્યો છે, જેમાં યુવા શક્તિ પોતાનામાં રહેલી ક્ષમતાઓનો, પોતાના નેટવર્કનો, વ્યવસાયિક વિશ્વાસનો અને પોતાના નેતૃત્વનો સંપૂર્ણ ઉપયોગ કરીને સંસ્થામાં ૧ કરોડથી વધારે દાન લાવીને આપે તો તેને ડાયમંડ લીડર તરીકે સન્માનિત કરી સંસ્થાના લીડર તરીકેની જવાબદારી આપવામાં આવે છે. આ યોજનાથી યુવાનો અને યુવતીઓ 'ડાયમંડ લીડર' તરીકે જોડાઈને નવા દાતાઓને આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાનમાં જોડી રહ્યા છે.

**સંસ્કૃતિ સાથે જોડાયેલી પેઢી :** આધુનિક યુગમાં વૈશ્વિક સંસ્કૃતિના પ્રભાવ વચ્ચે પોતાની પરંપરા, સંસ્કાર અને મૂળ સાથે જોડાયેલા રહેવું એક મોટો પડકાર છે. વિશ્વ ઉમિયાધામના યુવાનો આ પડકારને સ્વીકારીને ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાના સંરક્ષણ માટે કાર્ય કરી રહ્યા છે. સંસ્થા દ્વારા નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન તેનું ઉત્તમ ઉદાહરણ છે. હજારો ખેલૈયાઓ મા શક્તિની આરાધના પરંપરાગત ગરબા દ્વારા કરે છે, તેનાથી સિદ્ધ થાય છે કે આ મહોત્સવ માત્ર મનોરંજન નથી.

**નારી શક્તિ અને રક્ષા-દીક્ષા મહોત્સવ :** જ્યાં સુધી નારી સશક્ત ન થાય ત્યાં સુધી સમાજ કે રાષ્ટ્ર શક્તિશાળી બની શકતું નથી. વિશ્વ ઉમિયાધામનું યુવા મહિલા સંગઠન દીકરીઓને આત્મનિર્ભર, નીડર અને સુરક્ષિત બનાવવા માટે અભૂતપૂર્વ કાર્ય કરી રહ્યું છે. ગત વર્ષે ભુજ ખાતે ૨૫,૦૦૦ થી વધારે યુવા મહિલાઓ માટે **"રક્ષા-દીક્ષા મહોત્સવ"**નું અદ્ભુત આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજની દીકરીઓની સુરક્ષા માટે વિશ્વ ઉમિયાધામ તેમની પડખે રહેશે તેવો વિશ્વાસ આપતાં ઉપસ્થિત દિકરીઓને એવો અહેસાસ થયો કે હવે કોઈપણ વિપરિત પરિસ્થિતિમાં અમારી પડખે વિશ્વ ઉમિયાધામ છે.

**નિષ્કર્ષ :** મા ઉમિયાનું ભવ્ય મંદિર માત્ર આસ્થાનું કેન્દ્ર નહીં પરંતુ સામાજિક એકતાનું અને સનાતની શક્તિનું કેન્દ્ર બને તેવી વિચારધારા સાથે સંસ્થાએ પ્રજ્વલિત કરેલી જ્યોત આજે યુવા શક્તિની જ્વાળા બની ચૂકી છે. વિશ્વ ઉમિયાધામનું યુવા નેતૃત્વ દેશ અને દુનિયાની તમામ સામાજિક-ધાર્મિક સંસ્થાઓ માટે એક રોલ મોડેલ બની ગયું છે. સેવા - સંસ્કાર અને સમર્પણની ભાવના સાથે યુવાશક્તિ વિશ્વ ઉમિયાધામમાં આધ્યાત્મિક ચેતનાના આધાર પર સામાજિક અને રાષ્ટ્ર ચેતનાના અભિયાનમાં તન - મન અને ધનથી જોડાઈ ચૂકી છે. જેનું ગૌરવ વિશ્વ ઉમિયાધામનો સમગ્ર પરિવાર અનુભવે છે.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક, શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

# વેદોનો દિવ્ય સંદેશ

**भद्रमिच्छन्त ऋषयः स्वर्विदस्तपो दीक्षामुपनिषेदुरग्रे ।**
**ततो राष्ट्रं बलमोजश्च जातं तदस्मै देवा उपसंमन्तु ॥** (અથર્વવેદ ૧૯/૪૧/૧)

**ભાવાર્થ :** આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર પુરુષને પહેલાં તપની દીક્ષા આપવામાં આવે છે. એનાથી શરીરબળ, મનોબળ, પદ, પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે.

**સંદેશ :** સંસારના બધા જ મહાપુરુષોએ તપ કરવા પર વધુ ભાર મૂક્યો છે. જીવનમાં વધારે ને વધારે સુખ તથા આનંદ મેળવવા માટે તપ જરૂરી છે, પરંતુ તપ એટલે શું ? આજકાલ તપના નામે પાખંડનું જોર ખૂબ વધી ગયું છે. આપણા શરીરને જાતજાતનાં કષ્ટ આપવાં એનું નામ તપ નથી. તપનો અર્થ છે - ધર્મ, સત્ય અને ન્યાયના માર્ગે ચાલતા રહીને જે વિઘ્નો, અવરોધો અને કષ્ટો સામે આવે તેમને સહન કરતા રહીને આગળ વધતા જવું. તપનો અર્થ છે ભૂખ-તરસ, ગરમી-ઠંડી, સુખદુઃખ, હર્ષશોક, માન-અપમાન વગેરે પ્રત્યે સમભાવ રાખીને તેમને સહન કરવાં. તપનો અર્થ છે. ભોજન, વસ્ત્ર, વ્યાયામ, વિશ્રામ, સ્વાધ્યાય વગેરે બાબતોમાં જરૂરિયાત પ્રમાણે અનુકૂળ આચરણ કરવું કે જેના દ્વારા શરીર પૂર્ણ રીતે સ્વસ્થ રહે.

ગીતામાં બતાવ્યા અનુસાર તપ ત્રણ પ્રકારનાં છે - શારીરિક તપ, વાણીનું તપ અને માનસિક તપ, શરીર દ્વારા આપણે ગુરુ, બ્રાહ્મણ, વિદ્વાન વગેરેનું પૂજન કરીએ, નમ્ર અને વિવેકી બનીએ, પવિત્ર અને સ્વચ્છ રહીએ, આંખ, કાન, હાથ, પગ, જીભ વગેરે ઈન્દ્રિયોને વશમાં રાખીએ, કોઈપણ પ્રાણીને દુઃખી ન કરીએ. આ છે શરીરનું તપ. માણસને આપણે બીજાઓને કષ્ટ પહોંચાડે



તેવી દુઃખદાયક વાણી કદી પણ ન બોલીએ. સદાય સત્ય બોલીએ, પરંતુ કડવું સત્ય ન બોલીએ, પ્રિય બોલીએ તથા મીઠી વાણી બોલીએ. આ છે વાણીનું તપ. ઉત્તમ ગ્રંથોનું અધ્યયન અને ચિંતનમનન કરીએ. મનથી આપણે પ્રસન્ન રહીએ, શાંત રહીએ, મૌન રહીએ, મનને કાબુમાં રાખવા પ્રયત્ન કરીએ અને અંતઃકરણને પવિત્ર રાખીએ. એને કહેવાય છે માનસિક તપ.

મનુષ્યનો ક્ષુદ્ર સ્વાર્થ આ ઉચ્ચ ભાવનાઓનો વિરોધ કરે છે, તેથી જ આપણા ઋષિમુનિઓને મનુષ્યમાં આ ભાવનાને જગાડવા માટે અપાર કષ્ટો વેઠવાં પડ્યાં છે અને કઠોરમાં કઠોર તપસ્યાઓ કરવી પડી છે, પરંતુ તેમણે દૃઢ સંકલ્પના મહાવ્રતને ધારણ કર્યું હતું અને દીક્ષા લીધી હતી. એમ જ માની લો કે ઋષિમુનિઓએ આ હેતુને પાર પાડવા માટે જ જન્મ ધારણ કર્યો હતો, તેથી જ તેમણે પોતાનું વ્રત પૂરું કરી લીધું હતું. તેમને પોતાનો વ્યક્તિગત કોઈ જ સ્વાર્થ ન હતો. માત્ર લોકકલ્યાણ માટે જ તેમણે તપ કર્યું હતું.

મોટા ભાગના લોકોને એવો ભ્રમ હોય છે કે તપશ્ચર્યા માત્ર ઘનઘોર જંગલોમાં જ થઈ શકે છે, જેમાં ભૂખ્યાતરસ્યા બેસી રહીને શરીરને બિલકુલ સૂકવી નાખવામાં આવે, પરંતુ આ વિચાર સંપૂર્ણ ખોટો અને પાયા વગરનો છે. હકીકત તો એ છે કે આ સંસારમાં રહીને જ વિકટ પરિસ્થિતિઓ સામે લડતા રહેવું એ જ સાચી તપસ્યા છે. તેનાથી શરીર, મન અને આત્માની શક્તિ વધે છે.

તપનો વાસ્તવિક અર્થ એ જ છે કે મનુષ્ય પોતાનો વ્યક્તિગત સ્વાર્થ છોડી દે અને બધા લોકો એકબીજાનું ભલું ઈચ્છતા થાય તથા તેમનામાં સામૂહિક હિતની ભાવના ઉત્પન્ન થાય. બધા મનુષ્યોમાં ઉત્પન્ન થતી ભાવનાની મૂર્તિ જ રાષ્ટ્ર છે. આવા તપસ્વી નાગરિકોની તપશક્તિ જ રાષ્ટ્રને બળવાન અને તેજસ્વી બનાવી શકે છે. ભગીરથ જેવા મહાન ઋષિઓના તપના પ્રભાવથી જ આપણું રાષ્ટ્ર 'સ્વર્ગાદપિ ગરીયસી' કહેવાયું અને વિશ્વમાં 'સોનેકી ચીડિયા'ના યશસ્વી નામથી વિભૂષિત બન્યું. સમાજ અને રાષ્ટ્રના હિત માટે આપણું સર્વસ્વ ત્યાગી દેવું એનું નામ તપ છે. આપણે પણ તપના સાચા અર્થને સમજીને તેને દૈનિક જીવનમાં ઉતારીશું તો ચોક્કસ પ્રગતિના શિખરે બિરાજમાન થઈ શકીશું. ■

ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક ઉમાસૃષ્ટિના મેનેજીંગ એડીટર તથા પૂર્વ તંત્રી,
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ

**પૂર્વકથા :** શ્રી રામજી, લક્ષ્મણ અને સીતાજી વનમાં જવા તૈયાર થઈને છેલ્લે રાજાને મળવા જાય છે, ત્યારે કૈકેયી કહે છે, હે રઘુવીર! રાજાને તમે પ્રાણસમાન પ્રિય છો, તેઓ તમને વનમાં જવાનું ક્યારેય નહિ કહે. હવે તમને ઠીક લાગે તે કહો.

**હવે આગળ :**

लोग बिकल मुरुछित नरनाहू ।
काह करिअ कछु सूझ न काहू ॥

રાજા મૂર્છિત થઈ ગયા. કોઈને કશું સૂઝતું નથી. શ્રી રામજી તરત જ મુનિનો વેશ બનાવીને શીશ નમાવી ચાલી નીકળ્યા. શ્રી સીતાજી અને લક્ષ્મણજી સહિત શ્રી રામચંદ્રજી બ્રાહ્મણ અને ગુરુનાં ચરણોની વંદના કરીને ચાલ્યા. શ્રી રામજી રાજ મહેલથી નીકળી વસિષ્ઠજીના દરવાજે જઈ ઉભા રહ્યાં.

गुरु सन कहि बरषासन दीन्हे ।
आदर दान बिनय बस कीन्हे ॥

ગુરુજીએ પ્રિય વચનો કહી સર્વને સમજાવ્યા. પછી રામચંદ્રજીએ બ્રાહ્મણોને બોલાવી આદર આપી, દાન તથા વિનયથી પ્રણામ કર્યાં. પછી દાસ-દાસીઓને બોલાવી તેમને ગુરુજીને સોંપી હાથ જોડી બોલ્યા, હે ગોસાઈ ! સૌની સાર સંભાળ રાખજો. સૌને માતા પિતાની જેમ રાખજો.

बारहिं बार जोरि जुग पानी ।
कहत रामु सब सन मृदु बानी ॥

શ્રી રામચંદ્રજી વારંવાર બંને હાથ જોડીને કોમળ વાણીમાં કહે છે. સર્વ પ્રકારે હિતકારી તે જ છે, જેની ચેષ્ટાથી પિતાશ્રી સુખી રહે. હે ચતુર સજ્જનો ! આપ લોકો એવો જ ઉપાય કરશો, જેથી મારી સર્વે માતાઓ મારા વિરહના દુઃખથી વ્યાકુળ ન થાય.

एहि बिधि राम सबहि समुझावा ।
गुर पद पदुम हरषि सिरु नावा ॥

આ રીતે શ્રી રામજીએ સર્વેને સમજાવ્યા અને પછી હરખાઈને ગુરુજીના ચરણમાં માથું નમાવી આશીર્વાદ પામીને શ્રી રઘુનાથજી ચાલ્યા. શ્રી રામજીના ચાલતાં જ ઘણો વિષાદ થયો. અયોધ્યામાં અત્યંત શોક છવાઈ ગયો. અને દેવલોકમાં બધા હર્ષ અને વિષાદ બંનેના વશમાં થઈ ગયા. હર્ષ એ વાતનો કે હવે રાક્ષસોનો નાશ થશે અને વિષાદ અયોધ્યાવાસીઓના શોકને કારણે થયો.

गइ मुरुछा तब भूपति जागे ।
बोलि सुमंत्रु कहन अस लागे ॥

મૂર્છા દૂર થઈ ત્યારે રાજા જાગ્યા. સુમંતને બોલાવીને કહેવા લાગ્યા. શ્રી રામવનમાં ચાલ્યા ગયા. પણ મારા પ્રાણ નથી જઈ રહ્યા. આનાથી અધિક બીજી કઈ વ્યથા હશે ? સુમંત બંને કુમારોને અને જાનકીને રથમાં ચઢાવી, વનમાં જઈ ચાર દિવસમાં પરત ફરજો. તમે સીતાજીને તો લઈ પાછા ફરશો. નહીં તો અંતે મારુ મરણ થશે.



तब सुमंत्र नृप बचन सुनाए ।
करि बिनती रथ रामु चढाए ॥

પછી સુમંત રાજાની આજ્ઞા પામીને રથ જોડાવી નગરની બહાર બંને ભાઈ અને સીતાજી સહિત ગયા. શ્રી રામચંદ્રજીને જાતા જોઈને અયોધ્યાને અનાથ જોઈને લોકો વ્યાકુળ થઈને રથની સાથે ચાલવા લાગ્યા. શ્રી રામજી ઘણા સમજાવે, પરંતુ પ્રેમવશ બધા રામજીની સાથે ચાલી નીકળે છે.

सबहिं बिचारु कीन्ह मन माहीं ।
राम लखन सिय बिनु सुखु नाहीं ॥

બધા મનમાં વિચારે છે કે રામ-લક્ષ્મણ-સીતાજી વિના અહીં સુખ નથી. જ્યાં રામજી જશે ત્યાં આખો સમાજ રહેશે. શ્રી રામચંદ્ર વિના અયોધ્યામાં આપણા લોકોનું કંઈ કામ નથી. આવો દઢ વિચાર કરીને સુખોથીપૂર્ણ ઘરો છોડીને બધા શ્રી રામજીની સાથે ચાલી નીકળ્યા.

(ક્રમશઃ આવતા અંકમાં)



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# શ્રી રામજીની બાળલીલા

શ્યામ અને ગૌરવર્ણની બે જોડી છે. શ્રીરામ શ્યામ છે અને લક્ષ્મણજી ગૌર છે. ભરતજી શ્યામ છે અને શત્રુઘ્નજી ગૌર છે. બાળપણથી જ લક્ષ્મણજીએ શ્રીરામચંદ્રજીને પોતાના પરમ હિતૈષી સ્વામી જાણીને તેમનાં ચરણોમાં પ્રીતિ જોડી દીધી છે. ભરતજી અને શત્રુનજી વચ્ચે પણ સ્વામી-સેવકની પ્રીતિ બની ગઈ છે. આમ લક્ષ્મણજી ભગવાન શ્રીરામને અનુસરે છે અને શત્રુઘ્નજી ભરતજીને અનુસરે છે.

આ બંને જોડીને જોઈને માતાઓ અતિ હર્ષ અનુભવે છે અને તણખલું તોડે છે, જેથી કોઈની નજર ન લાગે. તેમના ચારેય પુત્રો રૂપ, ગુણ અને શીલના ધામ છે. પ્રભુ રામ તો સાક્ષાત્ પરમેશ્વર છે. તેમના વિશે તો બધા જ શબ્દો અધૂરા પડે છે. ત્રણેય ભાઈઓ પણ તેમના જ અંશો છે. ભરતજી પણ પ્રભુની લીલા માટે પ્રભુના અંશથી પ્રગટ થયા છે અને તદ્નુસાર તેઓ પણ રૂપ, ગુણ અને શીલના ધામ છે.

ચારેય ભાઈઓ થોડા મોટા થયા એટલે ચૂડાકર્મનો પ્રસંગ આવ્યો. ચૂડાકર્મવિધિ એટલે બાળમોવાળા ઉતરાવવાનો વિધિ. તે વખતે ગુરુમહારાજ વસિષ્ઠજીએ ચારેય ભાઈઓનો વિધિવત્ ચૂડાકર્મ-સંસ્કારવિધિ કરાવ્યો. તદ્નુસાર ભગવાન શ્રીરામની સાથે ભરત આદિ ત્રણેય ભાઈઓનો પણ ચૂડાકર્મ- સંસ્કારવિધિ સંપન્ન થયો. બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપવામાં આવી, બ્રહ્મભોજન થયું અને સ્નેહીજનોને માટે સ્નેહભોજન પણ થયું.

પ્રારંભથી જ એવી પરંપરા રહી છે કે ચારેય ભાઈઓના વિવિધ સંસ્કારો સાથે જ થાય છે. તદ્નુસાર ભગવાન શ્રીરામ સાથે શ્રીરામાનુજ ભરતજીની પણ સંસ્કારવિધિ થાય છે. ચારેય રાજકુમારો ઘણાં જ મનોહર બાળચરિત્રો કરી રહ્યા છે. ચારેય રાજકુમારોનાં બાળચરિત્રો જોઈને મહારાજ દશરથજી અને ત્રણેય માતાઓ અપાર આનંદ પામી રહ્યાં છે. આ આનંદમાં અયોધ્યાવાસીઓ પણ સામેલ હોય છે. હવે પ્રભુ રામ આદિ ચારેય ભાઈઓ કુમારાવસ્થામાં પહોંચ્યા છે. હવે ઉપનયન-સંસ્કારનો સમય આવ્યો છે.

### ઉપનયન-સંસ્કાર શું છે ?

ભારતની પ્રાચીન પરંપરા એવી છે કે બ્રાહ્મણ બાળક આઠ વર્ષનો થાય, ક્ષત્રિય બાળક દશ વર્ષનો થાય અને વૈશ્ય બાળક બાર વર્ષનો થાય એટલે તેનો ઉપનયન-સંસ્કાર થાય છે.

૧. ઉપનયન-સંસ્કારમાં ત્રણ ઘટનાઓ પ્રધાન છેઃ બાળક કે જે હવે કુમાર ગણાય છે તે ગુરુ પાસેથી 'ગાયત્રીમંત્ર' પ્રાપ્ત કરે છે. ૨. બાળકને યજ્ઞોપવીત (જનોઈ) આપવામાં આવે છે. ૩. બાળક ગુરુગૃહે વિદ્યાભ્યાસ માટે જાય છે.

ગુરુગૃહે દીર્ઘકાળપર્યંત રહીને વિદ્યાર્થી વિદ્યા ગ્રહણ કરે છે અને પછી ગુરુ તેનો સમાવર્તન-સંસ્કાર કરે છે. વિદ્યાભ્યાસ પરિપૂર્ણ કરીને બ્રહ્મચારી ગુરુગૃહેથી પિતૃગૃહે પરત આવે, તે માટે જે વિધિ થાય તેને સમાવર્તન-સંસ્કાર કહેવામાં આવે છે. આમ ઉપનયન-સંસ્કારથી વિદ્યાભ્યાસનો પ્રારંભ થાય છે અને વિદ્યાભ્યાસ પરિપૂર્ણ થાય ત્યારે સમાવર્તન- સંસ્કાર થાય છે. ભગવાન શ્રીરામ, ભરતજી, લક્ષ્મણજી અને શત્રુઘ્નજી આ ચારેય ભાઈઓના ઉપનયન-સંસ્કાર થાય છે. ચારેય ભાઈઓ ગાયત્રીમંત્ર ગ્રહણ કરે છે, યજ્ઞોપવીત ધારણ કરે છે અને હવે ગુરુદેવ વસિષ્ઠ મહારાજને ઘેર વિદ્યાભ્યાસ કરવા માટે જાય છે.

જુઓ ! ભગવાન શ્રીરામ તો ભગવાન છે અને અન્ય ત્રણ ભાઈઓ ભગવાનના પાર્ષદો અને રાજકુમારો છે, છતાં ચારેય ભાઈઓ વિદ્યાભ્યાસ માટે ગુરુગૃહે જાય છે અને જુઓ ! રાજકુમારોને ભણાવવા માટે મહારાજ દશરથ વસિષ્ઠ મહારાજને પોતાના મહેલમાં બોલાવતા નથી. ભગવાન સાથે સૌ ભાઈઓ વિદ્યાગ્રહણ માટે ગુરુને ઘેર જાય છે. આ પ્રાચીન ભારતની પરંપરા છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ વિદ્યાગ્રહણ માટે ઉજ્જૈનમાં મહર્ષિ સાંદીપનિજીના આશ્રમે જાય છે અને ત્યાં રહીને વિદ્યા ગ્રહણ કરે છે. આ ભારતની આર્ય પરંપરા છે. વિદ્યાગ્રહણ કરવા માટે આપણે ગુરુ પાસે જવું જોઈએ. ગુરુને બોલાવી ન શકાય !

गुरुगृहँ गए पढन रघुराइ । अलपकाल विद्या सब आई ॥

બાલકાંડ, ૨૦૪-૪

"રઘુનાથ (અને સૌ ભાઈઓ) ગુરુને ઘેર વિદ્યાગ્રહણ કરવા જાય છે અને અલ્પકાળમાં તેમણે બધી વિદ્યાઓ પ્રાપ્ત કરી લીધી.''

સર્વ વિદ્યાઓ એટલે કઈ-કઈ વિદ્યાઓ ? તે યુગમાં ઉપલબ્ધ હતી તે સર્વ વિદ્યાઓનું અહીં કથન છે. તે યુગમાં કઈ-કઈ વિદ્યાઓ ઉપલબ્ધ હતી? ચાર વેદ, છ વેદાંગ, ષડ્દર્શન, ધર્મશાસ્ત્ર, યોગવિદ્યા, ઉપનિષદવિદ્યા, યજ્ઞવિદ્યા, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ આદિ વિદ્યાઓ ગ્રહણ કરી તેમ સમજવું જોઈએ. ક્ષત્રિયનાં સંતાનો છે, એટલે શસ્ત્રવિદ્યા પણ ગ્રહણ કરી જ હોય.

# ધર્મ સૃષ્ટિ

ચારેય વેદ જેમના સ્વાભાવિક શ્વાસ છે તે ભગવાન અને તેમના પાર્ષદો ભાઈઓ વિદ્યાગ્રહણ કરવા ગુરુગૃહે જાય છે અને વિદ્યા પ્રાપ્ત કરે છે. આ એક મોટું કૌતુક છે. હા, કૌતુક છે. જીવન અને અસ્તિત્વ એક કૌતુક છે અને અવતાર પણ એક રહસ્યપૂર્ણ કૌતુક છે, તો તેમની અને તેમના પાર્ષદોની લીલામાં પણ કૌતુક હોય તે સ્વાભાવિક જ છે.

હવે એક નવી લીલાનું કથન છે

बंधु सरवा सँग लेहि लोबाई । बन मृगया नित खेलहिं जाई ॥

पावन मृग मारहिं जियँ जानी । दिन प्रति नृपहि देखावहिं आनी ॥

વાતાંડ, ૨૦૫ - ૨-૨

શ્રીરામચંદ્રજી ભાઈઓ અને ઈષ્ટ મિત્રોને સાથે લઈ જાય છે અને નિત્ય વનમાં જઈને શિકાર ખેલે છે. મનમાં પવિત્ર જાણીને મૃગોને મારે છે અને પ્રતિદિન લાવીને રાજા દશરથજીને બતાવે છે. અહીં થોડું વિચારવાનું છે. કેટલાક ભક્તો શિકારની આ લીલાને સમજી- સ્વીકારી શકતા નથી. તેમને આ ઘટના અજુગતી લાગે છે. શ્રીરામ નિર્દોષ મૃગોને મારે ? શા માટે મારે ? આ ભક્તો પ્રભુની આ શિકારલીલાને સ્વીકારી શકતા નથી અને કેટલાક વળી આ લીલાના અવનવા અર્થો બેસાડે છે.

વસ્તુતઃ આ લીલામાં કાંઈ અજુગતું નથી અને કોઈ અન્ય અવનવા અર્થો ગોતી કાઢવાની પણ જરૂર નથી. તે કાળમાં અને ગઈ કાલ સુધી ક્ષત્રિયો શિકાર ખેલતા અને તેમાં કાંઈ ખોટું કે અજુગતું ગણાતું પણ નહિ. ભગવાન શ્રીરામ આદિ ચારેય ભાઈઓ ક્ષત્રિયોનાં સંતાનો છે. તદ્દનુસાર ભરતજી પણ ક્ષત્રિય સંતાન અને શિકારલીલામાં ભગવાન શ્રીરામની સાથે જાય છે.

સીતાજીના હરણના પ્રસંગે પ્રભુ રામ સીતાજીના કહેવાથી કાંચનમૃગને મારવા માટે ગયા હતા. મહારાજ દશરથજી શિકાર ખેલવા ગયા હતા અને ભૂલથી શ્રવણનો વધ થયો હતો. આમ આ શિકારલીલા માટે અન્ય કોઈ અવનવા ખુલાસાઓ શોધવાની જરૂર પણ નથી. એટલું જ નહિ, પણ ચારેય ભાઈઓ આ મારેલા મૃગોને લાવીને મહારાજ દશરથજીને બતાવે છે. પછી તુલસીદાસજી તરત જ લખે છે :

जे मृग रामबानके मारे । ते तनु तजि सुरलोक सिधारे ॥

"જે મૃગો શ્રીરામજીના બાણથી મરતાં હતાં, તે સર્વ દેહ છોડીને દેવલોક ચાલ્યાં જતાં હતાં."

આમ શ્રીરામ(અને ભરત આદિ ભાઈઓ)ના બાણથી મરવું એ તો પરમ સદ્ભાગ્ય ગણાય !

ભગવાન શ્રીરામ પોતાના નાના ભાઈઓ સાથે અને સખાઓ સાથે ભોજન કરે છે અને સૌ માતાપિતાની આજ્ઞાનું પાલન કરે છે. સૌ ભાઈઓ નગરજનો સુખી થાય તેવી લીલાઓ કરે છે. સૌ આનંદપૂર્વક વેદ-પુરાણ સાંભળે છે અને પછી પોતે ભરત આદિ નાના ભાઈઓને સમજાવીને કહે છે. ચારેય ભાઈઓ પ્રાતઃકાળે ઊઠીને માતાપિતા અને ગુરુમહારાજનાં ચરણોમાં શીશ નમાવે છે. માતાપિતાની આજ્ઞા લઈને તેઓ સૌ નગરનું કામ કરે છે. ચારેય ભાઈઓનાં ચરિત્ર જોઈને મહારાજ દશરથ અને માતાઓ ખૂબ પ્રસન્ન રહે છે. આવી છે પ્રભુ રામ અને તેમના સૌ બંધુઓની અલૌકિક લીલા !

ભગવાન શ્રીરામના હૃદયમાં ભાઈ ભરત પ્રત્યે અપરંપાર પ્રીતિ છે. ભરતજીના હૃદયમાં પ્રભુ રામ પ્રત્યે અપરંપાર ભક્તિ છે. શ્રીરામ અને ભરતજીનો પ્રેમસંબંધ એક વિરલ સંબંધ છે. ભરતજી પોતે જ કહે છે :

मैं जानउँ निज नाथ सुभाऊ । अपराधीहु पर कोह न काऊ ॥

मो पर कृपा सनेहु बिसेषी । खेलत खुनिस न कबहूँ देखी ॥

सिसुपन तें परिहरेउँ न संगू । कबहुँ न कीन्ह मोर मन भंगू ॥

मै प्रभु कृपा रीति जियँ जोही । हारेहुँ खेल जितावहिं मोही ॥

અ.કાં, ૨૬૦-૫-૬-૭-૮

"હું મારા સ્વામી (શ્રીરામજી)નો સ્વભાવ જાણું છું. તેઓ અપરાધી પર પણ ક્યારેય ક્રોધ નથી કરતા. મારા ઉપર તો તેમનાં વિશેષ કૃપા અને સ્નેહ છે. મેં ખેલમાં પણ ક્યારેય તેમની રીસ (અપ્રસન્નતા) જોઈ નથી.'

મેં નાનપણથી જ તેમનો સાથ છોડ્યો નથી અને તેમણેય મારા મનને ક્યારેય તોડ્યું નથી (મનને પ્રતિકૂળ કાર્ય કર્યું નથી). મેં પ્રભુની કૃપાની રીતિ હૃદયમાં સારી રીતે જોઈ છે. મારા હારવા છતાં પણ રમતમાં પ્રભુ મને જિતાડતા રહ્યા છે. પ્રભુ રામના મનમાં ભરતજી પ્રત્યે એવો ભ્રાતૃભાવ - પ્રેમ છે કે રમતમાં પણ ભરતજીને તેઓ કદી હરાવતા નથી. પોતે જીતી શકે તેમ હોવા છતાં પ્રભુ રામ પોતાની હાર પસંદ કરે છે ! ભરતજી પ્રભુ રામના એવા પ્રેમી હતા, જે સર્વ રીતે પરિપૂર્ણ હતા. ભરતજીનું સંપૂર્ણ વ્યક્તિત્વ રામમય હતું. ભરતજીનાં ચાહ, ચિંતન, હલનચલન આદિ સર્વ શ્રીરામપ્રેમોલ્લાસિત હતાં.

ભગવાનના ભક્ત પ્રત્યેક રીતે ભગવાનની સાથે જ રહેવા ઈચ્છે છે અને સદૈવ ભગવાનના જ પક્ષે રહેવા ઈચ્છે છે, પરંતુ ભરતજી પ્રભુ રામના એવા ભક્ત છે કે જે પ્રભુ રામની પ્રસન્નતા માટે પ્રભુ રામથી અલગ પણ રહેવા તૈયાર થાય છે અને ભલે રમતમાં પણ પ્રભુ રામની સામે રહેવા તૈયાર થાય છે. ભરતજીને એવો સંતોષ પ્રાપ્ત થાય છે, પ્રભુ રામ પ્રસન્ન રહે તેમ

# ધર્મ સૃષ્ટિ

જીવવું અને તેમ રહેવું. તે માટે વિયોગ અને વિરોધ બંનેને ભરતજી સ્વીકારી લે છે.

એક વાર ચારેય ભાઈઓ ઘોડેસવાર થઈને સરયૂના પાવન, સુરમ્ય અને વિશાળ તટ પર જાય છે. સૌએ સાથે મળીને એવી યોજના બનાવી કે સૌ સાથે મળીને કંદુકક્રીડા (દડાની રમત) નામની રમત રમીએ. ચાર ભાઈઓ છે. બીજા પણ ઘણા બાલસખાઓ છે. રમતની તૈયારી થઈ રહી છે. આજે અંતરીક્ષમાં દેવો પણ વિમાનો લઈને પ્રભુ રામની રમત જોવા પધાર્યા છે. રમત માટે બે ટુકડીઓ બનાવવી જોઈએ. બંને ટુકડીના નાયક પણ નિયુક્ત થવા જોઈએ. આ કાર્ય સરળ નથી. બંને ટુકડીઓમાં સબળ, નિર્બળ, ચતુર આદિ સમાન હોવા જોઈએ. બંને ટુકડીઓ મહદ્‌અંશે સમાન કક્ષાની હોવી જોઈએ. તો જ રમત જામે અને તો જ રમતનો આનંદ લઈ શકાય. હવે પ્રશ્ન એ છે કે આ બે ટુકડી બનાવવી કેવી રીતે?

પહેલી સમસ્યા એ હતી કે સૌ કોઈ પ્રભુ રામની સાથે રહેવા ઇચ્છતા હતા. આમ જ બને તો બે ટુકડી બને કેવી રીતે? અને ટુકડી બનાવ્યા વિના કંદુકક્રીડા થાય કેવી રીતે? પ્રભુ રામ તો આજે કંદુકક્રીડાનો આનંદ લેવા માટે જ આવ્યા છે. સૌ એમ જ ઇચ્છે છે કે પ્રભુ રામ કંદુકક્રીડાનો આનંદ માણે. સૌ કોઈ પ્રભુ રામની ટુકડીમાં રહેવા ઇચ્છે છે. આમ થવાનાં બે કારણો છે :

૧. વિજય તો પ્રભુ રામનો જ થશે એમ સૌને લાગે છે અને સૌ વિજયી ટુકડીમાં સામેલ થવા ઇચ્છે તે સ્વાભાવિક જ છે.

૨. પ્રભુ રામની સામે રમતાં સૌને સંકોચ થાય છે. પ્રભુ રામની સામેની ટુકડીમાં, ભલે રમતમાં પણ વિરોધમાં રહેવામાં સંકોચ થાય છે, તેથી સામેની ટુકડી બનતી નથી.

હવે પહેલો પ્રશ્ન એ છે કે એક ટુકડીના નાયક તો રામ બનશે, પરંતુ સામેની ટુકડીના નાયક કોણ બનશે? લક્ષ્મણજી? ના, લક્ષ્મણજીએ તો દૃઢતાપૂર્વક જાહેર કર્યું કે તેઓ મોટા ભાઈ શ્રીરામની ટુકડીમાં જ રહેશે અને તેઓ તો પ્રભુ રામની બાજુમાં જ ઊભા રહી ગયા. હવે શું કરવું? સામેની ટુકડીના નાયક બનવા માટે કોને તૈયાર કરવા?

આ વખતે પ્રભુ રામે પોતાના પ્રિય ભ્રાતા ભરતજી સામે જોયું. સાંવલા-સલોના, પરમ સૌમ્ય શ્રી ભરતજી શાંતભાવે ચૂપચાપ ઊભા છે. પ્રભુ રામની દૃષ્ટિમાત્રથી ભરતજી સમજી ગયા કે પ્રભુ રામ પોતાને સામેની ટુકડીના નાયક બનાવવા ઇચ્છે છે. પ્રભુની ઇચ્છાનો ઇન્કાર ભરતજી કરે જ નહિ. ભરતજીનું પ્રભુ રામ પ્રત્યે અપ્રતિમ સમર્પણ છે. અને એમ જ થયું. બે ટુકડીઓ બની છે. એક ટુકડીના નાયક પ્રભુ રામ છે અને સામેની બીજી ટુકડીના નાયક ભરતજી બને છે.

**ભરતજી આ સામેની ટુકડીના નાયક શા માટે બને છે?**

ભરતજીના મનમાં પ્રભુની સામેની ટુકડીના નાયક થવાની કોઈ ભાવના નથી, રમતમાં પણ પ્રભુ રામની સામે ભરત ન જ થઈ શકે. આમ છતાં ભરતજી આ સામેની ટુકડીના નાયક શા માટે બને છે? પ્રભુ રામના સંતોષ માટે! પ્રભુ રામના આનંદ માટે! પ્રભુ રામની ઇચ્છા છે કે કંદુકક્રીડા થાય. પ્રભુની આ ઇચ્છા પૂરી કરવા માટે, પ્રભુ રામને રમતનો આનંદ મળે તે માટે

ભરતજી પોતાની પસંદગી, પોતાની સ્વાભાવિક રુચિ, પોતાની ભાવનાને બાજુમાં મૂકી દે છે અને પ્રભુ રામની ઇચ્છાને અનુસરે છે. આ છે ભરતજીનો પ્રભુ રામ પ્રત્યેનો અપ્રતિમ પ્રેમ! આ છે ભરતજીનું પ્રભુ રામ પ્રત્યેનું સમર્પણ!

આમ હવે રમતનો પ્રારંભ થયો. બધા માને છે અને ભરતજી પણ માને છે કે રમતમાં જીત તો પ્રભુ રામની ટુકડીની જ થાય! શ્રીરામને કોણ હરાવી શકે? પણ પ્રભુ રામ શું ઇચ્છે છે? પ્રભુ રામ ઇચ્છે છે કે મારા ભરતનો જ વિજય થાય! હું મારા ભરતને હરાવીશ નહિ; મારા ભરતની જ જીત થશે! આમ એક વાર નહિ, અનેક વાર રમત થઈ. પ્રત્યેક વખતે ભરતજીની જ ટુકડીનો વિજય થાય છે, કહો કે પ્રત્યેક વખતે ભરતજી વિજય પામે છે, કહો કે પ્રભુ રામ ભરતને વિજય અપાવે છે. આવો છે પ્રભુ રામનો ભરત પ્રત્યેનો અલૌકિક પ્રેમ!

ભગવાનને પ્રસન્ન કરવાનો એક જ ઉપાય પ્રેમ-પ્રભુપ્રેમ! અને તે ભરતજીના હૃદયમાં ભરપૂર છે. અરે! પ્રેમનો એવો મહિમા છે કે પ્રભુ પ્રેમથી માત્ર પ્રસન્ન જ થતા નથી, વશ પણ થઈ જાય છે. પ્રેમનો એવો પ્રભાવ છે કે પ્રભુ પ્રેમવશ થઈ પોતાના ભક્તોથી હારી જવાનું રાજીખુશીથી સ્વીકારી લે છે. ભરતજીનો પ્રભુપ્રેમ આવો સમર્થ છે પ્રેમ ભરતજી શ્રીરામ સામે જીત પામીને પ્રસન્ન થતા નથી, પરંતુ સંકોચ પામે છે. પ્રત્યેક જીત વખતે ભરતજી સંકોચ પામે છે, પરંતુ પ્રત્યેક હાર વખતે પ્રભુ રામ પ્રસન્ન થાય છે અને ભરતજીની જીત થઈ તેમ માનીને સૌને બક્ષિસ વહેંચે છે. પ્રત્યેક વખતે પ્રભુ રામ હાથ ઊંચા કરીને આનંદપૂર્વક કહે છે :

મારા ભરતની જીત થઈ છે!" અને ભરતજી કહે છે :

मैं प्रभु कृपा रीति जियँ जोही। हारेहुँ खेल जितावहिं मोही॥

આવો છે ભરતજીનો શ્રીરામપ્રેમ! અને આવો છે પ્રભુ રામનો ભરતપ્રેમ! રામ-ભરતની જોડી એટલે પ્રેમની જોડી! ■

## ધર્મ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# ગુરુપૂજા એ શું વ્યક્તિપૂજા છે?

આપણી સંસ્કૃતિમાં, પ્રાચીન સમયથી ગુરુ અને સદ્ગુરુનું સ્થાન અત્યંત પૂજનીય રહ્યું છે. યોગદર્શનમાં ઈશ્વરને પણ ગુરુ કહ્યા છે, स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात्।

(યોગદર્શન ૧.૨૬)

તે ઈશ્વર પૂર્વજો (બ્રહ્માદિ)નો પણ ગુરુ છે, કારણ કે કાળ તેને સ્પર્શી શકતો નથી. આમ ગુરુ પરંપરાનું મૂળ ઈશ્વર સુધી પહોંચે છે.સરળ ભાષામાં સમજી શકાય એવું ઉદાહરણ છે, कृष्णं वंदे जगद्गुरुम्।

ખૂબ જ જ્ઞાની અને તત્વવેત્તા એટલે કે 'પામી' ચૂકેલા ભક્તકવિઓએ ગુરુ વિશે કહેલી સાખીઓ અને દોહાઓ ખૂબ જ પ્રચલિત છે જેમ કે, કબીર સાહેબ કહે છે - ગુરુ ગોવિંદ દોનો ખડે કાકે લાગુ પાય, બલિહારી ગુરુદેવ કી જિન્હ ગોવિંદ દિયો બતાય.

**તુલસીદાસની સાખી છે -**

गुरु बिनु भव निधि तरइ न कोई।

जौं बिरंचि संकर सम होई॥ (માનસ ૭-૧૪-૫)

ગુરુ વિના ભવસાગર પાર કરી શકે એવો કોઈ નથી, ભલે તે બિરંચિ (બ્રહ્મા) અથવા શંકર (શિવ) સમાન મહાન કેમ ન હોય.


આપણે ત્યાં શાસ્ત્રકારોએ વિદ્યાને બે પ્રકારમાં વર્ગીકૃત કરી છે.

द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति परा चैवापरा च।

(મુણ્ડકોપનિષદ ૧.૧.૪)

બ્રહ્મવેત્તાઓએ બે વિદ્યાઓને જાણવા યોગ્ય બતાવેલ છે - એક પરાવિદ્યા અને બીજી અપરા વિદ્યા.

**(૧) અપરા વિદ્યા :** લૌકિક વિદ્યા. જે જ્ઞાન આ લોકના ક્ષેત્ર કે વિષયનું હોય તે જ્ઞાનને અપરા વિદ્યા કહેવાય છે. જેમાં પ્રકૃતિના તમામ તત્વો, ખગોળ, ભૂગોળ, ઈતિહાસ, ગણિત, વિજ્ઞાનની સમગ્ર શાખાઓ, તમામ ટેક્નોલોજી, અણુ - પરમાણુ વિજ્ઞાન સહિત, વૈદક ઉપરાંત, સંગીત - નૃત્યાદિ ચોસઠ કલાઓ, ભાષાશાસ્ત્ર, શાસ્ત્રજ્ઞાન આ તમામ જ્ઞાનનો અપરાવિદ્યાઓમાં સમાવેશ થાય છે. અપરા વિદ્યાથી જીવનમાં પ્રેય (ઈચ્છિત ભોગો) સાધ્ય થાય છે. આ અપરા વિદ્યા જેના દ્વારા પ્રાપ્ત થાય છે કે સંક્રાંત થાય છે તે માણસ માર્ગદર્શક કહેવાય છે.



આને માટે ગુરુ કે શિક્ષક એવો શબ્દ પણ પ્રચલિત છે. આ થયા લૌકિક વિદ્યાગુરુ. આ વિદ્યાદાતાનો જે તે વ્યક્તિના જીવન ઉત્કર્ષમાં અમૂલ્ય ફાળો હોય છે. એમનું ઋણ આજીવન રહે છે.

**૨. પરાવિદ્યા :** શ્રેષ્ઠ વિદ્યા કે બ્રહ્મવિદ્યા. પરા વિદ્યા એ જીવ, જગત અને ઈશ્વરનું યથાર્થ જ્ઞાન છે. પરાવિદ્યા એટલે કે આધ્યાત્મિક જ્ઞાનથી જીવનમાં શ્રેય (કલ્યાણ) સાધ્ય બને છે. દેહ છૂટ્યા બાદ મુક્તિ, નિર્વાણ, મોક્ષ, બ્રહ્મપદ, અક્ષરપદ કે વૈકુંઠ એવા નામથી ઓળખવામાં આવે છે એ સ્થિતિની પ્રાપ્તિ થાય છે. અમૃતત્વની આ વિદ્યા કે જ્ઞાન પ્રાપ્ત કરવામાં જે અગત્યની અને અનિવાર્ય ભૂમિકા ભજવે છે એ દેહધારી વ્યક્તિ જ આધ્યાત્મિક ગુરુ અથવા સદ્ગુરુ કહેવાય છે.

આવા ગુરુ જાતિભેદ કે લિંગભેદથી પર હોય છે. કઠિન સાધના, તપ કે યોગદ્વારા પોતે માનવજીવનનું ધ્યેય સ્વસ્વરુપ પ્રાપ્તિ કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ હોય છે. અને પછી નિસર્ગના ઈશારા પ્રમાણે યોગ્યતા પ્રાપ્ત શિષ્યને શોધી લે છે. તેને આ માર્ગે કોઈ અપેક્ષા કે એષણા વગર માતા જેમ શિશુને અનહદ પ્રેમથી સંભાળીને, કાળજીથી જતન કરીને ઉછેરે છે એથીએ વધારે સારી રીતે અધ્યાત્મપથ પર આગળ ચલાવીને આખરે ધ્યેયપ્રાપ્તિ સુધી પહોંચાડીને જ જંપે છે. આ યાત્રામાં પ્રારબ્ધવશાત્ જો પોતાનો દેહ છૂટી જાય તો પણ એમની પ્રેરણા, માર્ગદર્શન અને હૂંફ મળતી જ રહે છે. ગુરુ શિષ્ય સંબંધોમાં શિક્ષક અને છાત્રની જેમ ઉંમરનું સપ્રમાણ નથી હોતું. આદ્યગુરુ શંકરાચાર્યના પ્રાયઃ બધા જ શિષ્યો ઉંમરમાં એમનાથી મોટા હતા. ગુરુનો આવો અને આટલો પ્રભાવ સાધનાપથ પર અગ્રેસર શિષ્યના જીવનમાં હોય છે કે એમને બીજા કોઈ ઈશ્વર કે ભગવાનની આવશ્યકતા લાગતી જ નથી.

અહીં પણ બ્રહ્મજ્ઞાની ગુરુની અનિવાર્યતા છે જ. થોડી ઘણી સિદ્ધિપ્રાપ્ત કરી હોય એવો કોઈ સાધક ગુરુ બની શકે નહિ તો પછી ફક્ત ભેખધારી હોવાથી કોઈ ગુરુત્વ કઈ રીતે સંભાળી શકે? ગુરુ માટેની યોગ્યતા અનેક ગૃહસ્થી પુરુષ અને સ્ત્રી સંતોએ પણ પ્રાપ્ત કરેલી છે એ ભક્તિપદોમાં સંતવાણીરૂપે આપણે સાંભળીએ જ છીએ.

# ધર્મ સૃષ્ટિ

ગુરુ કોણ? એમને ભગવાન તુલ્ય શા માટે માનવામાં આવે છે? આ પ્રશ્નો કાયમ પૂછાતા રહ્યા છે.

● આનો જવાબ હવે મેળવીએ. ● એક આંધળાને કોઈ દેખતો જ દોરી શકે. ● એક ઊંઘેલાને કોઈ જાગતો જ જગાડી શકે. ● એક તરવૈયાની હાજરીમાં જ તરતા શીખી શકાય. ● એક શિક્ષક જ વિદ્યાર્થીને લખતા-વાંચતા શીખવી શકે.

ટૂંકમાં નવા ક્ષેત્ર કે વિષયમાં જાતે મહેનત કરીને થોડીઘણી સફળતા જરૂર પ્રાપ્ત કરી શકાય. પરંતુ ખૂબ આગળ વધવું હોય, ગહન વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો જે કોઈ કલા કે વિદ્યા જેની પાસે હોય એની પાસેથી જ પ્રાપ્ત કરી શકાય. એમાંયે અધ્યાત્મને તો આપણી સંસ્કૃતિ અને સભ્યતામાં જેને અંતિમ પુરુષાર્થ મનાયો છે એવા મોક્ષનું કારણ કહ્યું છે. ઉપનિષદો પણ આ વિદ્યા માટે કહે છે, ब्रह्मविद्या सर्वविद्या प्रतिष्ठाम्। (મુણ્ડકો. ૧.૧)

બ્રહ્મવિદ્યા સર્વવિદ્યાઓની આધારભૂતા છે. (આધારભૂતા= મુખ્ય, પાયાની) આવી વિદ્યા મેળવવા માટે મુંડકોપનિષદમાં કહેવાયું છે - तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥ (૧.૨.૧૨)

પરમ તત્ત્વના જ્ઞાન માટે મનુષ્યે હાથમાં સમિધ લઈને એવા ગુરુ પાસે જવું જોઈએ જે શાસ્ત્રજ્ઞ (શ્રોત્રિય) અને બ્રહ્મમાં સ્થિર (બ્રહ્મનિષ્ઠ) હોય.

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને આ માટેની શિસ્ત અને માર્ગ પ્રબોધે છે, तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।

उपदेक्ष्यान्ति ते ज्ञानं ज्ञानिनस्तत्व दर्शिनः ॥ (૪-૩૪)

તે (અધ્યાત્મ) જ્ઞાનનો તને તત્વદર્શી જ્ઞાનીઓ ઉપદેશ આપશે. તેમને વંદન કરી, તેમની સેવા કરી, તેમને પ્રશ્નો પૂછી તે જ્ઞાન તું જાણી લે.

કારણ, आचार्यवान् पुरुषो वेद। (છાંદોગ્ય ઉપ. ૬.૧૪.૨)

જેને આચાર્ય ( બ્રહ્મજ્ઞાની ગુરુ) પ્રાપ્ત થયા છે, તે જ સાચા અર્થમાં એ જાણે (એનો અનુભવ કરે) છે. આ તત્ત્વ કે જ્ઞાન બહુ સૂક્ષ્મ અને અગાધ છે એ માટે કઠ ઉપનિષદ કહે છે તેમ,

न नरेणावरेण प्रोक्त एष सुविज्ञेयो बहुधा चिन्त्यमानः। (૧.૨.૮)

આ આત્મતત્ત્વ સામાન્ય અજ્ઞાની વ્યક્તિ દ્વારા સમજાવી શકાય એવું નથી. તેને યોગ્ય જ્ઞાની આચાર્ય પાસેથી જ સમજવું જોઈએ.

વળી, તળિયેથી તૂટેલા ઘડાને દરિયામાં અર્ધો ડુબાડી દો તો જેમ એની અંદરનું અને દરિયાનું પાણી એક બની જાય છે, અગાધ પણ બની જાય છે એમ જેમને બ્રહ્મપ્રાપ્તિ થઈ ગઈ હોય, હદયની તમામ ગ્રંથિઓ ભેદાઈ ગઈ હોય તે સ્વયં બ્રહ્મ સાથે એકરૂપ બની જાય છે. એવું શ્રુતિ વાક્ય છે, स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति ॥ (મુણ્ડકો. ૩.૨.૧)

જે મનુષ્ય પરમ બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મરૂપ જ થઈ જાય છે.

આમ તાત્વિક સ્વરૂપે યથાર્થ જ્ઞાનથી ગુરુ અને ઈશ્વરનું ઐક્ય માનવામાં સાધકને કોઈ હિચકિચાહટ નથી હોતી.

આમ પણ આપણી વચ્ચે જ રહેનારી કોઈ વ્યક્તિને કોઈ ઉચ્ચ હોદ્દો મળે, સત્તા મળે કે સરકારમાં કોઈ મંત્રીપદ મળે છે ત્યારે એ વ્યક્તિ જ આપણા માટે એના હોદ્દા, સત્તા કે પદ માટે માનનીય કે આદરણીય બની જાય છે. વ્યક્તિ એ જ હોવા છતાં એને માનપાન મળે છે, એમની આસપાસ પ્રોટોકોલ અનુસરવું પડે છે. આપણા વ્યવહારમાં પણ આ સત્ય હોય તો જેણે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જેમણે અમૃતત્વ અનુભવ કર્યો છે. જે બીજાને એ રાહ પર આગળ વધારવા શક્તિમાન છે એમને જેટલું સન્માન આપીએ એટલું ઓછું જ છે. એ કોઈ વ્યક્તિપૂજા નથી. એ તો વ્યક્તિમાં પ્રગટ થયેલા સત્ય કે પરમસત્તાનું પૂજન છે. આ વાત શ્વેતાશ્વતર ઉપનિષદ આ રીતે કરે છે,

यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ।
तस्यैते कथिता हयर्थाः प्रकाशन्ते महात्मनः॥ (૬.૨૩)

જેને ભગવાન પ્રત્યે પરમ ભક્તિ છે અને તેવી જ ભક્તિ ગુરુ પ્રત્યે છે, તે મહાત્માને ઉપનિષદના રહસ્યમય અર્થો સ્વયં પ્રકાશિત થાય છે.

જેમના માટે કહેવાયું છે કે व्यासोच्छिष्टं जगत्सर्वम्। આખું જગત વ્યાસથી ચખાયેલું છે. અર્થાત્ એવી કોઈ વિદ્યા કે જ્ઞાન નથી કે જેને વ્યાસજી સ્પર્શ્યા ન હોય! આવા મહામુનિને ભગવાન કૃષ્ણ સ્વયં પોતાની વિભૂતિ તરીકે ઓળખાવતા ગીતામાં કહે છે કે व्यासोच्छिष्टं मुनिनामप्यहं व्यासः।

આ મહર્ષિ વ્યાસજીના જન્મદિવસે એમના શિષ્યો અને અંતેવાસી ઋષિમુનિઓએ તેમનું પૂજન કર્યું. આ દિવસથી આ વ્યાસપૂર્ણિમા એ જ ગુરુપૂર્ણિમા તરીકે ધર્મજગતમાં સૌથી મોટા પર્વ તરીકે ઉજવવાની પરંપરા આજપર્યંત ચાલી આવે છે. આ પવિત્ર પર્વ નિમિત્તે આપણે પણ સદ્ગુરુના ચરણે શીશ ઝુકાવીએ અને જ્ઞાનપંથે આગળ વધારવાની પ્રાર્થના કરીએ. ■

## શિક્ષણ સૃષ્ટિ




**ગુલાબભાઈ જાની**

લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.


# શિક્ષણમાં નવીનીકરણ

ગતાંકથી...

ડેન્માર્કમાં કોપનહેગન શહેરમાં ન્યૂ લિટલ સ્કૂલના શિક્ષણના પ્રયોગો જાણવા જેવા છે. ડેન્માર્કની આ શાળા ચાર દીવાલો વચ્ચે બંધ શાળા નથી, પણ હરતીફરતી શાળા છે. હરતીફરતી એટલા માટે કે તેમાં બાળકોને પ્રવાસ અને મુલાકાતોની ભરપૂર તકો આપવામાં આવે છે. સ્કૂલનાં બાળકો માટે કોપનહેગન અને તેની આસપાસના વિસ્તારોમાં નિયમિત પ્રવાસો ગોઠવવામાં આવે છે - એટલે સુધી કે વિદ્યાર્થીઓના એક જૂથે તો સ્વીડનના એક છેડાથી બીજા છેડા સુધી પદયાત્રા કરી હતી. આ પ્રવાસો દ્વારા જ દેશ, દુનિયા, સમાજ, ઈતિહાસ અને ભૂગોળનું પ્રત્યક્ષ જ્ઞાન તેઓ મેળવે છે.

તોત્તો-ચાનને 'તોમોએ' નામની સ્કૂલમાં પોતાનાં સાથી-મિત્રો સાથે ખૂબ જ મનપસંદ વાતાવરણમાં શિક્ષણ મળ્યું હતું. આ સ્કૂલના હેડમાસ્ટર કોબાયાશી ખૂબ જ સ્નેહાળ ને કલ્પનાશીલ હતા. બાળકોને ભણતરની સાથોસાથ મુક્ત વાતાવરણ અને સમતોલ આહાર પણ મળે એની તેઓ ખાસ કાળજી લેતા હતા.

આ પુસ્તકની નાયિકા તોત્તો-ચાન, ગઈકાલની એ નાનકડી બાલિકા આજે તેત્સુકો કુરોયાનાગી નામે આખા જાપાનમાં વિખ્યાત ટી.વી. કલાકાર તરીકે જાણીતી છે. પોતાના શાળા-જીવનનાં કેટલાં બધાં સંસ્મરણો, વાતો અને સત્ય ઘટનાઓ તેણે અહીં નાની-નાની પ્રસંગકથાઓ રૂપે રજૂ કરી છે. યુનિસેફમાં જાપાનની સદ્ભાવના-દૂત નિમાયેલી આ લેખિકા પાસે બાળકોને ચાહનાર શિક્ષકોને અને માબાપો-વાલીઓને ઘણું કહેવાનું છે. મૂળ જાપાની ભાષામાં લખાયેલું - પ્રકાશિત થતાંની સાથે જ અપાર લોકપ્રિયતા સાથે વિક્રમસર્જક 'બેસ્ટ સેલર' બનેલું આ પુસ્તક એક શક્તિમંત સંદેશો આપી જાય છે.

આ પુસ્તકમાં શ્રી કોબાયાશીની શિક્ષણ-પ્રવૃત્તિઓ કેવી અરૂઢ ને કલ્પનાશીલ હતી એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. એ માનતા હતા કે બધાં જ બાળકો મૂળે તો સારા સ્વભાવનાં હોય છે, પણ પછી બહારનું વાતાવરણ અને મોટેરાંની અસરો ખરાબ હોય તો એ સારાપણાને નુકસાન થઈ શકે છે. એટલે એમનું ધ્યેય હતું કે આ સારા સ્વભાવને કાળજીથી ખીલવવો જેથી બાળક બધાંની વચ્ચે પોતાના આગવા વ્યક્તિત્વ સાથે વિકસતું રહે.

જો આજે પણ તોમોએ જેવી શાળાઓ હોય તો ચારેબાજુ વ્યાપેલી હિંસાવૃત્તિ ઓછી થાય ને બાળકો અધવચ્ચે સ્કૂલમાંથી ઊઠી જાય છે તેનું પ્રમાણ ઘટે. તોમોએમાં તો શાળાનો સમય પૂરો થયા પછી પણ છોકરાંઓ ઘરે જવાનું નામ નહોતાં લેતાં અને રોજ સવારે નિશાળે દોડવાની એમને તાલાવેલી થતી. એવી હતી એ સ્કૂલ.

પશ્ચિમમાં હોમસ્કૂલિંગનો ખ્યાલ વધુ ને વધુ લોકપ્રિય થતો જાય છે. આ પ્રયોગમાં માબાપની ક્ષમતા અને બાળકો સાથે સમય ગાળવાની તત્પરતા મહત્ત્વની છે. ભારતમાં પણ આ પ્રયોગ પ્રસરતો જાય છે. ગુજરાતમાં વડોદરામાં કેટલાંક સંનિષ્ઠ વાલીઓ હોમસ્કૂલિંગ કરાવી રહ્યાં છે. રાજકોટમાં પણ કેટલાંક વાલીઓ આ દિશામાં સક્રિય થયાં છે. શિક્ષણ માત્ર વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે, શિક્ષક દ્વારા જ, સરકારે નિયત કરેલ પાઠ્યક્રમ દ્વારા જ, સરકાર નક્કી કરે તેવી પરીક્ષા દ્વારા જ મૂલ્યાંકન થાય - આ બધા ચીલાચાલુ ખ્યાલો બદલવા પડશે.

શિક્ષણસંસ્થાનું કર્તવ્ય તો શીખવાની રીત શીખવવાનું (learning to learn) છે, બાળકના સર્વાંગી વિકાસનું છે, તેને બદલે આજે એક ચોક્કસ માળખામાં, તૈયાર પાઠ્યપુસ્તકો, ચીલાચાલુ પ્રશ્નો અને જવાબો, વાર્ષિક ત્રણ કલાકની પરીક્ષામાં યાદશક્તિની કસોટીવાળા પ્રશ્નો, એ માટેની ગાઈડોમાં વિદ્યાર્થીઓ અટવાય છે. શિક્ષણસંસ્થાનું ધ્યેય તો વિદ્યાર્થીઓને જ્ઞાનપ્રાપ્તિના અનેકવિધ માર્ગો બતાવવાનું છે. પાઠ્યપુસ્તકો તો એક સાધન (tool) છે. એ સિવાય લાઇબ્રેરીનો ઉપયોગ, સમૂહ-માધ્યમોનો ઉપયોગ — હવે કમ્પ્યૂટર તથા ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, તે માટે વિદ્યાર્થીએ જાતે પુરુષાર્થ કરવાનો છે. પ્રો. આઈન્સ્ટાઈનનું વિધાન છે : "I never teach my pupils; I only attempt to provide the conditions in which they can learn" - હું મારા વિદ્યાર્થીઓને કદી ભણાવતો નથી, ફક્ત તે શીખી શકે તેવું વાતાવરણ સર્જું છું.

**આજની શિક્ષણપ્રથામાં આવું થાય છે ખરું ? તો શું કરીશું ?**

સર્વપ્રથમ તો શિક્ષણનું અત્યારનું માળખું બદલવું પડશે. પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરે તે જ જીવનમાં સફળ થાય તે ખ્યાલ ખોટો છે. આજની આપણી શિક્ષણપ્રથાએ ન્યૂટન, આઈન્સ્ટાઈન, ગાંધી, બીલ ગેટ્સને ઠોઠ કહ્યા હતા. આપણે સહુ જાણીએ છીએ કે આ બધાએ જગતને કેટલું બધું પ્રદાન કરેલ છે.

પરીક્ષા માત્ર વર્ષના અંતે લેવાય અને એ સ્મૃતિકસોટીના આધારે ભાવિ નક્કી થાય તેને બદલે સતત સર્વગ્રાહી મૂલ્યાંકન થાય. જાહેર પરીક્ષાની વિશ્વસનીયતા સાવ ઘટી ગઈ છે. તેને બદલે પશ્ચિમના ઘણા દેશોમાં જે-તે સંસ્થા જ પરીક્ષા લઈ સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના આધારે પ્રમાણપત્ર આપે. એથી પણ વિશેષ ગુણપત્રકમાં પાસ/નાપાસ લખવાને બદલે જે-તે વિષયમાં તેની કેટલી આવડત છે તે જ દર્શાવાય.

અરવિંદ આશ્રમમાં અપનાવાયેલ છે તે રીતે વિદ્યાર્થીની વિષયવાર જાણકારી પ્રમાણે તેના વર્ગ ગણવામાં આવે. દા. ત. એક વિદ્યાર્થી

# શિક્ષણ સૃષ્ટિ

ગણિતમાં તેની ક્ષમતાને આધારે ૮મા ધોરણમાં હોય, ભાષામાં ૭મા ધોરણમાં હોય, સંગીતમાં કૉલેજ-કક્ષાએ હોય, સમાજવિદ્યામાં ૧૦મા ધોરણમાં હોય તેવું ક્ષમતાલક્ષી ગુણપત્રક શિક્ષણસંસ્થા છોડે ત્યારે વિદ્યાર્થીને આપી શકાય. આઝાદીની ચળવળ દરમ્યાન મહાત્મા ગાંધીજીએ બુનિયાદી કેળવણીનો વિકલ્પ રજૂ કરી એક નવી દિશા બતાવી હતી. રવીન્દ્રનાથ ટાગોરે પણ શાંતિનિકેતનના શિક્ષણના પ્રયોગો દ્વારા નવી પદ્ધતિ દર્શાવી છે.

આપણી શિક્ષણપ્રથામાં એવા ભાગ પાડી દીધા છે કે વિજ્ઞાનના વિષયો લ્યે તે જ મેડિકલ / એન્જિનિયરિંગ વગેરેમાં જઈ શકે. તેને બદલે જેની ક્ષમતા હોય તે તેની ટેસ્ટમાં બેસે અને તેને પ્રવેશ મળે તેવું હોવું જોઈએ. આપણે એવાં જડ બંધનો ઊભાં કર્યાં છે કે કોઈ પોતાની ક્ષમતા પુરવાર કરી શકે તોપણ જે-તે વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકે નહીં. પશ્ચિમમાં આ બાબતમાં લચીલાપણું છે. ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝર સંગીતમાં પીએચ.ડી. હતા, ધર્મશાસ્ત્રમાં પીએચ.ડી. થયા અને જ્યારે આફ્રિકામાં ગરીબ લોકોની સેવા કરવાનું નક્કી કર્યું ત્યારે મેડિકલ શાખમાં પ્રવેશ લઈ ડૉક્ટર થયા. આવી સગવડ હોવી જોઈએ.

૨૧મી સદી માનવજાત માટે અનેકવિધ પડકારો લઈને આવી છે. વિજ્ઞાન અને ટેક્નૉલોજીના અકલ્પ્ય વિકાસથી વિશ્વ કલ્પનાતીત બદલાઈ રહ્યું છે. Global Village - વિશ્વગ્રામની કલ્પના સાકાર થઈ રહી છે. અગ્નિ પછીની મહત્ત્વની શોધ કમ્પ્યૂટરની ગણી શકાય. Knowledge is power - 'જ્ઞાન એ જ શક્તિ' - એ સાચા અર્થમાં ૨૧મી સદીમાં સાકાર થઈ રહેલ છે. ઈન્ટરનેટને કારણે વિશ્વના માનવો ભૌગોલિક સરહદોથી પર થઈ જોડાઈ રહ્યા છે. વિદ્યાર્થી, શિક્ષક, શિક્ષણસંસ્થા અને વાલીઓ - આ ચારેયને આ પરિવર્તનોની અસર થવાની છે, થઈ રહી છે. ૨૦મી સદીમાં ત્રણ Rની કેળવણી પર ભાર મૂકાયો - Reading, Writing, Arihmatic. હવે ૨૧મી સદીમાં ચાર 'C'ની છે - Critical Thinking, Creativity, Communication and Collaboraion.

આજે દેશ-દુનિયામાં શિક્ષણક્ષેત્રે આપણે સૌ જે અધૂરપ, અસંતોષ અનુભવી રહ્યાં છીએ તેમાં સાચી દિશા કઈ હોવી જોઈએ ? શિક્ષણની પ્રણાલી, પદ્ધતિ, માહોલ, પ્રક્રિયા, અભિગમ, સિદ્ધાંતો, મૅનેજમેન્ટ આ બધામાં શું ખૂટે છે, જેથી આટઆટલો ખર્ચ કર્યા પછી પણ સમાજ ઇચ્છે છે તેવો, સમાજને જીવંત રાખે તેવો બત્રીસલક્ષણો 'જવાબદાર' નાગરિક આપણે બનાવી શક્તા નથી ?

આ ચિંતનમાંથી ચોથું મોજું ઊઠી રહ્યું છે - માનવીય ક્રાંતિનું, માણસને માણસ બનાવવાનું. સરળ ભાષામાં કહીએ તો 'માણસનો માંહ્યલો જગાડવાનું.' એક વખત માંહ્યલો જાગે પછી બાકીનું આપમેળે ગોઠવાઈ જાય.

કોઈ પણ વિકાસમાં શિક્ષણ હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યું છે અને રહેશે. શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારોને અનુભવને અંતે જણાયું છે કે સમાજને ઘડવામાં અને જીવંત રાખવામાં જેનું બહુમૂલ્ય યોગદાન છે તેવા માનવને જવાબદાર નાગરિક બનાવવાનું કાર્ય પણ શિક્ષણ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા જ થઈ શકે. આથી બીજા-ત્રીજા મોજાંનાં માઠાં પરિણામોને સુધારવાં હશે તો ચોથા મોજાંનું શિક્ષણ એવું પ્રયોજવું પડશે કે જેના પરિણામે એવા નાગરિકો તૈયાર થાય કે જે સમાજની ચિંતા કરતા હોય, સમાજને માટે પોતાનો વ્યક્તિગત સ્વાર્થ જતો કરે અને સમાજનું અગત્યનું અંગ પોતાને સમજે. આથી જ આ ચોથા મોજાને નામ અપાયું છે 'રિસ્પોન્સીવ વેવ.'

નવા અભ્યાસક્રમમાં સામાજિક જરૂરિયાતો સંતોષવી પડશે. હવે જ્યારે વિદ્યાર્થી વિશ્વ નાગરિક બનવા જઈ રહ્યો છે ત્યારે વૈશ્વિક સમસ્યાઓ જેવી કે પર્યાવરણ, પ્રદૂષણ, વસ્તી, ગરીબાઈ, અજ્ઞાનતા, ખોરાક અને આરોગ્ય વગેરે વિશે જાણવું આવશ્યક છે. સાથોસાથ Local Wisdom-સ્થાનિક ડહાપણનો ઉપયોગ કરતા શીખે તે પણ એટલું જ આવશ્યક છે.

અત્યાર સુધી આપણે વિષયશિક્ષણને વધુ મહત્ત્વ આપ્યું છે. જરૂર છે જીવનશિક્ષણની. મૂલ્યશિક્ષણ દ્વારા જ સારા માનવનું નિર્માણ થઈ શકે. આધુનિક યુગના વિખ્યાત ચિંતક યુવાલ નોહ હરારી (Yuval Noah Harari) ના મતે ૨૧મી સદીમાં માનવજાત સમક્ષ એક ગંભીર પડકાર આવી રહ્યો છે. આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ (AI) કૃત્રિમ બુદ્ધિમત્તા અને બાયો-એન્જિનિયરિંગ રોબોટો એટલા બધા કાર્ય બુદ્ધિપૂર્વક કરી શકશે કે લાખો લોકો બેકાર થઇ જશે. વળી, નવી ટેકનૉલોજીથી યુદ્ધો લડાશે. તે ખતરનાક હશે.

આ પડકારોને પહોંચી વળવા માનવજાતે રાષ્ટ્રીયતાના સંકુચિત ખ્યાલમાંથી નીકળી વસુધૈવ કુટુંબની ભાવના વિકસાવવી પડશે. આ કાર્ય યોગ્ય શિક્ષણથી જ શક્ય બનશે. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં પ્રાચીન ઋષિઓથી લઈ સ્વામી વિવેકાનંદ, અરવિંદ, ટાગોર અને મહાત્મા ગાંધીએ માનવીને માનવ બનાવવા પર ભાર મૂક્યો છે. કોઈ કવિનું સુંદર કાવ્ય છે, ગર્ભમાં રહેલું એક કોમળ શિશુ પરમાત્માને પૂછે છે,

**"આ પૃથ્વી પર યુદ્ધ તો નથી ને ?**
**ક્યાંય વિગ્રહ, રક્તપાત કે બોમ્બવર્ષા નથી ને ?**

સત્તાખોરોના ભાષણોનાં પોલાણમાં સ્વતંત્રતા પૂરાઈ નથી ગઈ ને ? હજીયે હવા મુક્ત છે ? અને ફૂલો ખીલે છે ?

તો હું આ ધરતી પર જન્મ લઉં. આપણે એવું વિશ્વ રચીએ કે જ્યાં પહેલા કોમળ શિશુને અવતરવાનું મન થાય. ■



**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# સ્ત્રીઓ પર થતા અત્યાચાર ઘટાડો

આપણા ભારતીય સમાજમાં સ્ત્રી એ માનવઘડતર અને વિકાસનો પાયો છે. સમાજનાં સુખ-શાંતિ અને સર્જકતા સ્ત્રીના હાથમાં છે. સમાજની ગતિશીલતા અને જીવનની પરિપૂર્ણતાનું આધારબિંદુ સ્ત્રી છે. સાંપ્રતકાળમાં સ્ત્રીઓએ વિજ્ઞાન, ટેક્નોલોજી, વ્યવસાય ક્ષેત્રે તથા રાજકારણમાં મહત્ત્વપૂર્ણ હરણફાળ ભરીછે. અને દરેક ક્ષેત્રે સફળતાનાં શિખરો સર કર્યાંછે. આજની સ્ત્રી પોષક, રક્ષક અને ઉદ્ધારક છે. આમ છતાંયે આપણો સમાજ તેના આ જ સદ્ગુણોનો લાભ ઉઠાવી યુગોથી સ્ત્રીઓનું શોષણ કરતો જ આવ્યો છે અને અત્યાચાર કરતો રહ્યો છે.

બ્રિટિશ શાસન દરમ્યાન સ્ત્રીના નિમ્નસામાજિક સ્થાનમાં સુધારો કરવાના અનેક પ્રયત્નો થયા હતા. પૂ.ગાંધીજીએ આઝાદીની ચળવળ સાથે સ્ત્રી-જાગૃતિ આંદોલનને પણ વેગ આપ્યો હતો અને સમાજમાં સ્ત્રીને માનભર્યું સ્થાન મળે એ માટે ઘણા પ્રયત્નો કર્યા. સતીપ્રથાનો રિવાજ બંધ કરાવ્યો, વિધવાવિવાહને માન્યતા મળી, દહેજ ઉપર પ્રતિબંધ મુકાયો. સ્ત્રીશિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો. દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ બંધ કરાયો. આટલા બધા પ્રયત્નો થયા છતાંયે આઝાદીનાં આટલાં વર્ષો બાદ પણ શું ખરેખર સ્ત્રી-જાગૃતિ કે સ્ત્રી-સ્વાતંત્ર્ય આવેલ છે કે ? શું સમાજમાં સ્ત્રી પર થતા અત્યાચારો બંધ થયા છે ? સ્ત્રીઓનું શોષણ ઘટ્યું છે ? સ્ત્રી-મુક્તિ આંદોલનો સફળ થયાં છે ? આજે પણ સવારના પહોરમાં જ્યારે ન્યૂઝ પેપર હાથમાં આવે છે તો સૌપ્રથમ સ્ત્રીઓના આપઘાત, સ્ત્રીઓ પર થતા બળાત્કાર, દહેજને કારણે આપઘાત કરવા મજબૂર થતી સ્ત્રીઓ, આવા બધા સમાચાર નજરે ચડે છે.

ખરેખર, તો સ્ત્રી અતિશય લાગણીશીલ હોય છે. લાગણી વગર સ્ત્રી જીવી શકતી નથી. સ્ત્રીહૃદયને સાચી ઝંખના જ પ્રેમની હોય છે. જેના લીધે તે બીજા ઉપર બહુ જલદીથી વિશ્વાસ કરે છે. સ્ત્રીના જીવનમાં પ્રેમનું અતિ મહત્ત્વ છે. લાગણી અને પ્રેમના નામ ઉપર જ સ્ત્રીનું સૌથી વધુ શોષણ થયું છે. પ્રેમના નામે વાસના સંતોષાય છે. આર્થિક અને શારીરિક શક્તિ સામે નિર્બળ સ્ત્રી હારી જાય છે અને અત્યાચારનો ભોગ બને છે.

સ્ત્રીશિક્ષણ વધવાની સાથે બાળાઓ અને યુવતીઓ વધુ ભણવા લાગી છે. પરંતુ સ્કૂલ, કૉલેજ કે હૉસ્ટેલમાં પણ ક્યાં સલામતી છે? યુવતીઓની છેડતી કરવા વ્યંગબાણો સંભળાવવા કેન્ટીનમાં કે કૉલેજની બહાર યુવાનોની લાઈનો લાગેલી જ હોય છે. કોઈ સીટી વગાડે છે, કોઈ ગીત ગાય છે "તૂ ચીઝ બડી હૈ મસ્ત" કહીને અપમાન કરે છે. અને વળી આજકાલ રેગિંગની જાણે પ્રથા જ થઈ ગઈ છે. રેગિંગના બહાને છોકરીઓની સતામણી થતી હોય છે. એટલી હદ બહાર રેગિંગ થાય છે કે ક્યારેક છોકરીઓ ભણવાનું છોડી દે છે, તો ક્યારેક આપઘાત પણ કરી બેસે છે.

શિક્ષણ પૂરું કર્યા બાદ જ્યારે સ્ત્રી કોઈ વ્યવસાય કે નોકરી કરે છે તો ત્યાં પણ તેની કોઈ સલામતી નથી. ઑફિસમાં કેમ અને કેવી રીતે કામ કરે છે એ તો બસ 'ઘાયલ કી ગત ઘાયલ હી જાને ઓર ના જાને કોઈ" એવું છે. સ્ત્રીઓનું દૈહિક શોષણ તથા શારીરિક અને માનસિક ત્રાસ, કનડગત અને સહકાર્યકરોની મજાક. આ બધું સહન કરવું પડે છે. સમાજનાં અનેક દૂષણો સામે ટક્કર ઝીલી કામ કરતી સ્ત્રીઓ માટે આ દૂષણ મહાવ્યાધિ છે . અસલામતીભર્યું પ્રદૂષિત વાતવારણ સ્ત્રીની કાર્યક્ષમતા ઉપર અસર કરે છે. સાથે સાથે ગૃહસ્થજીવનની સમસ્યાઓ તો હોય જ છે. કુટુંબ, પતિ અને બાળકો માટે પણ ફરજ બજાવે છે અને આ બધાની અસરને કારણે સ્ત્રીની તંદુરસ્તી જોખમાય છે પણ સ્ત્રી બધું જ સહન કર્યે જ જાય છે. સતી સીતા કે દ્રૌપદીને પણ સમાજે છોડ્યા નથી. સીતા ઉપર મોહિત થઈને રાવણે સીતાનું અપહરણ કર્યું. રાવણની વાસનાને કારણે સીતાજીને અશોકવનમાં કેદ કરી તેને લાંછિત કરી. સીતાને અગ્નિપરીક્ષા આપવી પડી.

દ્રૌપદીને ભરી સભામાં પતિની, ગુરુજનો અને વડીલોની હાજરીમાં ઢસરડીને લાવવામાં આવી અને ચીરહરણ થયું હતું. ત્યારે જુગારમાં હરાયેલી પાંડવોની સંપત્તિ તરીકે દુર્યોધન દ્રૌપદીનું કેટલું અપમાન કરે છે. યુગોથી સ્ત્રીઓ ઉપર અત્યાચાર થતા જ રહ્યા છે. સમાજે હંમેશા એક દાસી કે ભોગ્યા તરીકે જ સ્ત્રીનો સ્વીકાર કર્યો છે. બૌદ્ધિક સ્તરે હંમેશા સ્ત્રીને બુદ્ધિહીન કહીને અપમાનિત કરેલી છે.

# નારી સૃષ્ટિ

અરે ગુલામના બજારમાંયે ગુલામની કાંઈક કિંમત તો હોય છે જે ચૂકવીને એનો માલિક ગુલામ લઈ શકે છે. ઘરમાં કામ કરતા નોકરનીયે કિંમત હોય છે. છોકરીઓને તો દહેજ આપવો પડે છે. દહેજ આપીને દીકરી માટે વરની ખરીદી થાય છે.

સ્ત્રી-પુરુષ સમાનતાના યુગમાં પણ દીકરાના બાપનું સ્થાન ઊંચું અને દીકરીના બાપનું સ્થાન શા માટે નીચું ગણાય છે ? દહેજ આપ્યા બાદ પણ ક્યાં સંતોષ હોય છે ? એક પછી એક માગણી વધતી જ જતી હોય છે અને માંગણી પૂરી ના થાય તો ત્રાસ દેવાનું ચાલુ થાય છે, મારપીટ કરવામાં આવે છે. આખરે કાં તો અત્યાચારથી કંટાળી સ્ત્રી પોતે આત્મહત્યા કરે છે અથવા સાસરિયાઓ બધાં મળીને કુળવધૂને યમલોકના દ્વારના દર્શન કરાવે છે. મિલકતની લાલચના કારણે આશાભરેલી યુવાન સ્ત્રીનું અપમૃત્યુ થાય કે પછી તેને આત્મહત્યાનો વિચાર આવે તેનાથી વધારે બીજો કોઈ અત્યાચાર નથી. અને આનાથી વધારે મોટું કોઈ સામાજિક કલંક નથી.

પશ્ચિમની સંસ્કૃતિ ધીમે ધીમે ભારતમાં આવે છે. સ્ત્રી-જાગૃતિ પહેલાં પશ્ચિમમાં શરૂ થઈ. ત્યાં છૂટાછેડાં અને પુનર્લગ્નનું પ્રમાણ વધારે છે. પણ સ્ત્રીઓ ઉપર અત્યાચાર થતા નથી. પશ્ચિમની સંસ્કૃતિ સારી હોય કે ખરાબ પણ ત્યાંની સ્ત્રી લાચાર નથી. આપણે ત્યાં સ્ત્રી કેટલી રિબાઈ રિબાઈને જીવે છે.

આર્થિક રીતે પરતંત્ર સ્ત્રી અને એમાં સમાજનાં બંધનો, જાય તો સ્ત્રી ક્યાં જાય ? પુનર્લગ્નને પણ હજુ ક્યાં અવકાશ છે ? અમુક અપવાદ બાદ કરતા કોઈ હજુ પુનર્લગ્નનો વિચાર પણ કરતું નથી. અમેરિકાના પ્રમુખ ક્લિન્ટનની માતાએ પાંચ વાર લગ્ન કર્યા હતાં. છતાંય ક્લિન્ટનની પ્રતિષ્ઠાને જરાયે આંચ આવી નથી અને તેઓ અમેરિકાના પ્રમુખ પણ બન્યા હતા. પુરુષસમાજની સ્ત્રીઓ પ્રત્યેની આ ઉદારતા છે જ્યારે આપણે ત્યાં પ્રગતિ અને પ્રતિષ્ઠાને નામે નર્યો દંભ છે. સમસ્યાની સામે સંઘર્ષ કરવાની શક્તિ નથી. સદાચાર નહિ પણ અત્યાચાર છે, જેનો ભોગ સ્ત્રીઓ બને છે.

સ્ત્રીઓ તરફ કરવામાં આવેલા કોઈ પણ અત્યાચાર નિંદનીય અને કલંકરૂપ છે. સ્ત્રી-મુક્તિની ચળવળો, સ્ત્રીજાગૃતિ માટે આટલી સ્ત્રી સંસ્થાઓ અને અનેક લોકોના અથાગ પ્રયત્નો છતાં સ્ત્રી તરફના અત્યાચારો ચાલુ છે. અરે મા-બાપ-ભાઈબહેનને છોડીને આવેલ ઊગતી કળીની જેમ ખીલી રહેલી નવવધૂની આત્મહત્યા કે હત્યાની જાણ થાય છે કે રુંવાડા ઊભાં થઈ જાય છે. ૧૯૧૦માં મહિલા દિવસ મનાવવાની શરૂઆત થઈ. બરાબર ૬ વર્ષ પછી એક સદી પૂરી થશે તોયે સ્ત્રીઓના આ હાલ છે.

જાહેરખબર દ્વારા ધંધાદારી લાભ ઉઠાવવા માટે સ્ત્રીઓને એક યા બીજા પ્રકારે પ્રચાર માધ્યમ દ્વારા બેહૂદી અને ઘૃણાસ્પદ રીતે રજૂ કરવામાં આવે છે. વેચાણ વધારવા માટે સ્ત્રીઓનો આવો ઉપયોગ ખરેખર અશોભનીય છે, આવકાર્યનથી. સ્ત્રીઓની ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાનો પણ હંમેશા ગેરલાભ ઉઠાવવામાં આવે છે. ધાર્મિક ક્ષેત્રે પાખંડી સાધુઓ, સંતો અને તાંત્રિકો પહેલાં સહાનુભૂતિ પછી દયા અને પછી લાચારીનો લાભ લઈ સ્ત્રીઓને પોતાના પ્રભાવ નીચે કચડેલી દશામાં રાખે છે અને પછી ઈમોશનલી બ્લૅકમેઈલ કરી પાપાચાર કરતા રહે છે. સ્ત્રીઓ માટે તો ના કહેવાય કે ના સહેવાય એવી હાલત ઊભી થાય છે.

આ બધા અત્યાચારોમાંથી મુક્ત થવા માટે સ્ત્રીએ અબળા મટી સબળા બનવું જ પડશે. જો માનવીય ગૌરવ સાથે જીવવા માગતી હોય તો શારીરિક ક્ષમતા - બળ કેળવવાં જ પડશે. અત્યાચારનો સામનો કરવા માટેમનની સાથે સાથે તનની શક્તિનો વિકાસ કરવો જ પડશે. સ્ત્રી શક્તિશાળી તો છે જ, શક્તિના ભંડાર સમાન સ્ત્રીએ અન્યત્ર દીવો શોધવાની જરૂર નથી. એ પોતે જ પોતાનો દીવો છે.

**"અગ્નિપરીક્ષામાં સ્વાભિમાનને બાળીને, સીતા બની નથી પૂજાવું.**
**પાંચ પાંચ પતિ છતાંયે અરક્ષિત, દ્રૌપદી જેવું નિર્બળ નથી થવું.**
**મારી ઈચ્છા પ્રમાણે જીવવું છે, પળે પળે મરવા નથી માંગતી.**
**સ્વતંત્ર અસ્તિત્વ કાજે લડતી, હું છું એક આધુનિક નારી."**

**પોતાના પતિ વિશે સંસારની દરેક સ્ત્રી જો સાચો અભિપ્રાય આપે તો સમાજમાં હાહાકાર મચી જાય.** ■

# નારી સૃષ્ટિ



**કૌશિક મહેતા**
સુપ્રસિદ્ધ લેખક, પત્રકાર, કોલમિસ્ટ અને ફૂલછાબ દૈનિકપત્રના પૂર્વ તંત્રી.
૩૦ જેટલા પુસ્તકો પ્રકાશિત, હરીન્દ્ર દવે એવોર્ડ,
નારદ એવોર્ડ તથા નચિકેત એવોર્ડથી સન્માનિત.

# કૃષિમાં મહિલા ભાગીદારી

કૃષિ ક્ષેત્ર દુનિયાના દરેક દેશ માટે મહત્વનું છે. કારણ એની સાથે રોજગારી જ નહીં પણ ખાદ્ય સુરક્ષાનો મુદ્દો પણ જોડાયેલો છે. ભારત તો કૃષિ પ્રધાન દેશ ગણાય છે અને આજે ય ૬૦ ટકા જેટલો વર્ગ કૃષિ ક્ષેત્ર પર નિર્ભર છે. પણ એક પ્રશ્ન મહિલાઓને લગતો છે. કૃષિ ક્ષેત્ર મહિલાઓનું યોગદાન નોંધપાત્ર છે પણ એમની ભાગીદારી અને વેતનમાં પુરુષની સરખામણીએ ખાસ્સું અંતર છે.

ભારતમાં કૃષિ ક્ષેત્રે ૨૦ થી ૭૨ વર્ષ સુધીની મહિલાઓ ખેતીના કામ કરે છે. એટલે સાડા સાત કરોડથી વધુ મહિલાઓ ખેતી કામમાં પુરુષો સાથે ખભે ખભા મિલાવી કામ કરે છે. પણ એમને જમીન માલિકીના હકથી માંડી વેતન મુદ્દે અન્યાય થાય છે. આખા વિશ્વની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ મહિલા ભાગીદારી ખેતીમાં છે. અને યુએનનો અહેવાલ જણાવે છે કે, વિશ્વમાં મહિલાઓને ત્રીજા ભાગની રોજગારી કૃષિમાંથી મળે છે અને એમાં ખેતી, પશુપાલન, વન સંવર્ધન અને માછીમારીનો પણ સમાવેશ થાય છે. પણ ભારતમાં સમસ્યા એ છે કે, મોટાભાગની આ મહિલાઓ નિરક્ષર છે અથવા તો ઓછું ભણેલી છે. અને એ કારણે એમને પુરુષો કરતા ચોથા ભાગનું જ વેતન મળે છે. અને જમીન ધારક મહિલાઓનું પ્રમાણ તો માત્ર ૧૨ ટકા જ છે. અને એમાં ય બે હેક્ટરથી વધુ જમીન હોય એવી મહિલાઓની સંખ્યા તો સાવ ઓછી છે.

લેખક ચંદુ મહેરિયા લખે છે કે, મોટાભાગે વારસામાં ખેતીની જમીન પુરુષને જ મળે છે. ૮૩ ટકા કિસ્સામાં આવું જ બને છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે, પુરુષો ખેતીમાં જે કામ કરે છે એમાં યંત્રો આવી ગયા છે. જેમ કે, ખેડવું કે પાછુ લણવું..એ માટે મશીન છે પણ મહિલાઓ જે કામ કરે છે, જેમ કે નિંદામણ, ગોંડામણ.... આ માટે કોઈ મશીન નથી. આપણે ખેતરોમાં ઘૂંટણસમા પાણીમાં ડાંગર વાવતી મહિલાઓનાં દશ્યો જોયા છે. એટલે કે પુરુષોને ખેતીમાં મશીનની મદદ મળે છે પણ મહિલાઓના ભાગે માત્ર વૈતરું જ જોવા મળે છે. અરે ! મોટાભાગના કિસ્સામાં તો એમને ખેડૂત જ ગણવામાં આવતી નથી. અને ખેત મજૂર છે એમાં દલિત અને આદિવાસીઓનું પ્રમાણ વધુ છે એટલે એમનું શોષણ પણ થાય છે.

બીજા ક્ષેત્રની જેમ જ અહીં મહિલાઓ સાથે અન્યાય થાય છે. સૌરાષ્ટ્ર ગુજરાતની વાત કરીએ તો ખેતીમાં પુરુષ સાથે મહિલા ખભે ખભા મિલાવી કામ કરે છે. કૃષિના ઘણા બધા કામ મહિલાઓ કરે છે પણ છતાં એમની સાથે ભેદભાવ થાય છે. સંયુક્ત રાષ્ટ્રનો એક અહેવાલ છે, ધી સ્ટેટ્સ ઓફ વીમેન ઇન એગ્રિફૂડ સિસ્ટમ. આ અહેવાલ મુજબ કૃષિમાં જો પુરુષને એક રૂપિયો મળતો હોય તો એ સરખામણીએ મહિલાને ૮૨ પૈસા મળે છે એટલે કે, બંને વચ્ચેનો તફાવત ૧૮.૪ ટકાનો છે. ૨૦૦૫માં કૃષિ ક્ષેત્રે મહિલા રોજગારી ૩૩ ટકા હતી એ ૨૦૧૯માં ઘટી ૨૪ ટકા થઈ છે. અલબત્ત પુરુષ રોજગારીમાં પણ ઘટાડો થયો છે. બીજું કે, મહિલા અને પુરુષ વચ્ચે કૃષિ ઉત્પાદકતામાં ૨૪ ટકાનું અંતર છે. અને આ બધા કારણોસર ખાદ્ય સુરક્ષાને અસર થાય છે. એક અંદાજ એવો છે કે, કૃષિ ક્ષેત્રમાં પુરુષ અને મહિલા વચ્ચેની ખાઈ જો પુરાઈ જાય તો દુનિયાના અર્થતંત્રને ૮૧.૬ લાખ કરોડનો ફાયદો થાય. અને એમાંથી ૪.૫ કરોડ લોકોને ભોજન આપી શકાય. પણ દરેક ક્ષેત્રમાં પુરુષ - સ્ત્રી વચ્ચેનું અંતર છે એ કૃષિમાં પણ જોવા મળે છે એની પાછળ આપણી સામાજિક વ્યવસ્થા અને ભેદભાવપૂર્ણ માનદંડ જવાબદાર છે. બીજું કે, ખેતીને લગતી સરકારી સમિતિઓ હોય કે પછી કૃષિ યોજનાનું અમલીકરણ હોય એમાં મહિલાઓની ભાગીદારી માત્ર ૨.૩ ટકા જ છે. ખેતી અંગે કોઈ નિર્ણય લેવાની વાત આવે ત્યારે મહિલાનો મત લેવાતો જ નથી.

બીજી બાજુ, કૃષિ કાયદા સામે ખેડૂત આંદોલનમાં સ્ત્રીઓ સામેલ થઈ તો એ મુદ્દે વિવાદ થયો. ભાજપ અને કોર્ટના જજ સુધીના લોકોએ કહ્યું કે, આંદોલનમાં મહિલાઓ અને બાળકોને શા માટે સામેલ કરવામાં આવે છે. આક્ષેપ તો એવો પણ થયો કે, આંદોલનકારીઓ મહિલાઓ અને બાળકોનો ઢાલ તરીકે ઉપયોગ કરે છે. આ ટીપ્પણીઓનો કારણે વિવાદ થયો હતો. કેટલીક ખેડૂત મહિલા આંદોલનકારીએ કહ્યું હતું કે, અમે ખેતીમાં પુરુષો જેટલું જ કામ કરીએ છીએ, અમને અમારા અધિકારની ખબર છે. અમે પણ લડવા આવ્યા છીએ. અને યુએન એક અહેવાલ એવું કહે છે કે, જે આંદોલનમાં મહિલાઓ સામેલ હોય છે એ શાંતિપૂર્ણ ઢંગે ચાલે છે. ટીકરી બૉર્ડર પર એક ટ્રેક્ટરની ટ્રોલીમાં નવ મહિલાઓ હતી. અને એમને પત્રકારે પૂછ્યું તો કહે તેઓ આ આંદોલનમાં એટલા માટે સામેલ છે, કારણ કે આવું કરવું તેમનો અધિકાર છે. તેઓ પોતાની મરજીથી ત્યાં આવ્યાં છે. (અનુ. પેઈજ ૨૫ ઉપર)


BIS
HUID JEWELLERY
JC™
SONI
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of
The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# દૂસરા ન કોઈ

તમારી આંખોમાં જીવનનું સ્વપ્ન હશે, તો બીજી ઘણી વ્યર્થ બાબતોની બાદબાકી થઈ જશે. કેટલાક તો વળી એમ માને છે કે જિંદગીમાં આવાં સ્વપ્નોની શી જરૂર? જ્યાં જીવન સમગ્ર જ ભાગ્યાધીન છે, ત્યાં વળી આંખોમાં સિદ્ધિનું કોઈ સ્વપ્ન આંજવાની જરૂર શી? એ માને છે કે ભાગ્યમાં લખાયેલું કદી મિથ્યા થતું નથી, તો પછી જે થવાનું હોય તે થવા દેવું. એના મનમાં એક વાત બરાબર ઠસાવી દેવામાં આવી હોય છે કે વિધિના લેખ કોઈ ભૂંસી શકતું નથી. કોઈ એને ફેરવવા લાખ પ્રયત્ન કરે તોપણ અફર હોય છે. ભારતીય પ્રજા વિશેષે ભાગ્યવાદી હોવાથી આવી વિચારધારા વ્યાપકપણે જોવા મળે છે.

લેશમાત્ર પુરુષાર્થ કર્યા વિના ઘણી વ્યક્તિઓ જીવન સઘળું ભાગ્યાધીન છે એમ માનીને મૂંગે મોંએ પ્રવર્તમાન પરિસ્થિતિની શરણાગતિ સ્વીકારી લે છે. કેટલીક વ્યક્તિઓ નસીબની દેવીને આશરે જીવન ગુજારતી હોય છે. કેટલાક જ્યોતિષના ફળાદેશને આધારે સ્વજીવન વિશે વિચારતા અને એ મુજબ ઘાટ આપતા હોય છે. પોતાના ભાગ્યમાં ઈશ્વરે આવું જ નિર્ધારિત કર્યું છે, એવી મનમાં અફસોસયુક્ત નૈરાશ્યપૂર્ણ ગાંઠ વાળે છે. નવાઈની વાત એ છે કે ઈશ્વરે પોતાને માટે શું નિર્ધારિત કર્યું છે, એનું જ્યોતિષી નિર્ધારણ કરે છે!

ભાગ્યને જીવનસમગ્ર સોંપનારી વ્યક્તિઓ કાં તો પ્રમાદી કે નિષ્ક્રિય હોય છે અથવા તો વર્તમાન પરિસ્થિતિને ઓળંગીને વિચારવાની ક્ષમતા ધરાવતી હોતી નથી. એક સંસ્કૃત સુભાષિતમાં યોગ્ય જ કહ્યું છે:

विहाय पौरुषं यो हि दैवमेवविलम्बते ।
प्रसाद सिंहवतस्य मूर्ध्नि तिष्ठन्ति वायसा: ॥

'જે માણસ પુરુષાર્થ છોડીને દૈવ

નસીબ પર આધાર રાખે છે, તેની દશા મહેલના દ્વાર પર રાખેલા પથ્થરના સિંહ જેવી થાય છે, તેને માથે કેવળ કાગડા જ બેસે છે.'

વળી કેટલાક એમ કહે છે કે પૂર્વજન્મમાં જે કર્મ કર્યું હોય, તેનું આ પરિણામ છે, પરંતુ પૂર્વજન્મમાં પણ સત્કર્મને માટે કરેલો પુરુષાર્થ જ નસીબના ઘડતરમાં કારણભૂત હોય છે તે વાત ભુલાઈ જાય છે. સ્વપ્નાં વિનાની વ્યક્તિમાં નવી દિશામાં ગતિ કરવા માટે જરૂરી સાહસની શૂન્યતા હોય છે. એ સાચું છે કે રૂઢિચુસ્તતા અને ગતાનુગતિકતા એક અર્થમાં 'લાભદાયી' બનતી હોય છે. વર્ષો પુરાણી કે પરંપરાથી ચાલી આવતી વાત અન્ય વ્યક્તિના ચિત્તમાં સરળતાથી ગોઠવાઈ જાય છે. વર્ષોથી જે રીતે સાંભળ્યું કે વિચાર્યું હોય, તે સીધેસીધું મનના નિશ્ચિત ચોકઠામાં તત્કાળ ગોઠવાઈ જાય છે. મનને કશુંય નવું વિચારવાનો શ્રમ લેવો પડતો નથી. નવો વિચાર, મૌલિક અભિગમ કે આગવી દૃષ્ટિ રજૂ થાય, ત્યારે વ્યક્તિના મનને જુદી રીતે વિચારવાનો શ્રમ ઉઠાવવો પડે છે. આથી નવીન અને મૌલિક વિચાર આપનારને વિરોધોનો સામનો કરવો પડે છે.

કોઈ નવું સ્વપ્ન સર્જવા માટે મૌલિક વિચારદૃષ્ટિ હોવી જોઈએ. આવી મૌલિકતા અવિરત ચિંતનમાંથી પ્રગટતી હોય છે. ચીલાચાલુ પદ્ધતિને છોડીને કોઈ નવી પદ્ધતિ અજમાવવા માટે નોખા પડીને, ભિન્ન રીતે વિચારવું પડે છે. આ મૌલિક વિચાર પાછળ ચિંતનનું પીઠબળ અને એ વિચારથી સર્જાનારા ભવિષ્યનું દર્શન હોવું જોઈએ. નાવીન્યપૂર્ણ કે પરિવર્તનશીલ વિચાર કેવા ભવિષ્યનું નિર્માણ કરશે તેનો વિમર્શ કરવો પડે. વળી એક સ્વપ્ન કે એક મૌલિક વિચારથી ઇતિશ્રી થઈ જતી નથી. એ સ્વપ્ન શોધ્યા પછી એને સાકાર કરવા માટે અનન્ય ઉત્સાહ અને અવિરત પરિશ્રમને કામે લગાડવા જોઈએ.

કેટલીક વ્યક્તિઓને મનમાં સ્વપ્નાં રમાડવાં બહુ ગમે છે. એ વારંવાર કહે છે કે 'મારા જીવનનું આ એક મહાન સ્વપ્ન છે અને તેને સિદ્ધ કરવા માગું છું.' આ વાત એ એક દાયકા પૂર્વે કહી હોય છે અને આજે પણ કહેતો હોય છે. રાજકારણીનું સ્વપ્ન એ માત્ર પ્રજાને અપાતા ખોટા વાયદા અને વચનનું બીજું નામ હોય છે. વ્યક્તિના ચિત્તમાં કોઈ સ્વપ્ન કે ધ્યેય હોય, પરંતુ એનું વારંવાર ગાણું ગાઈને પોતાને આદર્શવાદી ઠેરવવાનો દંભ કરતો હોય છે. એને માટે સ્વપ્નની વાત એ ફક્ત ભાવનામય ઉચ્ચારણ જ હોય છે. આમ સ્વપ્ન કે ધ્યેય દૃષ્ટિ સમક્ષ હોય એટલું પૂરતું નથી. આવાં કેટલાંય સ્વપ્નો તો આવી આવીને આથમી જતાં હોય છે. જીવનમાં માત્ર ભસ્મ થઈ ગયેલાં સ્વપ્નોની રાખ જ જોવા મળે છે.

સ્વપ્ન કે ધ્યેયની પ્રાપ્તિ થયા પછી એને પામવાનો પુરુષાર્થ એ સૌથી મહત્ત્વની બાબત છે. જીવનમાં સ્વપ્ન મળે એટલે માર્ગ મળે, પણ એ માર્ગે ચાલવાનો મહાપુરુષાર્થ વ્યક્તિએ કરવાનો હોય છે. આને માટે એણે એના સમગ્ર જીવનને લક્ષમાં લેવું પડે છે. સ્વજીવનની ઘટનાઓને પોતાના સ્વપ્નની આંખે નિહાળવી પડે છે અને પરિણામે એનું જીવન એ કોઈ રોજેરોજ બનતી જુદી જુદી, ભિન્ન, ચિત્રવિચિત્ર, આડેધડ ઘટનાઓનો સમૂહ નહીં, પરંતુ એના સ્વપ્નને અનુલક્ષીને ચાલતા બનાવોના મણકાની માળા બની રહે છે.

કોઈ મોજથી ભ્રમણ કરવા નીકળ્યું હોય અને કોઈ ગહન પ્રભુશ્રદ્ધાથી યાત્રા કરવા નીકળ્યું હોય, ત્યારે બંને કેવા ભિન્ન લાગે છે! ભ્રમણશીલ વ્યક્તિ ક્યાંક વધુ મોજ પડતાં રોકાઈ જાય છે, ક્યાંક નજીકના જોવાલાયક સ્થળની માહિતી મળતાં એ તરફ ફંટાઈ જાય છે, જ્યારે પૂર્ણ શ્રદ્ધાથી યાત્રા કરનારની પ્રત્યેક ક્રિયા અને એનો પ્રત્યેક પ્રવાસ ધર્મ-આરાધનાની આંખે થતો હોય છે. એ કોઈ થિયેટરમાં જઈને ફિલ્મ જોવા બેસી જશે નહીં, કારણ

# સમાજ સૃષ્ટિ

કે એનો રસ સત્સંગમાં છે, જોકે આવી ધ્યેયસિદ્ધિમાં ક્યારેક એને પ્રતિકૂળતાઓ પણ આવશે, ક્યારેક આડામાર્ગે ફંટાઈ જવાનું બનશે, તેમ છતાં એ તત્કાળ જાગ્રત બનીને પોતાના મુખ્ય માર્ગ પર આવી જશે. પોતાના ધ્યેયની પ્રાપ્તિ કરવા માટે વચ્ચે આવેલી સમસ્યાઓનો મૂળમાં જઈને એનો ઉકેલ સાધશે અને જીવનમાં પુનઃ આવી સમસ્યાઓ આવે નહીં, તેવી સતર્કતા દાખવશે. ક્યાંક જરૂર પડ્યે મૂળમાર્ગે આવવા માટે એ કેટલોક ત્યાગ કરશે. કેટલાક નિશ્ચયો કરશે, પરંતુ એ પોતાના ધ્યેયમાર્ગે આવ્યા વિના રહેશે નહીં. જીવનમાં સારી કે નરસી પરિસ્થિતિ હોય, અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો હોય, તેમ છતાં એ એના ધ્યેયમાંથી વિચલિત નહીં થાય.

આદિકવિ નરસિંહ, કૃષ્ણવિરહિણી મીરાં કે મહાયોગી આનંદઘન જેવા સંતોએ પ્રભુભક્તિનું સ્વપ્ન જોયું અને પૂર્ણ ઉત્સાહથી એને સિદ્ધ કરવાના પ્રયત્નો કર્યા. સ્વપ્નને સિદ્ધ કરવા માટે સતત અન્ય સઘળું ત્યજીને મથ્યાં રહેવું પડે. માત્ર સંતો, રાજપુરુષો કે કર્મયોગીના જીવનમાં જ નહીં; બલ્કે ન્યૂટન, આઇન્સ્ટાઇન કે ઍડિસન જેવા વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓના જીવનમાં પોતાની ધ્યેયસિદ્ધિ માટે અવિરત પુરુષાર્થ જોવા મળે છે.

આમ, સ્વપ્નની સિદ્ધિ માટે પ્રગતિપૂર્ણ સક્રિયતા એ એની પ્રાપ્તિનું પ્રથમ સોપાન છે. આ સક્રિયતા સર્વદર્શી, કલ્યાણગામી અને વિધેયાત્મક પ્રયત્નોવાળી હોવી જોઈએ. પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું છે, 'જીવનવિકાસનો સિદ્ધાંત સ્થિર રહેવું તે નથી, જીવનવિકાસનો સિદ્ધાંત છે નિરંતર વિકસિત થતા રહેવું.' આ રીતે વિકસિત થવા માટે વ્યક્તિએ સક્રિયતા સાધવી પડે છે.

માનવી પર નિષ્ક્રિયતા જેવો બીજો કોઈ અભિશાપ નથી. આળસુની માફક આડો પડીને નિષ્ક્રિય માનવી સર્જાતી પરિસ્થિતિની ચૂપચાપ શરણાગતિ સ્વીકારતો હોય છે. સક્રિયતા કરતાં નિષ્ક્રિયતાની અવળી ગતિ વિશેષ ક્રિયાશીલ હોય છે. હકારાત્મક (પૉઝિટિવ) વિચારો આશાનો સરવાળો કરે છે, જ્યારે નકારાત્મક વિચારો નિરાશાનો ગુણાકાર કરતા હોય છે. સક્રિયતા વિશે એક સુભાષિતમાં કહ્યું છે :

उद्योगः खलु कर्तव्यः फलं मार्जारवद्भवेत् ।
जन्मप्रभृति गौर्नास्ति पयः पिबति नित्यशः ॥

'દરેક માણસે ઉદ્યોગ તો કરતા રહેવું જોઈએ, તેમાં ફળ તો બિલાડીની જેમ મળવાનું છે, બિલાડીને જન્મથી જ ગાયનું દૂધ સિદ્ધ હોતું નથી, છતાં પણ તે દરરોજ દૂધ પીએ છે.'

ક્યારેક નિષ્ક્રિય વ્યક્તિ સ્વયંના પ્રમાદી અને બંધિયાર જીવનનું અન્યની સમક્ષ 'ગૌરવગાન' કરતી હોય છે. વ્યક્તિઓની સક્રિયતાની મજાક ઉડાવતી કે નિંદા કરતી હોય છે અને નકારાત્મક દૃષ્ટિએ જગતને નિહાળતાં કહે છે કે 'આ જગતમાં વળી આવાં સેવાકાર્યો પાછળ જાત ઘસી નાખવાની શી જરૂર? 'હજારો વર્ષથી પૃથ્વી પર હિંસા અને હત્યા ચાલી આવી છે, એ પછી તમે કઈ રીતે અટકાવી શકશો ? આવી નિષ્ક્રિય વ્યક્તિ અન્યને માથાકૂટભરી વ્યર્થ મહેનત કરવા માટે ઉપાલંભ આપતી હોય છે, પરંતુ એની નિષ્ક્રિય દૃષ્ટિ બૂમરેંગની માફક એને જ વધુ હતાશ અને નિરુત્સાહી બનાવતી રહે છે. એનામાં તીવ્ર દોષદૃષ્ટિ જાગે છે અને એ બીજાઓ પર દોષારોપણ કર્યે જ જાય છે. પોતાની નિષ્ક્રિયતાને છાવરવા માટે નવાં, જુદાં અને ક્વચિત્ વિચિત્ર બહાનાં ઊભાં કરે છે અને એમ કરીને એ પોતાના પ્રમાદને પોષણ આપે છે. શેતાનનો સૌથી મોટો સાથી અને સહાયક નિષ્ક્રિય માનવી છે, કારણ કે એ શેતાનના વિચારને બમણા વેગથી પ્રોત્સાહિત કરતો હોય છે.

સક્રિય વ્યક્તિ આવા અવરોધોથી સહેજેય અટકતી નથી. એનું કારણ શું? એનું કારણ એ કે એનું સ્વપ્ન એ ક્યાંય બહારથી ઉધરાવેલું ઉછીનું સ્વપ્ન હોતું નથી. એના અંતરાત્મામાંથી પ્રગટ થયેલું ધ્યેય હોય છે, આથી બાહ્ય આપત્તિઓ અને મુશ્કેલીઓ કદાચ થોડોક સમય એને માટે અવરોધ ઊભો કરે, પરંતુ એ અવરોધ ચિરસ્થાયી રહેતો નથી. એનો આગવો વિચાર એના હૃદયની ભીતરમાંથી જન્મેલો હોય છે; દીર્ઘ ચિંતન અને લાંબી મથામણમાંથી પ્રાપ્ત થયેલું નવનીત હોય છે.

સાધક વ્યક્તિ માર્ગમાં આવતી મુશ્કેલીઓ, હતાશાઓ, નિષ્ફળતાઓ અને દોષારોપણોનો હસતે મુખે સામનો કરે છે. જેમણે ધ્યેયસિદ્ધિ કરી છે તેઓમાં આવી શક્તિ, સકારાત્મકતા અને વિધેયાત્મક દૃષ્ટિ આવી હશે ક્યાંથી ? આવું સ્વપ્ન એમના ચિત્તમાં પ્રગટતું હશે કઈ રીતે? આ છે માનવીના અંતરાત્માનો અવાજ, જે એના સ્વપ્ન રૂપે પ્રગટે છે. આ અવાજને કોઈ ઈશ્વરી સંકેત રૂપે ઓળખાવે છે તો કોઈ દૈવી પ્રેરણા તરીકે. જગતનાં સઘળાં કલ્યાણમય પરિવર્તનોની પાછળ માનવીય અંતરાત્માનો અવાજ કારણભૂત છે.

આ સ્વપ્ન સિદ્ધ કરવાનો માર્ગ એવો છે કે જ્યાં માત્ર આગેકૂચ થઈ શકે છે. પાછલા પગે પીછેહઠની કોઈ શક્યતા હોતી નથી. આ 'હરિનો મારગ' એ નવી ક્ષિતિજો આંબનારા શુરવીરોનો માર્ગ છે. આથી જ મીરાંબાઈએ કહ્યું હતું :

મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ;
દૂસરા ન કોઈ, સકલ લોક જોઈ.

આમ સ્વપ્નસિદ્ધિ કરનાર સતત આગળ ધપ્યે જાય છે અને અંતે સફળતા મેળવીને જ જંપે છે. આ સ્વપ્નસિદ્ધિમાં એને પરમનો, પ્રભુનો સથવારો મળે છે. એ પરમ તત્ત્વ એને સદાય સત્કાર્ય માટે પ્રેરતું રહે છે. પરિણામે એ પોતાની સઘળી ચિંતાઓ પરમતત્ત્વને સોંપીને આત્મતત્ત્વના માર્ગે ચાલે છે. આમાં એની ઈશ્વરશ્રદ્ધા મહત્ત્વની છે. આવી શ્રદ્ધા રોપીને વ્યક્તિ સ્વપ્નાં સિદ્ધ કરવા માટે પુરુષાર્થ કરે છે. ■



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# માનવતા માટે કોઈ ડીગ્રીની જરૂર નથી

એક જાણીતી દ્રષ્ટાંત કથા છે. કર્ણ પાસે એક યાચક આવ્યો. યાચકે બંને હાથ ફેલાવીને દાન માંગ્યું. કર્ણનો જમણો હાથ શસ્ત્રમાં રોકાયેલો હતો. એણે પળનો પણ વિલંબ કર્યા વગર ડાબા હાથે ગળામાંથી હાર કાઢીને યાચકને આપી દીધો. એક ગ્રામજન આ જોઈ ગયો.

એણે કહ્યું "ક્ષમા કરજો મહારાજ, પણ મારા મનમાં એક સવાલ છે".

"શું ?" "મહારાજ, આપ તો ધર્મને જાણો છો. ડાબા હાથે દાન ન અપાય છતાં પણ આપે આમ કેમ કર્યું?"

કર્ણએ જવાબમાં કહ્યું "મારો જમણો હાથ રોકાયેલો હતો. બીજું કે શક્ય છે કે હું મારા જમણા હાથને ખાલી કરું ત્યાં સુધીમાં કદાચ મારું મન બદલાઈ પણ જાય. સત્કર્મ કરવા માટે પળનો પણ વિલંબ શા માટે?"

સત્કર્મોનું વાવેતર વહેલું કે મોડું ફળ જરૂર આપે જ છે. કોઈ પણ સત્કર્મ કરતી વખતે નિઃસ્વાર્થ ભાવ હોવો અત્યંત આવશ્યક છે. કોઈને પણ મદદ કરતી વખતે એની સામે બદલો મેળવવાનો ભાવ મનમાં ન આવે એનું નામ જ સત્કર્મ. વળી ઉપર વર્ણવેલો પ્રસંગ એ દર્શાવે છે કે સત્કર્મ કરવાની તક મળે ત્યારે એ જ ક્ષણે કરી લેવામાં જ શાણપણ છે.

જાણીતા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા ખુદના અનુભવ પરથી કહે છે...તમે આપવાનું શરુ કરો. ભાઈ હોય, પડોશી હોય, કર્મચારી હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય. તમે બીલીવ નહી કરો, તમને મળવાનું શરુ થઇ જશે. બસ તમે એક વાર આપવાનું શરુ કરો.

સ્વામી રામતીર્થનું એક જાણીતું વાક્ય છે...પ્રભુની ભક્તિ કરો એ સારી વાત છે, પરંતુ નિષ્કામ કર્મ તો ઈશ્વરને ઋણી બનાવે છે, ઈશ્વર તેને વ્યાજ સહીત પાછું વાળવા અધીરો બની જાય છે!

હું મારા જાત અનુભવથી કહી રહ્યો છું..આપણું જીવન એવું જ બને છે જેવું આપણે કામ કરીએ છીએ. કોઈ અન્યના જીવનમાં પ્રકાશ ફેલાવવાથી આપણા જીવનમાં પણ પ્રકાશ ફેલાવાનો જ છે. મારા જીવનમાં જયારે જયારે વિકટ પરિસ્થિતિ આવી છે ત્યારે કોઈક અદ્રશ્ય શક્તિએ જ જાણે કે મને બેઠા થવામાં મદદ કરી છે.

એક વાત ક્યારેય ભૂલવા જેવી નથી ...નિરાશાની પળોમાં જ જીવનની ભાવિ સફળતા છુપાયેલી હોય છે!

જીવન ચકડોળ જેવું હોય છે. જે જીવન નીચે ગયું છે એ જરૂર ઉપર આવશે જ. એ જ રીતે જે જીવન હાલ સફળતાની ટોચ પર છે એ નીચે પણ આવવાનું જ છે. આ જ કારણથી કહેવાય છે કે વ્યક્તિએ સફળતામાં છકી જવાનું નથી અને નિષ્ફળતામાં નિરાશ થવાનું નથી.

સારા સમયમાં જ સત્કર્મો થાય એટલા કરી લેવા જોઈએ કારણકે જયારે મુશ્કેલ સમય ચાલતો હોય ત્યારે તો માણસ પોતાના પ્રશ્નોમાં જ એટલો બધો અટવાયેલો હોય છે કે એ દિશામાં વિચારવાનું પણ અસંભવ હોય છે. જરૂરી નથી કે આપણે કરેલા સત્કર્મોનું ફળ તરત જ મળી જાય પરંતુ જીવન અનેક સંભાવનાઓનું બનેલું હોય છે.

આપણા સૌનો અનુભવ છે કે ક્યારેક જીવનમાં અનાયાસે જ કોઈક અજાણ્યા ખૂણેથી આપણી એવી અણધારી ફેવર થતી જોવા મળે છે, જે ખરેખર તો આપણે કરેલા કોઈ સારા કર્મનો જ બદલો હોય છે!

સારો હોય કે ખરાબ ...સમય ક્યારેય બેઠો રહેતો નથી. સમયનું તો કામ જ છે વહેવાનું. ગમે તેવો વિકટ સમય પણ વહી જાય છે, જરૂર હોય છે માત્ર ધીરજની.

ઈશ્વર પરની આસ્થા અને ખુદ પરનો વિશ્વાસ માણસને તૂટવા દેતો નથી. ખરાબ સમયમાં પણ આપણે અગાઉ કરેલાં સારા કર્મો જ આપણને ટકાવી રાખતા હોય છે!

હવે થોડીક વાત સાર્થક જીવન બાબતની...સફળ જીવન તો અનેક લોકોનું હોય છે પણ જ્યાં સુધી એ સફળ જીવન જીવતી વ્યક્તિને સમાજમાં રહેલી પીડા અને દરિદ્રતા સ્પર્શતી નથી ત્યાં સુધી એનું જીવન માત્ર સફળ જ બનીને રહી જાય છે ..સાર્થક નહી.

આપણી સફળતામાં અનેક લોકોનું યોગદાન હોય છે. આપણે જો શાંતિથી બેસીને વિચારીએ તો આપણી પ્રગતિમાં આપણા પરિવાર ઉપરાંત શિક્ષકો, મિત્રો, સમાજ તથા અન્ય એવા કેટલાય લોકોનું યોગદાન જોવા મળશે જેમાં કેટલાકને તો આપણે ઓળખતા પણ નથી. અંતમાં એટલું જ કહીશ કે માનવતા માટે કોઈ ડીગ્રીની જરૂર નથી. ■



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# દીકરીઓ સાવધાન...

ઈન્સ્ટાગ્રામ... ફેસબુક.. વોટ્સએપ... જેવા સોશિયલ મીડિયાના જમાનામાં કેટલાક લોકો ફેક અને ભ્રમિત માહિતીની મોહજાળમાં ફસાઈ જાય છે, સોશિયલ મીડિયામાં જે રીલ વીડિયો આપણે જોઈએ છીએ તે હકીકતથી ઘણા દૂર હોય છે, ઘણીવાર તે એ આઈ જનરેટેડ હોય છે, આ બધી આભાસી.. ઝાક ઝમાળ અને ચમક દમક જોઈને માસૂમ નાદાન દીકરીઓ આવા આવારા લફંગાઓની મોહજાળમાં ફસાઈ જાય છે અને જીવનનું સર્વસ્વ ગુમાવી દે છે, આ બધા લુખ્ખા લફંગાઓ રોડ ઉપર, જાહેર સ્થળોએ,મોલમાં,થિયેટરોમાં.. ભાડાના ફેશનેબલ સ્ટાઈલિશ કપડા... ગોગલ્સ પહેરીને રખડતા રહેતા હોય છે, મહિનાના પાંચ હજાર કમાવાની તેમની ત્રેવડ કે હેસિયત હોતી નથી અને લાખો રૂપિયાના મોજ શોખની લોભામણી વાતો કરીને ભોળી માસુમ નાદાન દીકરીઓને ટાર્ગેટ કરીને ફસાવતા હોય છે, ખીસામાં ૧૦૦ રૂપિયા નથી હોતા પરંતુ ઉછીના ઉધાર લઈને... નાની મોટી ચોરીઓ કરીને કે પછી કોઈ બીજાનું બાઇક કે ગાડી લઈને છેલ સટાક થઈને રોલો પાડતા ફરતા રહેતા હોય છે, ઘણીવાર ગરીબ ઘરની દીકરીઓ તેમની આ લાઈફ સ્ટાઇલ જોઈને અંજાઈ જતી હોય છે, તો વળી ક્યારેક શ્રીમંત ઘરના નબીરા પણ લફંગાની વ્યાખ્યામાં આવતા હોય છે, આ નબીરાઓને કમાવાની ચિંતા તો હોય નહીં એટલે બાપના પૈસાથી તાગડ ધીન્ના કરીને લક્ઝરી ગાડીઓમાં શહેરના પોશ એરિયામાં ફરતા રહેતા હોય છે, તેઓ પણ ગરીબ છોકરીઓને ફસાવતા રહેતા હોય છે, ક્યારેક આવી છોકરીઓ સામૂહિક બળાત્કારનો ભોગ પણ બનતી હોય છે, આના ન્યૂઝ પણ આપણે વારંવાર સાંભળતા હોઈએ છીએ, કેટલીયે ફરિયાદો આબરૂ જવાની બીકે પોલીસ ચોપડે નોંધાતી પણ નથી હોતી, પોલીસ ફરિયાદો નહીં નોંધાવવામાં શ્રીમંત કુટુંબોની સામ, દામ, દંડની નીતિ અને તેમની પહોંચ..વગ કામ કરતી હોય છે, આ બધી ઘટનાઓમાં કેટલાય નાજાયસ બાળકો જન્મ લઈ લેતા હોય છે, આખરે કુંવારી માતા બનીને આ બાળકોના ઉછેરની જવાબદારી પણ દીકરીઓના માથે આવતી હોય છે, એક જ નાનકડી ભૂલને કારણે વેઠવાનું તો દીકરીઓને ભાગે જ આવે છે તે કડવી વાસ્તવિકતા છે,

હવે જોવાનું એ રહે છે કે આ બધું બનવા પાછળ શું રખડેલ અને આવારા છોકરાઓ જ જવાબદાર છે ?? શું દીકરીઓએ એટલી સમજણ મેળવવી જરૂરી નથી કે આવા લુખ્ખા તત્વોના સંકજામાં ફસાય નહીં, એવું ભોળપણ પણ શું કામનું જેને મૂર્ખતાનું લેબલ લાગે, તમે એવા તે કેવા નાદાન છો કે જ્યારે તમને આવા રખડેલ લફંગાઓ દ્વારા ફસાવવા આવે છે ત્યારે તમને તમારા માં બાપ પણ દુશ્મન લાગવા માંડે છે, તમે અંધ વાસનાના આંધળા ચક્રવ્યૂહમાં એવા ફસાવ છો કે તમારા માં બાપના ઘરેણા લઈને આગળ પાછળનો વિચાર કર્યા વગર આવા લુખ્ખા જોડે ભાગી જાવ છો, જ્યારે સાચી વાતનું તમને ભાન થાય છે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે, તમારા ખોળામાં બે બાળકો રમતા હોય છે, આખરે તમે કુંવારી માતા બનીને જીવનભર નિસાસા નાખો છો પરંતુ આ જાતે ઉભી કરેલી પીડા તમારે ભોગવ્યા વગર છૂટકો નથી, જે લફંગા જોડે તમે ભાગ્યા હોવ છો એ એવી નાવ છે કે જે મજધારમાં જ ફસાઈ જાય છે, કિનારો નજીક હોવા છતાં તમે કિનારે પાછા નથી ફરી શકતા, પરિસ્થિતિ એટલી ભયંકર અને વિકટ બને છે કે તમે મોત ઈચ્છો છો પરંતુ મોત પણ તમને સ્વીકારવાની ના પાડી દે છે, હવે બાકીની જિંદગી આજ લફંગા જોડે જીવતા નર્ક જેવી સ્થિતિમાં પસાર કરવી પડે છે.

એક અજાણી એવી વ્યક્તિ જેના વિશે તમે કંઇ જાણતા નથી, એવી વ્યક્તિના ચક્કરમાં પોતાનું જીવન, માબાપની પ્રતિષ્ઠા આ બધું દાવ પર લગાવી દો છો, આવારા રખડતા આવા તત્વોની અસલિયત જ્યારે બહાર આવે છે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે, તમારી સાથે પ્રેમનું નાટક કરતો આજ માણસ તમારી સાથે મારઝૂડ કરતો થઈ જાય છે, તમને ઘરની બહાર નીકળવા નથી દેતો, નર્કની યાતના ભોગવ્યા વગર તમારે છૂટકો નથી હોતો, જીવતા નર્કમાં તમારી આખી જિંદગી પસાર થાય છે, તમે બધી જ રીતે બરબાદ થઈ જાવ છો, નથી તમારે માટે આગળનો રસ્તો ખુલ્લો હોતો કે નથી પાછા ફરવાનો વિકલ્પ, જીવતી લાશ બનીને તમે તમારું બાકીનું જીવન પસાર કરો છો.

ઘણીવાર તો એવું બને છે કે જે લફંગા કે રખડેલ જોડે તમે ભાગ્યા હોવ છો તે તમારી સાથે લગ્ન જ નથી કરતો,ક્યારેક તમને બ્લેકમેઇલ કરીને તમારું શારીરિક

# સમાજ સૃષ્ટિ

શોષણ કરતો રહે છે. તેના મિત્રો પણ તમારુ શારીરિક શોષણ કરે છે. માટે જ કહું છું જાગો દીકરીઓ..જાગો.. શું ક્યાંક કોઈ લફંગો તમારું જીવન બરબાદ ના કરી નાખે, કોઈ પણ નિર્ણય લેતાં પહેલા આખી દુનિયામાં સૌથી વધારે તમારું ભલું ઈચ્છતા.. તમારું હિત જોતા.... તમારા હિતેચ્છુ એવા તમારા માં બાપને વિશ્વાસમાં લેજો..તો ખોટા નિર્ણયને કારણે ભવિષ્યમાં ઉભા થનાર જીવતા નર્કમાંથી તમે બચી જશો.

વ્હાલી દીકરીઓ... ચેતી જજો... થોડાક નાના મોટા મોજ શોખ માટે તમારા જીવનને બરબાદ થતું બચાવો, લફંગા તરફથી મળતી નાની મોટી ગિફ્ટ તમારા જીવનને ભરખી જશે તે નક્કી છે.

આ બધું બન્યા પછી પણ તમે આ લફંગાની ચુંગાલમાંથી છૂટવા માંગતા હોવ.... બચવા માંગતા હોવ..આ લફંગાની જાળમાંથી મુક્ત થવા ઈચ્છતા હોવ તો પોલીસની મદદ લઈને એક નવી જિંદગીની શરૂઆત કરી શકો છો,આ કપરી પરિસ્થિતિમાં તમારો પરિવાર જરૂર તમારી સાથે રહેશે, એમનો કોઈ પણ રીતે સંપર્ક કરી તેમની મદદ માંગો, તમારો પરિવાર ચોક્કસ તમને મદદ કરશે.

હવે એક બીજા દ્રષ્ટિકોણથી વિચારીએ કે આવું બધું ના થાય તેમ તમે ઈચ્છતા હોવ તો થોડી જાગૃતિ...થોડી સાવચેતી રાખશો તો તમારૂ જીવન બરબાદ થતું બચી જશે તે નક્કી, આ ઉપરાંત જીવનને એક અલગ જ દિશા આપીને, એક અલગ જ મોડ ઉપર લઈ જઈને બીજી દીકરીઓ માટે તમે રોલ મોડલનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ બની શકો છો, બધી જ દીકરીઓને શિખામણ એ છે કે જીવનમાં બોયફ્રેન્ડ નહીં હોય તો કશું ખાટું મોળું નથી થઈ જવાનું,તમારે કેટલા બોય ફ્રેન્ડ છે તેના આધારે સમાજ કે દુનિયા તમારી મૂલવણી નહીં કરે પરંતુ તમે જીવનમાં શું હાંસલ કર્યું?,તમે તમારા પગ ઉપર ઉભા રહી શકો તેટલું શિક્ષણ મેળવ્યું છે?, તમારા રોલ મોડલ કોણ છે ? તમારા સપનાઓને ઉંચી ઉડાન આપવા માટે તમે કેટલા પ્રયત્નશીલ છો?, એક દીકરી તરીકે તમે સમાજને દેશને ગૌરવ થાય તેવું શું કામ કર્યું છે? તેને આધારે તમારું મૂલ્ય અંકાશે, ઓપરેશન સિંદૂરમાં આપણે જોયું કે ભારતની દીકરીઓ એ કેટલા સાહસથી દુશ્મનના દાંત ખાટા કરી દીધા હતા, આજે દીકરીઓ અવાજની ઝડપે ઉડતા જેટ વિમાનો ચલાવે છે, અવકાશયાત્રી બની પૃથ્વીનું ભ્રમણ કરી બ્રહ્માંડનો તાગ મેળવે છે, સુનિતા વિલિયમ્સ અને કલ્પના ચાવલા આના શ્રેષ્ઠ ઉદાહરણ છે, દીકરીઓ ઈસરો, ભાભા એટમિક, અને ભારતીય લશ્કરમાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજી દેશની સેવા કરી રહી છે, ઉપરાંત વિદેશની નાસા જેવી સંસ્થામાં કામ કરીને દેશનું નામ રોશન કરી રહી છે, દીકરીઓ તમે આવા સપનાઓ જુઓ, પાયલોટ,કલેક્ટર,ડોક્ટર જેવા ઉચ્ચ હોદ્દા ઉપર બેસી આવનાર પેઢી માટે રોલ મોડલ બનો. દુનિયામાં ફુલ અને કાંટા બંને છે પસંદગી તમારે કરવાની છે તમારે ક્યા રસ્તે જવું!! કોઈ લફંગાની જાળમાં ફસાઈને જીવન બરબાદ કરવું કે પછી ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી બનાવીને પરિવાર સમાજ અને દેશનું ગૌરવ બનવું! ■

મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

(અનુ. પેઈજ ૧૯નું શરૂ)

## કૃષિમાં મહિલા ભાગીદારી

આ બધામાં સૌથી વૃદ્ધ મહિલાની ઉંમર ૭૨ વર્ષની હતી. તો સૌથી ઓછી ઉંમરનાં આંદોલનકારી ૨૦ વર્ષની હતી. તેની સાથે એક નાનું બાળક પણ હતું. તેઓ પંજાબના ભટીન્ડા જિલ્લામાંથી આવેલા. સિત્તેર વર્ષ કરતાં વધુ ઉંમરની ઘણી મહિલાઓ હતી. એમાંના એક હતાં જસબીર કૌર. તેમણે કહ્યું કે, ''અમે પોતાની મરજીથી અહીં આવીને વિરોધ પ્રદર્શનોમાં સામેલ થવાનો નિર્ણય કર્યો. અમે પણ ખેડૂત છીએ. પણ તેઓ અમને કાંઈ સમજતા જ નથી.''

એક અહેવાલ મુજબ દુનિયામાં ૨૪૦ કરોડ મહિલાને પુરુષ સમાન અધિકારો મળ્યા નથી અને આ ખાઈ પૂરતાં બીજા ૫૦ વર્ષ લાગી જશે. જમીન હોય કે પછી સેવાઓ, ઉધારીની વાત હોય કે પછી ડિજિટલ ટેકનોલોજીમાં મહિલાઓ સાથે ભેદભાવ થાય છે. આફ્રિકા અને દક્ષિણ એશિયામાં કૃષિ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધુ છે પણ એમને વેતનમાં અન્યાય થાય છે. આપને ત્યાં તો કૃષિ ક્ષેત્રે મહિલાઓનું શોષણ પણ થાય છે. એમની સાથે દુર્વ્યવહાર પણ થાય છે. કમનસીબી એ છે કે, બહુ ઓછા દેશો આ ભેદભાવ દૂર કરવાને અગ્રીમતા આપે છે. પણ વિશ્વના દેશોએ સમજવું પડશે કે, આ ભેદભાવ દૂર કરવો જ પડશે, કારણ કે એમાં બધાનું નુકસાન છે. અને એટલે જ મહિલા ખેડૂત આંદોલનનો નારો રહ્યો છે, સો મેં સત્તર કામ હમારે, લિખો બહિ મેં નામ હમારે. ■

## સમાજ સૃષ્ટિ



**હરજીવન રંગપરિયા**
લેખકના સાહિત્યક તથા ચિંતનાત્મક લેખો
વિભિન્ન સામયિકોમાં નિયમિત પ્રકાશિત થાય છે

# નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ - 3

નાથિયો બીજે દિવસે સવારે સાત વાગ્યે શેઠની ઓફિસે પહોંચી ગયો. નોકર શેઠની સૂચના પ્રમાણે તેને શહેરના ગીચ વિસ્તારમાં આવેલાં ગોડાઉને લઈ ગયો. ગોડાઉનનો ચોકીદાર શેઠની ચિઠ્ઠી વાંચી નાથિયાને ભૂગર્ભમાં આવેલાં વિશાળ ગોડાઉનમાં લઈ ગયો. લાકડાંની પેટીઓનાં થપ્પા પડેલા હતા. નાથિયાને ચિઠ્ઠીમાં આપેલા સરનામે ત્રણ પેટી પહોંચાડવા કહ્યું. નાથિયો નિશ્ચિત સ્થળે ત્રણેય પેટીઓ ઉતારી શેઠની ઓફિસે ગયો. શેઠે કોઈની સાથે ફોન પર વાત કરી મેનેજરને બોલાવ્યો ને નાથિયાને એક હજાર રૂપિયા આપવા સૂચના આપી.

એક ફેરાના એક હજાર રૂપિયા ? નાથિયાને કંઈ સમજ ન પડી. તેને વધુ સમજવું પણ નહોતું. શેઠે તેને બીજી સવારે સાત વાગે આવી જવા કહ્યું. રોજનાં પાંચેક ફેરા. પાંચ કલાકનું કામ. તોયે મહેનતાણાંનાં દરરોજનાં પાંચ હજાર રૂપિયા ? નાથિયાને સમજતા વાર ન લાગી કે શેઠ આખા રાજ્યમાં વિશાળ નેટવર્ક ધરાવતો બૂટલેગર હતો. નાથિયાને શેઠ શું ધંધા કરે છે તેની પડી નહોતી. તેને તો દરરોજની પાંચ હજારની કમાણીમાં રસ હતો. શેઠે એકાદ વર્ષમાં નાથિયાનું હીર પારખી લીધું. તે શેઠનો વિશ્વાસુ બની ગયો. નાથિયાને છગનની પેલી વાત યાદ આવી કે અમુક લોકો કઈ રીતે સંપતિવાન બને છે. તેને દુનિયાનું આ સત્ય પૂરી રીતે સમજાઈ ગયું. નાથિયાને આ ધંધો ફાવી ગયો. તેને હવે કશો ડર લાગતો નહોતો.

ત્રણેક વર્ષમાં નાથિયો પણ ત્રણ બેડરૂમના ફ્લેટનો માલિક બની ગયો. ઘરમાં કામવાળાં હતાં. પાછલી ઉંમરમાં તેનાં માંદલાં માબાપને નર્કાગાર જેવી ઝુપડપટ્ટીમાંથી છૂટકારો અપાવી આવી સુખ સગવડો અપાવી શકયો તેનો નાથિયાને આનંદ હતો. પણ, લાંબો સમય સુખ, સગવડો ભોગવવાનું બન્નેનાં નશીબમાં નહોતું. નાથિયાની માનો ટી. બી . વકરી ગયો. નિષ્ણાંત ડોક્ટરની સારવાર છતાં તેની મા ટી. બી . સામે લાંબુ ટકી ના શકી ને મૃત્યુ પામી. તેના દારૂડિયા બાપનું લીવર વધુ બગડતા તેનું સ્વાસ્થ્ય પણ વધું કથળી જવાથી તે પણ મૃત્યું પામ્યો. મા બાપનાં મૃત્યુંથી નાથિયો એકલો થઈ ગયો.

આ બાજુ, તેને એક પછી એક સફળતાઓ મળતી ગઈ. થોડાં વર્ષોમાં પાંચ ટેમ્પો ખરીદ્યા. ડ્રાઈવરો રાખ્યા. દરરોજના પંદર ફેરા કરવા લાગ્યો. શેઠના બાંધકામ, ઓટો પાર્ટસ, બેરીંગનાં પણ ધંધા હતા. આ બધા ધંધાનું ટ્રાન્સપોર્ટનું બધું કામ નાથિયો સંભાળવા લાગ્યો. સાથે એન. જી. ઓ. બનાવી સરકારી યોજના હેઠળ શૌચાલય બનાવવાના, જલસે નલ તથા ચેક ડેમ બનાવવાની યોજના કોન્ટ્રાક્ટ મેળવી લીધા. છગનની પૈસા બનાવવાની 'શોર્ટ કટ'ની વાત અમલમાં મૂકી . નાથાલાલે પણ અધિકારીઓ સાથેની સાંઠગાંઠથી કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો. સાથે કન્સ્ટ્રક્શન, ઓટો પાર્ટસ તથા પેટ્રોલ પમ્પસનાં પણ ધંધા કર્યાં.

થોડાં વર્ષોમાં નાથિયો કરોડોની સંપત્તિનો માલિક થઈ ગયો. હવે તે વૈભવી સગવડો, બગીચા, સ્વિમિંગ પૂલવાળા વિશાળ બંગલાનો માલિક હતો. પાંચ લક્ઝરી કારોનો કાફલો, ડ્રાઈવરો, નોકર ચાકર, રસોયાઓ, ચોકીદારો તેની સેવામાં હાજર રહેતા. બંગલાની બાજુમાં વિશાળ ઓફીસ હતી. તે ભલે બાર ધોરણ પાસ હતો. પણ, તેની ઓફીસમાં એન્જિનિયર્સ ચાર્ટર્ડ એકાઉન્ટનટસ, મેનેજમેન્ટ નિષ્ણાંતો તેના વિવિધ ધંધાનું સંચાલન કરતાં.

આ બાજુ નાથાલાલના શેઠના પણ અનેક ધંધા હતા. તેને એમ. બી. એ. થયેલી એક પુત્રી હતી, જે શેઠને ધંધામાં મદદ કરતી. શેઠની પણ ઉંમર થઈ હતી. કોઈ ધંધો સંભાળે તેવી તેને ઈચ્છા હતી. નાથાલાલની કાબેલિયત પારખી શેઠે પોતાના બિઝનેસમાં પચાસ ટકાનો ભાગીદાર બનાવ્યો. નાથાલાલ દરરોજ અડધો દિવસ શેઠની ઓફિસે પણ આવતા.

સાંઠની ઉંમરે પહોંચેલા શેઠ બીમાર પણ રહેતા ને તેથી ક્યારેક જ ઓફિસે આવતા. બધો કારોબાર શેઠની પુત્રી તથા નાથાલાલ સંભાળતાં. શેઠની પુત્રી રુપવાન, ગુણવાન અને હોંશિયાર હતી. નાથાલાલ બાર ધોરણ પાસ હોવા છતાં બીઝનેસમાં બાહોશ, વહીવટ કુશળ, દીર્ઘદ્રષ્ટા, સંસ્કારી ને હોંશિયાર હતા. શેઠની પુત્રીને નાથાલાલમાં પોતાની કલ્પનાનો પુરુષના દેખાયો. બન્ને એકબીજા તરફ આકર્ષાયાં ને બન્ને યુવાન હૈયાં પ્રેમમાં પડ્યાં. બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. શેઠાણીની પણ આ જ ઈચ્છા હતી. બન્નેનાં ધામધૂમથી લગ્ન થયાં. થોડાં વર્ષોમાં શેઠ શેઠાણી મૃત્યું પામ્યાં. શેઠની પુત્રી શેઠની બધી સંપત્તિની માલિક બની ગઈ. બન્નેને ત્યાં પુત્ર ને પુત્રી જન્મયાં.

# સમાજ સૃષ્ટિ



જોત જોતામાં પંદર વર્ષનો સમય પસાર થઈ ગયો. નાથાલાલની ગણના રાજ્યનાં શ્રેષ્ઠ ધનવાન ઉદ્યોગપતિ તરીકે થતી. ઘણી સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓમાં પ્રમુખ બન્યા. આવી સંસ્થાઓમાં ઉદારતાથી દાન આપતા. ગરીબોને મફત સારવાર આપવા હોસ્પિટલો , શિક્ષણ માટે સ્કૂલો, નિરાધાર માટે અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો સ્થાપ્યાં. માન, સન્માન, પ્રતિષ્ઠા મળ્યાં. રાજકીય આગેવાનો, ઉચ્ચ સરકારી અધિકારીઓ, વિવિધ સમાજનાં આગેવાનો તેને અવારનવાર મળવા આવતા. તેને વૈભવી જિંદગી વચ્ચે પણ ભૂતકાળ યાદ આવતો ત્યારે તેનું મન દુઃખ, દર્દ ને પીડાથી ભરાઈ જતું. રાત દિવસ તનતોડ મજૂરી કરતાં લાચાર મા બાપ, બહેનની દયનીય જિંદગી, બહેન પરનો બળાત્કાર ને લાચારીમાં કરેલી આત્મહત્યાની કડવી યાદોની વેદના તેનાં હદયને કોરી ખાતી. બહેનનાં બળાત્કાર ને આત્મહત્યા માટે જવાબદાર ભ્રષ્ટ પોલીસ અધિકારી તથા નરાધમો પર કશુ ન કરી શકવાની લાચારી તેનાં દિલો દિમાગને ખૂન્નસથી ભરી દેતાં. પોલીસ અધિકારી તથા નરાધમોને કોઈ પણ ભોગે ગોતી બદલો લેવાની તેની પ્રતિજ્ઞા યાદ આવતાં તેના સુખ, ચેન, શાંતિ હણાઈ જતાં હતાં. આ માટે તેની સંપતિ પૂરી નહોતી. તેને કોઈ સરકારી હોદાની જરુર હતી.

એક દિવસ તેને આ માટે તક મળી ગઈ. નાથાલાલની સામાજિક પ્રતિષ્ઠાને લીધે શાસક પક્ષે તેને પક્ષમાં મહત્વનો હોદો આપ્યો. એકાદ વર્ષમાં ધારાસભાની ટિકિટ આપી. બહોળી બહુમતીથી ચૂંટાયાને સરકારમાં ગૃહ તથા શહેરી વિકાસ જેવાં મહત્વનાં ખાતાનાં પ્રધાનનો હોદો મળ્યો . એને ક્લાર્ક નહીં , પ્રધાન થવાનું હતું એટલે ડીગ્રીનો કોઈ સવાલ નો'તો. હવે તેના માટે બહેનનો બદલો લેવાનું કામ આસાન બન્યું.

નરાધમોને કાયદા હેઠળ સજા કરાવવાનું આસાન નહોતું . પોતાની રીતે બદલો લેવાનું નક્કી કરી તેણે રાજ્યનાં એ. ટી એસ. વિભાગને મફતિયા પરમાં રહેતા "ટેરર" ગેંગનાં નરાધમો ગગન, મગન ને પરેશનો ખાનગી રાહે પતો લગાવવાની કામગીરી સોંપી. પંદરેક દિવસમાં એ. ટી.એસે .ત્રણેયની ધરપકડ કરી. પોલીસ પર ફાયરીંગ કરી ભાગી જવાના ગુનામાં એ.ટી.એસે. ત્રણેયને એક્રાઉન્ટરમાં ઠાર કર્યા. તેઓની ગેરકાયદેસર સંપતિ પર બુલડોઝર ફેરવી દીધું. એ.સી.બી.એ પોલીસ અધિકારી નરેશ પટેલની માહિતી મેળવી. ભ્રષ્ટાચાર કરી કરોડોની અપ્રમાણસર સંપતિ ભેગી કરવાના કારણોસર તેની ધરપકડ કરી. કોર્ટે દસ વર્ષની જેલ સજા કરી. તેની કરોડોની સંપતિ જપ્ત કરી. મનમાં વર્ષોથી જલતી બહેનનાં બદલાની આગ શાંત થઈ.

ઘણા સમયથી નાથાલાલનાં મનમાં તેની ઝુપડપટ્ટી જોવાનું મન થયા કરતું . એક દિવસ કેબીનેટની મિટિંગમાં હાજરી આપી બંગલે પરત ફરતી વખતે તેણે ડ્રાઈવરને કાર સરદાર પટેલ રીંગ રોડ પરથી લેવાની સૂચના આપી. રિંગ રોડ આવતા તેણે ડ્રાઈવરને કાર ધીમે ચલાવવાની સૂચના આપી. કારની ઝડપ એકદમ ધીમી થઈ ગઈ . ધીરે ધીરે ચાલતી કાર ઝુપડપટ્ટી પાસેથી પસાર થઈ. નાથાલાલે કારનો ગ્લાસ ખોલી નજર કરી . આ એ જ ઝૂંપડપટ્ટી હતી જયાં તેનું બચપણ પસાર થયેલું. આજે પણ એ ઝુપડપટ્ટી ત્રણ કિલોમીટર જેટલાં વિસ્તારમાં ફેલાયેલી હતી. એક ઝૂંપડી પાસે કાર આવતા તેણે ડ્રાઈવરને કાર સાઈડમાં ઊભી રાખવા કહ્યું .

ડ્રાઈવરે કાર ઉભી રાખી. નાથાલાલ કારમાંથી નીચે ઉતરી સો ફૂટ દૂર આવેલાં એક ઝુપડા પાસે ઉભા રહી ગયા . વર્ષોથી મનના એક ખૂણામાં ધરબી દીધેલો તેનો ઝૂંપડપટ્ટીનો ભૂતકાળ ઉભરી આવ્યો . આ એ જ ઝૂંપડું હતું , જ્યાં તે દુબળી પાતળી માની કૂંખે જન્મ્યો હતો. તેના દુબળાં પાતળાં મા બાપ ને ઉછળકૂદ કરી પોતાના ખભે ટીંગાઈ જતી નાની બહેન ગીતા તેની નજર સામે જીવંત થઈ ગયાં.

ફાટેલાં તૂટેલાં કંતાનવાળું ઝુંપડું , ઝુપડાંના ખૂણામાં પડેલાં બે-ચાર તૂટેલાં જૂના વાસણો, તૂટેલો ખાટલો ને તેના ઉપર પડેલાં ત્રણેક ફાટેલાં ગોદડાં , માટીનો ચૂલો , તૂટેલી પતરાની જૂની બેગમાં પડેલાં પાંચેક જોડી તૂટેલાં કપડાં , બહાર પથ્થર પર બેસી કરેલું સ્નાન , નળ પરની લાંબી લાંબી લાઈનો, તનતોડ મહેનત કરી થાકીને આવતાં મા બાપ, ભૂખમરો , સૂકો રોટલો, ડુંગળીની દડો.

ગંદકીના ઢગલા, ખુલ્લી ગટર પર બણબણતાં મચ્છરો, ચોમાસાનાં કંતાનમાંથી ટપકતાં પાણીમાં ભીંજાતાં તથા ઠંડીમાં ધ્રૂજતાં પસાર કરેલી રાતો, ચાની લારી પર ખાધેલી શેઠની ગાળો. શોષણ, અત્યાચાર ને અપમાનથી ભરેલી નર્કાગાર જેવી જિંદગીનાં દ્રશ્યો ફિલ્મના રોલની જેમ એક પછી એક તેના માનસપટ પરથી પસાર થતાં રહયાં . તેનાં હદયની ધડકન વધી ગઈ. વેઠેલાં દુઃખ, દર્દ ને પીડા તેની આંખોમાંથી આંસુ બની ટપકતાં રહ્યાં. દસેક મિનિટ ભૂતકાળની કડવી યાદોમાં પીસાતો ઉભો રહયો. તેણે આખી સોસાયટી પર નજર ફેરવી. અસંખ્ય ફાટેલાં તૂટેલાં કંતાનવાળાં ઝૂંપડાં, ગટરનાં ગંધાતા પાણી,

## સમાજ સૃષ્ટિ

ફાટેલાં તૂટેલાં કપડામાં દોડતાં બાળકો, દારુણ ગરીબીમાં પીસાઈ, ગટરમાં સબડતાં કીડાની જેમ જીવતી માનવ લેશો . તેનું મન દર્દથી ભરાઈ ગયું. તે વધુ સમય ઊભો રહી શકે તેમ નહોતો. ડ્રાઇવરે કારનું ડોર ખોલતા તે કારમાં બેઠો. કાર પૂરપાટ ઝડપે બંગલા તરફ દોડવા લાગી. નાથાલાલ કાચની બારીમાંથી રોડની બંને સાઈડમાં આવેલા ગગનચુંબી એપાર્ટમેન્ટસ, વૈભવી બંગલા, વૈભવી હોટલો, વિશાળ મોલ્સ, રસ્તા પર દોડતી લક્ઝરી કારોને જોતા રહ્યા.

નાથાલાલ નાણાની તાકાતની કમાલ વિશે વિચારતા જ રહ્યા , એક બાજુ કરોડો લોકોને ભૂખમરો તો, બીજી બાજુ ચંદ લોકોને વૈભવી હોટલોમાં મોંઘાડાટ ભોજનો. એક બાજુ રોટી, કપડાં, મકાનનાં અભાવમાં ઝૂંપડપટ્ટીમાં નર્કાગાર જિંદગી જીવતાં ગરીબો , તો બીજી બાજુ વૈભવી બંગલામા વૈભવી જિંદગી જીવતા શ્રીમંતો. એક બાજુ ગંધાતાં કાદવ કીચડમાં જીવાતું શિક્ષણથી વંચિત ગરીબ બાળકોનું બચપણ તો બીજી બાજુ મોંઘીદાટ સ્કૂલોમાં ભણતા શ્રીમંતોનાં બાળકોનું વૈભવી બચપણ. બન્નેનાં જીવન ધોરણમાં આકાશ પાતાળ જેટલી અસમાનતા.

વ્યક્તિનું સામાજિક સ્થાન, સત્તા, પદ, પ્રતિષ્ઠા, રહેણીકરણી, જીવનધોરણ, સંતાનોનાં અભ્યાસનું સ્તર, ઈજ્જત, મિત્રો, સગાંસંબંધીઓ, પ્રસંગો, રીત રિવાજો તેની સંપતિનાં આધારે થાય છે. નાણાં વગર વ્યક્તિનું અમૂલ્ય માનવ જીવન નર્કાગારમાં વેડફાઈ જાય છે. તેને છગન યાદ આવી ગયો. છગનની વાત માની તેણે હિંમતપૂર્વક નવી જિંદગી શરુ કરી ન હોત તો, આજે પણ તે કદાચ આ ઝૂંપડપટ્ટીમાં સબડતો હોત. બુટલેગર સાથેની શરૂ થયેલી તેની સફળતાની યાત્રાના દ્રશ્યો એક પછી એક તેના માનસપટ પરથી પસાર થતાં રહ્યાં .

ઘણાં ગોરખધંધા કરવા છતાં તે આજે સમાજમાં સજ્જન, સદાચારી, દાનવીર વ્યક્તિ તરીકે પ્રતિષ્ઠા, માન, સન્માન પામ્યા હતા. કોઈ પણ કામ તેના માટે અશક્ય નહોતું. જ્યાં પણ જાય ત્યાં આગેવાનો તેનાં સ્વાગતમાં ઉભાં રહેતાં. ચૂંટણી જીતી પ્રધાન બની ગયા. કારણ હતું , પૈસો. પૈસા વગરના વ્યક્તિની કિંમત બે કોડીની પણ નથી, જ્યારે પૈસો વ્યક્તિને સામર્થ્યવાન, સત્તાવાન ને પ્રતિષ્ઠાવાન બનાવી દે છે , તે તેને બરાબર સમજાઈ ગયું હતું. વિચારોમાં ક્યારે બંગલો આવી ગયો તેનું ધ્યાન જ ન રહ્યું. બંગલે આવી તેણે પહેલું કામ તેના સચિવને ફોન પર સરદાર પટેલ રીંગ રોડ પર આવેલી ઝુપડપટ્ટીનો સર્વે કરી તે જગ્યાએ ત્રણ વર્ષમાં સરકારી આવાસ યોજના પૂરી કરવાની, આવાસ યોજના બની જાય ત્યાં સુધી દરેકને ખાલી સરકારી આવાસોમાં મફત રહેણાંક આપવાની કડક સૂચના આપી. દરેકને જરુરી દસ્તાવેજો પૂરા કરી આયુષ્યમાન કાર્ડ બનાવવાની પણ સૂચના આપી. એક વખતના પોતાના જાત ભાઈઓ માટે કશુંક કરવાના સંતોષે તેના ઉદાસ મનને થોડી શાંતિ આપી. નાથાલાલ વૈભવી બેડ પર સૂતા. પરંતુ આજે તેને ઊંઘ નહોતી આવતી. ઉભા થઈ બેડરૂમમાંથી વિશાળ હોલમાં આવ્યા. મોંઘા સોફા પર થોડી વાર બેઠા. હજુપણ મન બેચેન હતું. મનને શાત કરવા, બંગલાના વૈભવી ડ્રોઈંગરુમ, વિશાળ ડાઈનિંગ હોલ, હોમ થિયેટરમાં લટાર મારી એક બેડરૂમમાં આવ્યા . તેની પત્ની અને તેનાં બન્ને બાળકો સૂતાં હતાં. બીજા બેડરૂમની સાઈડમાં રહેલો એક કબાટ ખોલ્યો. આખો કબાટ પૈસાથી ભરેલો હતો. સામેની દિવાલમાં તિજોરી હતી. તેણે કોડવર્ડથી તિજોરી ખોલી. તિજોરી સોના, ડાયમંડનાં ઘરેણાંથી ભરેલી હતી.

ત્યાંથી વિશાળ કમ્પાઉન્ડમાં આવી લાઈટ ઓન કરતાં પાંચ ફ્લડ લાઈટથી ત્રણ એકરમાં પથરાયેલું કમ્પાઉન્ડ દિવસ જેવા પ્રકાશથી ઝળહળી ઉઠયું. રંગબેરંગી ફૂલોનાં છોડ, જાતજાતનાં વૃક્ષો, વિશાળ સ્વિમિંગપુલ, વૈભવી ખુરશીઓને અને હિંચકાથી શોભતા કમ્પાઉન્ડમાં લટાર મારી, પશ્ચિમ બાજુમાં રહેલા હિંચકા પર બેઠા. ફ્લેડ લાઈટમાં ઝગમગતાં સ્વિમિંગપુલમાં ભરેલા પાણી પર નજર પડી. તેને ઝૂંપડપટ્ટીનો જાહેર નળ યાદ આવી ગયો. કયાં એક બેડા પાણી માટે લાગતી લાંબી લાંબી લાઈનોને પાણીનાં અભાવે એકાદ અઠવાડિયે કરવા મળતું સ્નાનને ક્યાં આ કરોડો લિટરથી ભરેલો વિશાળ સ્વિમિંગપુલ ? એક બાજુ પાણીના એક એક બુંદ માટે વલખાં મારતાં ગરીબ લોકો, અને બીજી બાજુ સ્વિમિંગપુલમાં નહાવા માટે કરોડો લિટર પાણી વેડફી દેતાં ધનવાન લોકો. મનને વધુ અશાંત થતું રોકવા ફલડ લાઈટ બંધ કરી ફરી પોતાના બેડરૂમમાં આવ્યા. વૈભવી બેડ ઉપર સૂતા સૂતા વિચારતા રહયા, યુવાન વયે ભલે તે ગરીબ હતો. પણ, સજ્જન, પ્રમાણિકને નિષ્ઠાવાન હતો. તો યે શેઠની ગાળો ખાતો, હડધૂત થતો નાથિયો હતો. આજે તે ભ્રષ્ટ સાધનો દ્વારા સંપતિવાન બનવા છતાં સજ્જનન, સદાચારી ને દાનવીર તરીકે પ્રતિષ્ઠિત નાથાલાલ છે.. સમાજનાં આવા ભેદભાવ ભરેલા માપદંડ પર તે મૂછમાં મલકાયા. ઉંઘ આવી ત્યાં સુધી વર્ષો પહેલાં સાંભળેલી પેલી કહેવત તેના મનમાં ગૂંજતી રહી.

મો. ૮૯૦૫૦ ૮૮૭૨૭, રાજકોટ



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# અદ્‌ભુત અલૌકિક અમરનાથ યાત્રા

પ્રાચીન ઈતિહાસ અનુસાર મહાભારતકાળથી અમરનાથ યાત્રા પ્રચલિત છે. બૌદ્ધકાળમાં પણ આ માર્ગે યાત્રા કરવાના પ્રમાણ મળે છે. ઈસા પૂર્વે લખાયેલ રાજતંરગિનીમાં તરંગ બીજામાં પણ ઉલ્લેખ મળે છે. બૃગેશ સંહિતા નીલમત પુરાણમાં પણ ઉલ્લેખ મળે છે. પુરાતત્વ વિભાગ અમરનાથ ગુફાને ૫૦૦૦ વર્ષ પ્રાચીન માને છે. પરંતુ આ ધારણા યોગ્ય નથી. હિમાલયના પ્રાચીન પર્વતો લાખો વર્ષ પ્રાચીન છે. આ ગુફા હિમયુગમાં એટલે કે ૧૨ થી ૧૩ હજાર વર્ષ પ્રાચીન મનાય છે. હિમાલયની પર્વતમાળામાં હિમાલયની યાત્રા દરમ્યાન સૌપ્રથમ ભૃગુઋષિએ અમરનાથની પવિત્ર ગુફા અને બરફના શિવલિંગના દર્શન કર્યા હતા. ત્યારથી આ સ્થાન શિવઆરાધના અને મુખ્ય દેવસ્થાન બની ગયું. કારણ કે અહીં ભગવાન શિવે તપસ્યા કરી હતી.

“સ્વામી વિવેકાનંદે ૮ ઓગસ્ટ ૧૮૯૮માં અમરનાથની પવિત્ર યાત્રા કર્યા બાદ કહ્યું હતું કે બરફનું શિવલિંગ સ્વયં શિવ છે. મેં આવી સુંદર અને અદ્‌ભુત અલૌકિક પ્રેરણાદાયી જગ્યા અન્યત્ર ક્યાંય જોઈ નથી અને આનાથી વિશેષ અન્ય કોઈ ધાર્મિક સ્થળનો મેં આનંદ લીધો નથી.”

**અમરનાથની ગુફા :** અમરનાથ ગુફા ભગવાન શિવના પ્રમુખ ધાર્મિક સ્થળોમાં એક છે. આ પવિત્ર ગુફા જમ્મુ-કાશ્મીર રાજ્યમાં લીડર ઘાટીમાં શ્રીનગરથી ઉત્તરપૂર્વમાં ૧૩૫ કીમી દૂર સમુદ્રતળથી ૧૩૬૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ છે. આ ગુફાની લંબાઈ ૫૫ ફૂટ, પહોળાઈ ૪૦ ફૂટ અને ઉંચાઈ ૨૮ ફૂટ છે. આ ગુફાનું વિશેષ મહત્વ એ છે કે અહીં હિમશિવલિંગનું કુદરતી નિર્મણ થાય છે અને આ ગુફામાં ભગવાન શિવે તપસ્યા કરી હતી અને પત્ની દેવી પાર્વતીને અમરત્વનો મંત્ર આપ્યો હતો. ત્યારથી તે શિવનું એક પ્રમુખ પવિત્ર સ્થાન બની ગયેલ. શિવના ૫ પ્રમુખ સ્થાન છે (૧) કૈલાસ પર્વત (૨) અમરનાથ (૩) કેદારનાથ (૪) કાશી (૫) પશુપતિનાથ. શાસ્ત્રાનુસાર માતા પાર્વતી સાથે આ રહસ્ય શુક (પોપટ) અને બે કબૂતરોએ પણ સાંભળેલ. આ શુક બાદમાં શુકદેવ ઋષિના રૂપે અમર થઈ ગયા. ગુફામાં આજે પણ ભાગ્યશાળી યાત્રિકોને કબૂતરની જોડીના દર્શન થાય છે જેને અમરપક્ષી માનવામાં આવે છે.

**ગુફામાં કઈ રીતે બને છે બરફનું શિવલિંગ :** અમનાથની ગુફાનો વિસ્તાર લગભગ ૧૫૦ ફુટ છે. ગુફાની છતમાંથી બરફના પાણીના ટીપા અનેક જગ્યાએ ટપકતા રહે છે. ગુફાના સેન્ટરમાં એક એવી જગ્યા છે જેમાં ટપકતા બરફના પાણીના ટીપાથી લગભગ ૧૦ ફૂટ લાંબા અને ૪ ફૂટ પહોળા શિવલિંગનું નિર્માણ થાય છે. નવાઈની વાત એ છે કે આ શિવલિંગ પાકા બરફનું બને છે. જ્યારે ગુફામાં અન્ય જગ્યાએ ટપકતા પાણીના ટીપામાંથી કાચો બરફ બને છે. જે હાથમાં લેતાં જ પાણી પાણી થઈ જાય છે. અમરનાથના મુખ્ય શિવલિંગથી દૂર ગણેશ, પાર્વતી અને ભૈરવના અલગ અલગ હિમખંડ બને છે. આ શિવલિંગની વિશેષતા એ છે કે ચંદ્રની કળાઓ સાથે હિમલિંગ વધે છે અને ઘટે છે. પ્રારંભમાં ૧૫ દિવસ દરરોજ વધે છે અને ચંદ્રની કળાઓ ઘટવાની સાથે હિમલિંગ ઓગળવા લાગે છે અને અંતે વિલીન થઈ જાય છે. ચંદ્રનો ગાઢ સંબંધ શિવ સાથે છે. આશ્ચર્ય એ છે કે હિમાલયમાં આવી અનેક નાની મોટી ગુફાઓમાં છતમાંથી પાણી ટપકે છે પણ ત્યાં કોઈ શિવલિંગ બનતું નથી. બરફથી પ્રાકૃતિક શિવલિંગનું અહીં નિર્માણ થાય છે. પરિણામે તેને સ્વયંભૂ ‘હિમાની શિવલિંગ’ કે ‘બર્ફાની બાબા’ તરીકે પણ ઓળખાય છે. અષાઢી પૂર્ણિમાથી શરૂ કરી શ્રાવણી પૂર્ણિમા (રક્ષાબંધન) સુધી પવિત્ર શિવલિંગના દર્શન કરવા દેશ-વિદેશમાંથી લાખો શ્રધ્ધાળુઓ આવે છે.

**શ્રદ્ધા કા દ્વાર હૈ ઉસ પાર, દર્શન કો જાના યહી હૈ પુકાર**
**જોગી તેરા રૂપ નિરાલા, અમરનાથ મેં ડેરા ડાલા....**

**યાત્રામાં જવાનો સ્વર્ગીય માર્ગ :** કાશ્મીરની સુરમ્ય ઘાટીમાં આવેલ અમરનાથ ગુફા શ્રીનગરથી ૧૪૦ કીમી. પહેલગામથી ૪૫ કીમી. અને બાલતાલથી ૧૦ કીમી. દૂર આવેલ છે. જમ્મૂ સુધી યાત્રિકો ટ્રેન દ્વારા કે પ્લેનમાં જઈ શકે છે. હવાઈ માર્ગે દેશના અન્ય રાજ્યો સાથે જમ્મુ અને શ્રીનગર જોડાયેલ છે. જમ્મુથી પહેલગામ ૩૦૦ કીમી દૂર છે. અનંતનાગથી એક રસ્તો શ્રીનગર અને બીજો પહેલગામ તરફ જાય છે. અહીંથી અમરનાથ જવાના બે રસ્તા છે. એક રસ્તો અનંતનાગથી પહેલગામ ૪૮ કીમી. પહેલગામથી ચંદનવાડી ૧૩ કીમી., ચંદનવાડીથી પીસ્સુટોપ ૨ કીમી. પિસ્સુટોપથી શેષનાગ ૧૦ કીમી. શેષનાગથી મહાગુનસ ટોપ ૫ કીમી., મહાગુનસ થી પંચતરણી ૬ કીમી., પંચતરણથી અમરગંગા નદી, ૫ કીમી. અને અમરગંગાથી અમરનાથ ગુફા ૨ કીમી., દૂર છે. હવે ચંદનવાડી સુધી વાહન જાય છે. ત્યાંથી આગળ પગપાળા કે ઘોડા પર બેસી યાત્રા કરી શકાય છે. આ માર્ગથી જતાં આવતા ૫ દિવસ લાગે છે. જે પરંપરાગત રૂટ છે. અમરનાથ ગુફા જવાનો બીજો માર્ગ શ્રીનગરથી સોનમર્ગ ૮૦ કીમી. સોનમર્ગથી બાલતાલ ૧૪ કીમી વાહન દ્વારા જઈ શકાય છે. બાલતાલથી અમરનાથ ગુફા ૧૦ કીમી. પગપાળા કે ઘોડા પર બેસીને જઈ શકાય છે. બાલતાલથી માત્ર એક જ દિવસમાં પવિત્ર શિલલિંગના દર્શન કરી યાત્રિકો બાલતાલ પરત ફરી શકે

# યાત્રા સૃષ્ટિ



છે. જયારે આ માર્ગે યાત્રા અતિ કઠિન છે. સરકાર દ્વારા યાત્રાને વધુ સરળ અને સુવિધાપૂર્ણ બનાવવા શેષનાગથી પંચતરણી ૧૦.૮ કીમી. લાંબી ટનલનું નિર્માણ કાર્ય શરૂ કરાશે જે વર્ષે ૨૦૨૬માં પૂર્ણ થશે. ત્યારબાદ શ્રીનગરથી અમરનાથ ગુફા સુધીનું અંતર ૩ દિવસને બદલે ઘટીને ૮ થી ૯ કલાકનું થઈ જશે. વર્તમાનમાં યાત્રિકો બાલતાલ કરતા પહેલગામના માર્ગને વધુ પસંદ કરે છે. એના મનમોહક દ્રશ્યો, રસ્તામાં હિમાલયની ઉન્નત પર્વતમાળામાંથી વહેતી લીડર નદીનાં મનમોહક દ્રશ્યો યાત્રિકોને મંત્રમુગ્ધ કરી દે છે. શાસ્ત્રાનુસાર આ રસ્તેજ જ ભગવાન શિવ પાર્વતીજીને અમરકથા સંભળાવવા ગુફા તરફ જઈ રહ્યા હતા. ત્યારે એમણે નાના નાના અનંતનાગોને અનંત નાગમાં છોડ્યા, માથા પરના ચંદનને ચંદનવાડીમાં ઉતાર્યું, અન્ય પિસ્સુઓને પિસ્સુટોપ પર અને ગળાના શેષનાગને શેષનાગ નામના સ્થળે છોડ્યો હતો. આ તમામ સ્થાનો આજે પણ આ યાત્રા દરમ્યાન યાત્રિકોને જોવા મળે છે.

**અમરનાથ અને અમરગંગા :** અમરનાથ ગુફા પાસે પહોંચતા ૧ કિમી. પહેલા અમરગંગા નદીમાં સ્નાન કરી પવિત્ર શિવલિંગના દર્શન કરે છે. આ પાણી ખૂબ જ ઠંડુ છે અને ત્યાં ગ્લેશીયરની નીચે પણ અમરગંગા નદી વહે છે. શિવજીએ દેવતાઓને મૃત્યુના ભયમાંથી મુક્ત કરવા પોતાની જટામાં બીરાજમાન ચંદ્રમાંથી એક કળા ઉતારીને નદી રૂપે પ્રવાહિત કરી. ઈન્દ્ર સહિત દેવતાઓ તેમાં સ્નાન કરી અમર બની ગયા. તે પ્રવાહનું નામ પડ્યું અમરગંગા. આ પવિત્ર જળને યાત્રિકો પ્રસાદરૂપે સાથે લઈ જાય છે. સ્નાન કર્યા બાદ પવિત્ર બની યાત્રિક પગપાળા અમરનાથ મહાદેવનો જયઘોષ કરતા શિવભક્તિમાં લીન બની પવિત્ર અમરનાથની ગુફામાં પહોંચી શિવલિંગના દર્શન કરી મહાદેવની કૃપાના અધિકારી બને છે.

**અમરનાથ ગુફામાં થતા ચમત્કારો :** અમરનાથની કુદરતી અને વિશાળ ગુફામાં છતમાંથી દરેક જગ્યાએ સતત પાણીના ટીપાં પડે છે પણ શિવલિંગ માત્ર એ જ જગ્યાએ બને છે. ગુફાની અંદર કે બહાર ક્યાંય પાકો બરફ નથી જ્યારે શિવલિંગ પાકા બરફનું બને છે. હિમ નિર્મિત આ પવિત્ર શિવલિંગનું તેજ એટલું ભવ્ય અને દિવ્ય છે કે તેના પ્રભાવથી માનવી સ્વયંનું અસ્તિત્વ ભૂલી શિવાનુંભૂતિમાં રસ તરબોળ થઈ જાય છે. ગુફાની અંદર અમરગંગાનું પવિત્ર ઝરણું વહે છે અને સફેદ ભષ્મ યાત્રિકો મસ્તક પર લગાવે છે. ગુફાની અંદર કે આસપાસ ક્યાંય વનસ્પતિ કે જીવજંતુ જોવા મળતા નથી પણ શિવ-પાર્વતી સ્વરૂપમાં સફેદ કબુતર અને કબુતરીના દર્શન ગુફામાં થાય છે. ગુફાની ઉપરના ભાગમાં ડાબી બાજુએ નંદી પર્વત અને યમકુંડ આવેલ છે.

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા :** અમરનાથ યાત્રાનું સંચાલન અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવે છે. આ માટે એપ્રિલ - મે મહિનામાં સમગ્ર દેશમાં જમ્મુ અને કાશ્મીર બેંક, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યશ બેંકની ૫૪૦ શાખાઓમાં અમરનાથ યાત્રા માટે યાત્રિક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશન માટે યાત્રિકે સિવિલ હોસ્પિટલના ડોક્ટર પાસેથી મેડીકલ ફીટનેસ સર્ટિફિકેટ આપવું જરૂરી છે. ૧૩ વર્ષથી નીચેની મહિલઓ, ૭૦ વર્ષથી ઉપરની અને ૬ અઠવાડીયાની ગર્ભવતી મહિલાઓને યાત્રા માટે અનુમતિ અપાતી નથી. રજીસ્ટ્રેશન માટે ભારતીય યાત્રિકે રૂા. ૨૨૦ અને વિદેશી યાત્રિકે રૂા.૧૫૧૦ ચૂકવવા પડે છે. આ ઉપરાંત આધારકાર્ડ અને ૪ પાસપોર્ટ સાઈઝના ફોટા જરૂરી છે. યાત્રામાં ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ જવાનું હોઈ ઘણીવાર શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને હૃદયરોગ અને ફેફસા સંબંધિત બિમારી અને અસ્થમાના દર્દીઓને યાત્રામાં જવાની અનુમતિ અપાતી નથી. યાત્રા માટે શ્રદ્ધા, વિશ્વાસ અને સાહસની સાથે શારીરિક રીતે તંદુરસ્તી યાત્રાની પ્રથમ શરત છે. આ ઉપરાંત જમ્મુથી લઈ અમરનાથ સુધીના માર્ગમાં આવતા જિલ્લા મથકોએ પણ રજીસ્ટ્રેશન કાઉન્ટરની વ્યવસ્થા કરાય છે. રજીસ્ટ્રેશન બાદ યાત્રા પરમીટ વહેલા તે પહેલાના ધોરણે અપાય છે. આ પરમીટ માત્ર એક જ યાત્રિક માટે અપાય છે.

**ઓનલાઈન અમરનાથ યાત્રા રજીસ્ટ્રેશન :** યાત્રિકો અમરનાથ શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ્ુ.દ્ધાજકજહ્ન.હૈજ઼ૈ.હ ની મુલાકાત લઈ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે. **અમરનાથ યાત્રામાં હેલિકોપ્ટર સેવા પણ ઉપલબ્ધ છે.**

**અમરનાથ કઈ રીતે જઈ શકાય છે ?** શ્રીનગર કાશ્મીરની રાજધાની હોવાથી હવાઈ અને રોડ માર્ગે શ્રીનગર જઈ શકાય છે. દિલ્લી, જમ્મુ, ચંદીગઢ અને લેહથી પણ ફ્લાઈટ દ્વારા શ્રીનગર સાથે જોડાયેલ છે. અમરનાથ જવા માટે કોઈ સીધી ટ્રેન નથી. સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન જમ્મુ છે. જે ૨૮૦ કીમી દૂર છે. જમ્મુથી અમરનાથ જવા માટે શ્રીનગર થી બે માર્ગે બાલતાલ અને પહેલગામ પ્રાઈવેટ કે સરકારી વાહન દ્વારા પહોંચી પગળ પગપાળા કે ઘોડાપર બેસી ગુફા સુધી પહોંચી શકાય છે. હેલીસર્વિસ માત્ર પંચતરણી સુધી જ છે. ત્યાંથી અમરનાથ ગુફા સુધી પગપાળા / પોની દ્વારા પહોંચી શકાય છે. શ્રી બાલતાલ અને પહેલગામ અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ છે. આમ અમરનાથ યાત્રા કરનારે દિલ્લીથી જમ્મુ - શ્રીનગર અને શ્રીનગરથી બાલતાલ - પહેલગામ પહોંચી અમરનાથ જઈ શકાય છે. કાશ્મીર પૃથ્વી પરનું સ્વર્ગ મનાય છે. યાત્રિક અમરનાથ યાત્રા સાથે વિશ્વ વિખ્યાત કાશ્મીર ઘાટીનો અવર્ણનીય પ્રવાસ પણ કરી શકે છે.

**અમરનાથ યાત્રામાં કેટલો ખર્ચ થાય :** પહેલગામ રૂટથી જમ્મુથી અમરનાથ જઈ રીટર્ન જમ્મુનો મુસાફરી તથા રહેવા-જમવા સહિતનો ખર્ચ અંદાજીત (૬ દિવસના) રૂા.૧૫,૦૦૦/- થાય, જમ્મુથી બાલતાલ રૂટથી અમરનાથ જઈ રીટર્ન જમ્મુનો અંદાજીત કુલ ખર્ચ રૂા.૧૦,૦૦૦ થાય છે. જો તમે હેલીકોપ્ટર, પોની, પોર્ટર, પાલખીની સુવિધા લેવા માગતા હોય તો આ ખર્ચમાં એડ કરી શકો છો. કાશ્મીરના પ્રવાસ સાથે આ ખર્ચ આશરે

# યાત્રા સૃષ્ટિ

૪૫,૦૦૦/- રૂપિયાની આસપાસ થાય છે. જો તમે ભંડારામાં ભોજન લો અને સરકારી ટેન્ટમાં રહો તો માત્ર રૂા. ૧૫,૦૦૦/- માં અમરનાથ યાત્રા કરી શકાય.

**અમરનાથ યાત્રામાં સુવિધા :** અમરનાથજી શ્રાઈન બોર્ડના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૬માં ૬ લાખથી વધુ શિવભક્તોને મંજુરી અપાશે. એ માટેની તમામ સુરક્ષા અને સ્વાસ્થ્ય વ્યવસ્થા પ્રશાસન દ્વારા કરાઈ છે. પહેલીવાર અમરનાથ યાત્રિકોને ૫G નેટવર્કની સુવિધા મળશે. એ માટે રસ્તામાં ૧૦ મોબાઈલ ટાવર ઉભા કરાયા છે. ૨૪ કલાકે વીજળીની વ્યવસ્થા પણ કરાઈ છે. રસ્તાઓ ખૂબ પહોળા અને સુંદર બનાવાયા છે. કુદરતી આફત અને આતંકવાદનો સામનો કરવા માટે જડબેસલાક ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને સૈનિકોની બાઝ નજર, યાત્રાના માર્ગ પર ૧૦,૦૦૦ થી વધુ સેનાના નૌજવાનો દ્વારા થશે. તમામ યાત્રિકોને વીમા સુરક્ષા કવચની સાથે અમરનાથ યાત્રાના રૂટ પર ઈમરજન્સી હોસ્પિટલમાં ડોક્ટરની સેવા મળશે. બાબા અમરનાથની ગુફામાંથી સવાર અને સાંજની આરતીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. યાત્રિકો માટે ત્રણેય ટાઈમ ઉત્તમ ભોજન નિ:શુલ્ક મળી રહે એ માટે ભંડારાની ૨૪ કલાક સુવિધા પણ છે. યાત્રા માટે હેલ્પલાઈન નંબર છે. ૧૪૪૬૪ જમ્મુ ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૮૦૭૧૯૮ અને શ્રીનગર ટોલ ફ્રી નંબર છે. ૧૮૦૦૧૮૦૭૧૯૯.

**જયભોલે - જય ભંડારા :** અમરનાથ યાત્રા દરમ્યાન ભંડારાની અકલ્પનીય, અવિસ્મરણીય, અનુકરણીય અને નિ:સ્વાર્થ, પ્રેમપૂર્ણ સેવાનો વિશ્વમાં જોટો જડે તેમ નથી. 'માગ્ય વિના મા પણ ન પીરસે' એ કહેવતને ખોટી ઠેરવતા ભંડારાવાળાઓ જે રીતે યાત્રિકોને આગ્રહ કરી કરીને ૩૨ જાતના ભોજન પીરસે છે એનું વર્ણન શબ્દોથી શક્ય નથી. દિલ્હી, હરિયાણા, પંજાબ અને અન્ય રાજ્યોના ભંડારાની વ્યવસ્થા અને સેવાથી યાત્રિકો અભિભૂત થયા વગર રહેતા નથી. આપણે તો આપણા ઘરે આવેલા મહેમાનોને બે ચાર દિવસ પણ સારી રીતે સાચવી શકતા નથી જ્યારે ભંડારાવાળા ૧૫૦૦ ફૂટની ઊંચાઈએ યાત્રિકોની સંભાળે લે છે. ભંડારામાં ગુજરાતી, ચાઈનીઝ, પંજાબી તમામ પ્રકારના ભોજન નિશુલ્ક અમર્યાદિત મળે છે. પાણીપુરી, સેન્ડવીચ, સમોસા, કચોરી વિવિધ જાતના ભજીયા, નુડલ્સ જેવી ફાસ્ટફુડ, અનેક પ્રકારની મીઠાઈ, ગરમાગરમ પૂડલા, બદામ-પિસ્તાથી ભરપુર કઢેલુ દુધ અને યાત્રાના તમામ પંડાલ પર ભંડારા દ્વારા ભોજનની સુવિધા ઉપરાંત, મેડીકલ, રાત્રિનિવાસ,ક્લોકરૂમની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવે છે. તમે ભંડારાની મુલાકાત અવશ્ય લેજો. એમની સેવાને બિરદાવવા માટે શબ્દો ઓછા પડે ! આ લોકો યાત્રા સમય દરમ્યાન યાત્રિક પાસેથી એક પણ પૈસો લેતા નથી. પૈસા આપશો તો પણ બે હાથ જોડીને પરત કરી દેશે. યાત્રાના બે મહિના અગાઉ તેઓ વિવિધ રાજ્યના શહેરોની મુલાકાત લઈ લોકો શ્રધ્ધાથી જે રોકડ આપે તે સ્વીકારે છે. આ માટે જે તે સ્થળે યોગ્ય વ્યક્તિને પહોંચબુક આપી ફાળો ઉઘરાવવાની કાયદેસર જવાબદારી સોંપાય છે. રાજકોટ અને સૌરાષ્ટ્રની જવાબદારી શિવશક્તિ સેવા મંડલ - દિલ્લી દ્વારા શિવવંદના ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પ્રા.યશવંત ગોસ્વામીને સોંપવામાં આવી છે.

**અમરનાથ યાત્રા અને લશ્કરની સેવા :** દરેક અમરનાથ યાત્રિક યાત્રા પૂર્ણ કર્યા બાદ યાત્રાની ત્રણ અનુભૂતિને જીવનના છેલ્લા શ્વાસ સુધી ભૂલી શકતો નથી. (૧) શિવલિંગ દર્શનની અનુભુતિ (૨) ભંડારાની અકલ્પનીય સેવા અને (૩) લશ્કરના જવાનોની અવિરત સેવા.

લશ્કરના જવાનોની સહાયતા વગર આ યાત્રા શક્ય નથી. અનેકવાર ત્રાસવાદીઓએ યાત્રિકોને ઉડાવી દેવાની ધમકી આપી છે ત્યારથી આ યાત્રા સંપૂર્ણપણે લશ્કરની કડક સુરશા વચ્ચે થાય છે. છેક જમ્મુથી શરુ કરી પહેલગામ સુધી અને પહેલગામથી અમરનાથની ગુફા સુધીના માર્ગ પર ૧૦ કીમી.ના અંતરે સૈનિકો પોતાની બાજ નજરથી યાત્રિકોનું રક્ષણ કરે છે. થાકેલા અને બીમાર યાત્રિકોને અનેકવાર જવાનો પોતાના ખભે બેસાડી નિશ્ચિત સ્થાને પહોંચાડી દે છે. યાત્રા દરમ્યાન રસ્તો સાફ કરવાથી માંડીને યાત્રિકોને સુરક્ષાની તમામ જવાબદારી સૈનિકો સંભાળે છે. સેના દ્વારા યાત્રાના માર્ગ પર સતત હેલીકોપ્ટર દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. પ્રત્યેક ૨૦ મીટરના અંતરે ઉભેલા જવાનો 'જય બાબા અમરનાથ' અને 'હર હર મહાદેવ'ના નારા લગાવી યાત્રિકોમાં અનેરા ઉત્સાહ, જોશ, હિંમત અને આશાનો સંચાર કરે છે. સેનાના જવાનોને લાખ લાખ સલામ.

**● અમરનાથ યાત્રાનો ડેઈટવાર કાર્યક્રમ ●**

**પ્રથમ દિવસ :** રાજકોટ/અમદાવાદ/વડોદરાથી ટ્રેનમાં જમ્મુ જવા રવાના

**બીજો દિવસ :** બપોરે ૩.૩૦ ક. જમ્મુ આગમન રાત્રિ મુકામ

**ત્રીજો દિવસ :** જમ્મુથી પહેલગામ બસ દ્વારા - પહેલગામ રાત્રિ મુકામ

**ચોથો દિવસ :** પહેલગામથી ચંદનવાડી થઈ શેષનાગ - રાત્રિમુકામ

**પાંચમો દિવસ :** શેષનાગથી પંચતરણી ૧૩ કીમી. પંચતરણી રાત્રિ મુકામ

**છઠ્ઠો દિવસ :** પંચતરણી થી અમરનાથ દર્શન કરી બાલતાલ - રાત્રિ મુકામ

**સાતમો દિવસ :** બાલતાલ થી સોનમર્ગ થઈ શ્રીનગર - રાત્રિ મુકામ

**આઠમો દિવસ :** શ્રીનગર સાઈટસીઈંગ આરામ ખરીદી રાત્રિ મુકામ

**નવમો દિવસ :** શ્રીનગરથી કટરા - વૈષ્ણોદેવી દર્શન

**દશમો દિવસ :** કટરાથી જમ્મુ - સાઈટસીન, ખરીદી - રાત્રિ મુકામ

**અગિયારમો દિવસ :** જમ્મુથી સવારે ૧૦.૦૦ ક્લાકે વડોદરા - અમદાવાદ - રાજકોટ માટે. **બારમો દિવસ :** જમ્મુથી વડોદરા, અમદાવાદ, રાજકોટ પરત ■

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫



**ડૉ. તેજસ સોની**

લેખક નામાંકિત પેઈન મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ, સ્પાઈન સ્પેશિયાલિસ્ટ તથા એનેસ્થેશિયોલોજિસ્ટ છે અને અમદાવાદની અનેક હોસ્પિટલો ખાતે કાર્યરત છે.

# દુઃખાવાની સારવારનું નવું વિજ્ઞાનઃ પેઇન મેનેજમેન્ટ

બાંસઠ વર્ષના નિવૃત્ત શિક્ષિકા મીનાબહેન છેલ્લા અનેક વર્ષોથી ઘૂંટણના સાંધાના ગંભીર ઘસારાથી પીડાતા હતા. પગથિયાં ચઢવા, લાંબુ ચાલવું તેમજ લાંબા સમય સુધી ઉભા રહેવામાં મીનાબહેનને ખૂબ મુશ્કેલી અનુભવાતી.




ઓર્થોપેડિક સર્જનની સલાહ બાદ મીનાબહેને જમણા ઘૂંટણના સાંધા બદલવાનું ઓપરેશન કરાવ્યું. મીનાબહેનનું ઓપરેશન તો સફળ રહ્યું પરંતુ, ઓપરેશન બાદ મીનાબહેન માટે બીજી અનપેક્ષિત સમસ્યા ઉભી થઈ.

વાત જાણે એમ હતી કે મીનાબહેનના ઓપરેશનનો ઘા સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો, તેમજ બદલાવેલ ઘૂંટણનો કૃત્રિમ સાંધો પણ સારી રીતે કાર્ય કરી રહ્યો હતો, પરંતુ તેમ છતાંય મીનાબહેનને ઘૂંટણના આગળના ભાગમાં આવેલ ઘાના નિશાન (scars)ની આસપાસ સતત તીવ્ર બળતરા અને દુઃખાવો થતો હતો. તેમાં પણ જ્યારે-જ્યારે તે ભાગ ઉપર કપડાંનો સ્પર્શ થતો ત્યારે મીનાબહેન ખૂબ જ અસ્વસ્થતા અનુભવતા. વળી, મીનાબહેનને ઓપરેશનના ચીરા તથા તેની આસપાસનો ભાગ એટલો બધો સંવેદનશીલ લાગતો કે તેઓ ત્યાં સ્પર્શ કરતાં પણ અચકાતા. ઉપરાંત ક્યારેક-ક્યારેક મીનાબહેનને તે ભાગ ઉપર એકાએક વીજળીનો ઝાટકો અનુભવાતો.

ઓપરેશન બાદ મીનાબહેનને થઈ રહેલ ઉપરોક્ત સમસ્યાનો તાગ પામી તેમના પતિ રાકેશભાઈ તેમને ઓર્થોપેડિક સર્જન પાસે લઈ ગયા. ઓર્થોપેડિક સર્જને મીનાબહેનને તપાસ્યા બાદ જણાવ્યું કે મીનાબહેનનું ઓપરેશન સંપૂર્ણ સફળ રહ્યું છે. તેમના કૃત્રિમ સાંધામાં કોઈ જ ચેપ લાગેલ નથી, પરંતુ, મીનાબહેનને થઈ રહેલ આ તીવ્ર બળતરા જેવો દુઃખાવો ઓપરેશનના ઘાના આસપાસ આવેલ નાની નસો (nerves) સંબંધિત છે, તેમજ આ દુઃખાવા અને બળતરાને ઘૂંટણના કૃત્રિમ સાંધા સાથે કોઈ સંબંધ નથી.

આથી, મીનાબહેનને સતત થઈ રહેલા આ દુઃખાવાનું યોગ્ય નિદાન અને સારવાર કરાવવા માટે મીનાબહેન મને બતાવવા માટે આવ્યા. મીનાબહેનને તપાસ્યા બાદ મેં મીનાબહેન અને રાકેશભાઈને સમજાવ્યું કે તેમને પોસ્ટ-સર્જિકલ ન્યુરોપેથિક સ્કાર પેઈન (Post-Surgical Neuropathic Scar Pain) છે.

વહાલા વાચક મિત્રો, ન્યુરોપેથિક દુઃખાવો ત્યારે થાય છે કે જ્યારે નસો અતિસંવેદનશીલ બની જાય અથવા ઘા સંપૂર્ણપણે સાજો થઈ ગયા પછી પણ મગજ સુધી દુઃખાવાના સંકેતો પહોંચતા રહે. મીનાબહેનના કિસ્સામાં આપણે જોયું કે તેમના ઓપરેશનના ઘાનું નિશાન સંપૂર્ણપણે ભરાઈ ગયું છે, પરંતુ તેની નીચેની નસો હજુ પણ સંવેદનશીલ રહેવા પામેલ છે, પરંતુ, તેનો અર્થ એ નથી કે તેમના ઘૂંટણ પ્રત્યારોપણનું ઓપરેશન નિષ્ફળ ગયું છે.

મીનાબહેન માટે એક પદ્ધતિસર અને વ્યક્તિગત સારવાર યોજના તૈયાર કરવામાં આવી કે જેમાં સ્કાર ડીસેન્સિટાઇઝેશન (Scar Desensitization) થેરાપી, હળવી મસાજ પદ્ધતિઓ, ફિઝિયોથેરાપી અને પુનર્વસન (Rehabilitation), દવાઓ, જીવનશૈલી અને દૈનિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન, નિયમિત ફોલો-અપ અને નિરીક્ષણ નો સમાવેશ થતો હતો.

# આરોગ્ય સૃષ્ટિ

સારવાર શરુ કર્યા બાદ મીનાબહેનને ઘા ઉપર થતી બળતરા ધીમે-ધીમે ઓછી થવા લાગી. ક્યારેક-ક્યારેક થોડું સંવેદનશીલપણું અનુભવાતુ હતું, પરંતુ હવે તેઓ પહેલાં કરતાં વધુ આત્મવિશ્વાસ અને આરામ સાથે પોતાના દૈનિક કાર્યો કરી શકતા હતા.

વહાલા વાચક મિત્રો, અહીં સૌથી મહત્વની વાત આપણે સમજવી ઘટે છે કે સર્જરી પછી લાંબા સમય સુધી રહેતો દુઃખાવો હંમેશા સર્જરીની નિષ્ફળતા દર્શાવતો નથી. ઘણાંખરા સંજોગોમાં તેનું કારણ નસોની સંવેદનશીલતા હોય છે, જેના માટે દર્દીને Pain Management નામની વિશેષ સારવારની જરૂર પડે છે.

મિત્રો, પેઈન મેનેજમેન્ટ એ તબીબી વિજ્ઞાનની એક વિશેષ શાખા છે, જેનો હેતુ માત્ર દુઃખાવો ઘટાડવાનો જ નહીં, પરંતુ દર્દીની ચાલવાની ક્ષમતા, ઊંઘ, માનસિક સ્વાસ્થ્ય અને દૈનિક જીવનની ગુણવત્તામાં પણ સુધારો કરવાનો છે.

**પેઈન મેનેજમેન્ટ નિષ્ણાતો સામાન્ય રીતે નીચે દર્શાવેલ સમસ્યાઓમાં મદદરૂપ થાય છે**

૧. ઘૂંટણ કે અન્ય સાંધાના પ્રત્યારોપણ પછી સતત રહેતો દુઃખાવો ૨. કમર અને ગરદનનો દુઃખાવો ૩. સાયટિકા અને નસોનો દુઃખાવો ૪. ભરાઈ ગયેલા ઘાના નિશાનમાં થતી બળતરા અથવા ચુભન. ૫. આર્થરાઈટીસ સંબંધિત દુઃખાવો ૬. કેન્સર સંબંધિત દુઃખાવો ૭. લાંબા સમયથી ચાલતા માથાના દુઃખાવા અને




ચહેરાના દુઃખાવા ૮. કોમ્પ્લેક્સ રિજનલ પેઈન સિન્ડ્રોમ (CRPS).

ઘણાં પેઈન મેનેજમેન્ટ નિષ્ણાતો મૂળભૂત રીતે એનેસ્થેશિયોલોજિસ્ટ (Anesthesiologist) હોય છે કે જેમણે પેઈન-મેડિસિનમાં વધારાની વિશેષ તાલીમ મેળવેલ હોય છે.

જેમ એનેસ્થેશિયોલોજિસ્ટ સર્જરી દરમિયાન દર્દીને સુરક્ષિત રીતે એનેસ્થેશિયા (બેહોશી) આપવા માટે જાણીતા છે, તેવી જ રીતે તેઓ પેઈન મેનેજમેન્ટ ક્ષેત્રમાં વિશેષ તાલીમ મેળવીને વિવિધ પ્રકારના જટિલ અને લાંબા સમય સુધી ચાલતા દુઃખાવાની સારવાર પણ કરે છે. ■

(અનુ. પેઈજ ૩૪નું શરૂ) **કેન્સર બોલે એ પહેલાં મોઢું ખોલીએ**

**સૂર ઊઠ્યો શરણાઈનો, સૌને જગાડે આજ,**
**તપાસાવો ને બચી જાવ, એ જ જીવનનો સાજ.**

યાદ રાખો, કેન્સર લાઈલાજ નથી, મોડું નિદાન લાઈલાજ છે. જ્યારે રોગ કળી અવસ્થામાં હોય ત્યારે એક નાનકડા ઓપરેશનથી એ ખરી પડે છે. ન હોસ્પિટલના દિવસો ગણવા પડે, ન ખર્ચના પહાડ તોડવા પડે, ન જીવનભરની પીડા વેઠવી પડે. માટે હવે બહાના નહિ, હવે જાગવું પડશે. તમારા માટે, તમારા સંતાનો માટે, તમારા ઘરના વડીલો માટે. સવારની એક કલાક કાઢો, જે મોંઢે માવો મૂકે છે એ મોઢું બચાવો. જે કૂખે સૃષ્ટિ સર્જાય છે એ કૂખને બચાવો.

**મોડું નિદાન મોત છે, વેળાસર વૈદ્ય વરો,**
**મોઢું બચાવો માનવી, કૂખ બચાવો કરો.**

આ દેહ અમૂલ્ય છે. એને વ્યસનની હોળીમાં ન સળગાવો. એને જાગૃતિના દીવડાથી અજવાળો. કારણ કે "સર્વે સંતુ નિરામયા" એ માત્ર શ્લોક નથી, એ સંકલ્પ છે. ચાલો, આ સંકલ્પને જીવીએ. કેન્સરને હરાવીએ. જીવનને જીતાડીએ.

**દેહ અમૂલ્ય દેવળ સમો, વ્યસનને દ્યો બાળી,**
**સર્વે સંતુ નિરામયા, એ જ જીવનની દિવાળી.**

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭



**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# કેન્સર બોલે એ પહેલાં મોઢું ખોલીએ

ચોર્યાસી લાખ ફેરાના ફંદા વળોટીને મળેલો આ મનુષ્યદેહ કોઈ રમકડું નથી કે એને વ્યસનની ચિતા પર હોમાય. દેહ તો દેવળ છે, શ્વાસ એમાં આરતી છે, અને આરોગ્ય એની અખંડ જ્યોત છે. છતાં આજે શેરીએ શેરીએ મોઢું વાંકું વળી ગયેલી જીવતી ચિતાઓ નજરે ચડે છે. તમાકુ, માવા, મસાલાના રંગે રંગાયેલા હોઠ પાછળથી કાળના રંગે રંગાઈ જાય છે. કેન્સર નામનો નાગ જ્યારે ડંખ મારે છે ત્યારે માત્ર શરીર નથી કરડાતું, આખું ઘર, આખી પેઢી અને આખી બચત કરડાઈ જાય છે. ઓપરેશનની છરી, રેડિયેશનની આગ અને કીમોના ઝેરની નદીઓ વચ્ચે માણસ તરફડે છે. ઘરના ઉંબરા ગીરવે મૂકાય છે, છતાં જીવવાની ખાતરી કોઈ આપતું નથી.

**દેહ મળ્યો દેવળ સમો, વ્યસને ન દેજો હોમ,**
**આરોગ્યની આરતી રે, રાખો અખંડ ઓમ.**

સમયની વાત છે કે રોગ આવે એ પહેલાં એને રોકવાની સોટી આપણા જ હાથમાં છે. વ્યસનને હાથતાળી આપવી. જે ઝેર જીભ પર રાખીને આપણે મોજ માનીએ છીએ એ જ ઝેર કાળ બનીને કોઠામાં ઉતરે છે. પણ માણસનું મન નબળું પડે તો બીજી સાવધાની સમયસરનું નિદાન. કેન્સર અંધારામાં ઉગતું ઘાસ છે. એને ઊગતું જ ડામી દઈએ તો આખું ખેતર બચી જાય. વર્ષે એકાદ વાર મોઢું બતાવવું, પુરુષોએ પ્રોસ્ટેટની તપાસ કરાવવી, માતાઓ-બહેનોએ છાતી અને ગર્ભાશયનું પરીક્ષણ કરાવવું એ કોઈ ભાર નથી, એ જીવનનો વીમો છે.

**ઝેરની ચૂસકી મોજથી, કાળ બને કોઠાર,**
**સમયસરની સાવધાની, એ જ જીવન આધાર.**

વ્યસન એ કોઈ શોખ નથી, એ મોત સાથે કરેલી સહી વગરની સમજૂતી છે. તમાકુની પડીકી ખોલો ત્યારે યમરાજાનું બારણું પણ સાથે જ ખૂલે છે. મોઢામાં માવાની ચૂસકી ભરો ત્યારે કાળની કાતર તમારા હોઠ, જીભ અને ગળા પર ફરવા માંડે છે. જે હાથ પૈસા ગણે છે એ જ હાથ કેન્સરના ખર્ચે ખાલી થઈ જાય છે. ઓપરેશનના ટેબલ પર સૂતેલો માણસ માત્ર દર્દી નથી હોતો, એ આખા કુટુંબની હિંમતનું ઓપરેશન હોય છે. દીકરીના લગ્નની બચત દવાની બોટલોમાં વહી જાય છે. દીકરાનાં ભણતરનાં સપનાં હોસ્પિટલના બિલમાં દટાઈ જાય છે. અને અંતે હાથમાં આવે છે માત્ર પસ્તાવો. માટે જ કહું છું, ચિતા ચેતે ત્યારે જીવન જાગે. જે મોઢું હસવા માટે બન્યું છે એને કરચલી પડેલી, કપાયેલી, સીવેલી હાલતમાં જોવું કોઈને ગમશે?

**પડીકી ખૂલે મોતની, યમનું ઊઘડે દ્વાર,**
**હસતું મોઢું હોમાય ના, વ્યસન તણી મઝાર.**

સમયસરનું નિદાન એ ઈશ્વરનો બીજો જન્મ છે. કેન્સરના બી જ્યારે શરીરના ખૂણે કણની જેમ ફૂટે ત્યારે એને ચૂંટી કાઢવું સહેલું છે. પણ જ્યારે એ વટવૃક્ષ બનીને આખા શરીરમાં મૂળ નાખે ત્યારે કુહાડીના સો ઘા પણ ઓછા પડે. માટે જ વર્ષે એકવાર શરીરની ખાતાવહી તપાસવી. મોઢામાં સફેદ ડાઘ દેખાય તો અવગણો નહિ. પુરુષો પચાસ વટાવે પછી પ્રોસ્ટેટની તપાસ એ પ્રભુની પૂજા સમજો. માતાઓ, બહેનો, છાતીમાં ગાંઠ જણાય કે માસિકમાં ફેર પડે તો શરમાવો નહિ, શહેરની વચ્ચે બૂમ પાડો. કારણ કે લાજ રાખવા જતાં જિંદગી ન જતી રહે. આ જનજાગૃતિ અભિયાન એટલે જ રોગના રામબાણનો રસ્તો. અહીં ન કોઈની મહેરબાની છે, ન કોઈનો ઉપકાર. છે માત્ર એક જ ભાવના: મારા ગામનો એક પણ માણસ કેન્સરની આગમાં ન હોમાય. આવો, એક દીવો જ્યાં રહેતા હોય ત્યાં પેટાવવો. અને મક્કમ મનથી કહેવું : 'એક દીવો હું પેટાવું. અંધારું હારશે, અજવાળું જીતશે.'

**કળીએ કાપો રોગને, વેળાસર કરો વાર,**
**એક દીવો પેટાવીએ, ટળે અંધારું અપાર.**

અત્યારે ઠેરઠેર જાગૃતિની શરણાઈ વાગે છે. એક સૂર નીકળ્યો છે: 'આવો, તપાસાવો, બચો અને બચાવો'. આ અભિયાન કોઈ એકનું નથી, આપણા સૌનું છે. ચાર પ્રકારનાં કેન્સરનું પ્રાથમિક નિદાન વિનામૂલ્યે થાય છે. ત્યાં જવું જોઈએ. મોઢાનું કેન્સર, પુરુષોનું પ્રોસ્ટેટ કેન્સર, સ્ત્રીઓનું છાતીનું કેન્સર અને ગર્ભાશયનું કેન્સર. જેને જરૂર પડશે એને લેબોરેટરી તપાસ, સ્મિયર ટેસ્ટ, મેમોગ્રાફી જેવી સુવિધા રાહત દરે મળે ત્યાં જવું જોઈએ. શસ્ત્રક્રિયાથી માંડીને વિકિરણ અને રસાયણ ચિકિત્સા સુધીના નિષ્ણાતો એક છત્ર નીચે સેવા આપે ત્યાં જવું જોઈએ. ન નામની મોટાઈ છે, ન સંસ્થાની શેખી છે. છે માત્ર એક જ ધ્યેય: રોગને પહેલા પગથીએથી જ રોકવો.

(અનુ. પેઈજ ૩૩ ઉપર)


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature
COCKTAIL
DEODORANT BODY SPRAY
લાંબા
સમય
સુધી ચાલે
-: Also available :-
EAU DE PARFUM
BAN
SINCE 1956
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડિયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# ગજું નાનું ને મોટું કામ - આંગણ-છોડનું "તુલસી" નામ !

બરાબર નીરખીને જોજો ! જેમ ઘર હોય ત્યાં રાંધવાનો ચૂલો હોય, પાણીનું પાણિયારું હોય, સૂવા-બેસવા ખાટલા-પલંગ-પથારી હોય તેમ આવા કુટુંબ સ્વાસ્થ્યની રક્ષા કરનાર તુલસી ક્યારો પણ હોવાનો જ ! આપણા દેશમાં હિંદુઓનું કોઇ ઘર તુલસીના છોડની હાજરી વિનાનું નહીં જડે. આની પાછળનું કારણ જાણીએ ત્યારે ખબર પડે છે કે એના હોવા પછળ વૈજ્ઞાનિક કારણ છે.

તુલસીની હવા જ્યાં જ્યાં પ્રસરે ત્યાંથી વાયરસ જેવા સુક્ષ્મ જીવાણુંઓને ભાગવાનો વારો આવે છે. તુલસીના પાંદડાં હોય ઝીણકુડાં પણ એના ગુણ હોય છે વંદન કરીએ એવા મોટકડાં ! તુલસીનાં પાનમાં એવું તેલ એસેંસ છે કે જેના તીવ્ર પ્રભાવથી કેટલીય જાતના માનવીય આરોગ્યને નડતર રૂપ જંતુઓનો નાશ કરીને વાતાવરણને શુદ્ધિ બક્ષે છે. તુલસીનો વાસ છે ત્યાં મચ્છરોનો નાશ છે. એમાંય મેલેરિયાના મચ્છરોનો તો તુલસી ખાસ દુશ્મન! તેથી તો તુલસીને "મોસ્કવીટોપ્લાંટ" કે "ફીવરપ્લાંટ" જેવું બિરૂદ પ્રાપ્ત થયું છે.

**બાગ-બગીચામાં તુલસીનો જાદુ :** આપણી વાડીના ગોલા, ઉમરાન બોરમાં સડો લાગે, પાકી કેરીમાં જીવાત ભળાય, કારેલાં, કાકડી, ચીભડાં, તુરિયામાં ડુવો (ચાંદી) પડી અંદરથી ફળ બગડી જાય, પાકાં જામફળમાંથી પણ જીવડાં નીકળે અને પાકાં ચીકુમાં પણ પાર વિનાની જીવાત પડી જાય એ બધાની જનેતા છે "સોનમાખી" ! આપણી ગામમાખીથી થોડીક નાનકડી પણ દેખાવે બહુ જ રૂપકડી ! આછા પીળા સોનેરી રંગની એટલે એનું નામ પડ્યું છે "સોનમાખી". કૃષિ વિજ્ઞાનીઓ આને "ફળમાખી" કહે છે. આ માખી સાવ ઝીણી પણ ત્રાસ ફેલાવવામાં જાણે ગજવેલની છીણી ! અપલખણે છે પૂરેપૂરી ! ફળો જ્યાં કૂણાં હોય ત્યાં જ માદા માખી તેમાં પૂંછડી ભરાવી ઇંડાં મૂકી દે છે. ઇંડામાંથી ઇયળ બની ફળને અંદરથી કોરી ખાય. નાનું હોય કે મોટું, ફળમાખી અડી ગયે આખું ફળ બનાવી મૂકે નમામું ! આ માખી આપણી વાડીમાં છે કે નહીં, તેની તપાસ કરવાનું કામ ઇચ્છા થાય ત્યારે તુલસીને સોંપી જોજો, કરી આપશે.

**જાતે જ પ્રયોગ કરો ને !:** તુલસી અને એમાંયે શ્યામ (કૃષ્ણ) તુલસી હોય તો તેનાં થોડાં પાન અને ટોચ પરની માંઝરને તોડી બે હાથે હથેળીમાં મસળજો. પછી હથેળીઓ ખુલ્લી રાખી શું થાય છે એ નીરખજો ! પાંચેક મિનિટ હજુ પૂરી નહીં થાય ત્યાં ફટ દેતીકને સોનેરી રંગની માખી આવી ઉતરશે અને હથેળીમાં ફરવા માંડશે. અરે ! અરે! ફટ...ફટ...બે-ત્રણ...સાત-આઠ ફટાફટ કરતી ઘણી બધી માખીઓ ઉતરી પડશે. રઘવાઇ બની આમ-તેમ કંઇક શોધતી દેખાશે.

માનો કે એકપણ સોનમાખી પાંચ-સાત મિનિટ રાહ જોયા પછી પણ હથેળી પર ન જ આવે તો માનવું કે આપણી આસપાસ ૧૦૦ ફૂટના ઘેરાવામાં ક્યાંય ફળો સડવી દેનારી માખીઓની હાજરી નથી. અને જો માખીઓ હાથ પર આવે, તો તેને ઝીણી નજરે ઓળખવાની મહેનત કરશો તો ખ્યાલ આવ્યા વિના નહીં રહે કે અહીં આવેલ બધી સોનમાખી એ "માખી" નથી, પણ "માખા" એટલે કે નરમાખી છે. જે માદામાખીના શરીરમાંથી છૂટતી ગંધ જેવી તુલસીની વિશિષ્ટ ગંધની જાદુઇ અસરમાં છેતરાઇને ફસાઇ ગયા છે. તેને તુલસીએ પોતાના ગંધ પ્રભાવ થકી હિપ્નોટાઇઝ કર્યા અને એવી ભાન ભુલાવી દીધી છે કે બધા આટલામાં ક્યાંક એની રાણીમાખી 'માદામાખી' સંતાઇ રહી છે, એવું માનવા લાગી ગયા છે. માદા માખીના શરીરમાંથી જેવી કુદરતી ગંધ છૂટતી હોય છે, એવી જ ગંધ તુલસીના પોતાના રસની છે. માટે જ જેટલા એના ગંધ-વર્તુળમાં આવી જાય તે બધા નર ગંધના સેંટર પોંઇંટ પર ભુરાયા થઈ ઉતરી પડે છે.

**આપણે આનો લાભ લઈએ :** આપણે ખાસ કરવાનું એટલું કે આપણાં આંગણ વાડી કે બાગમાં શેઢેપાળે,, ધોરિયાની ધારે, રસ્તાની કિનારીએ, અરે ! ક્યાંક ક્યાંક વચ્ચે વચ્ચે પણ તુલસીના છોડ વાવવા અને મોટા થવા દેવા. તેની ક્યારેક ક્યારેક કોઇ માંઝર ચોળતી રહેવી એટલે આ નુકશાન કારક ઇયળોના જનક નરનાં ટોળાં ચોળાએલી માંઝર પર લટ્ટુ થઈ દોડતાં રહેવાનાં. બસ, એ તકનો લાભ લઈ કરીએ તેના પર થોડી અમસ્તી દવાનો સ્પ્રે ! એટલે ગોઠવાઇ જાય આવ્યા હોય એટલા બધા નરમાખાઓનો સામૂહિક

# કૃષિ સૃષ્ટિ

વિદાયસમારંભ ! પછી તો વિધવા માખીઓ ભલેને ઈંડાં મૂક્યા કરે ! કૂકડીના ઝૂંડમાં કૂકડાની હાજરી વિના નિર્જીવ ઈંડાં જ જન્મે, તેમ ઈંડાંમાંથી ઈયળ થવાની જ નહીં ને ! થઈ ગયું ને એની જાતનું કુટુંબ નિયોજન?

વિજ્ઞાનીઓએ તુલસીમાંથી છૂટતી ફોરમ જેવું જ રસાયણ શોધી કાઢ્યું છે. જેનું નામ છે "મિથાઈલ યુજીનોલ". એનું પોતું આ માખાઓને પકડવા પિંજરામાં મૂકવામાં આવે છે. પણ આપણે આ મોંઘા રસાયણની જગ્યાએ તુલસીના રસનું પોતું કે ચોળેલા પાંદ-માંઝરની લુગદી મૂકી હોય તો એવું જ કામ વગર ખર્ચે કરી બતાવે એવી તાકાત તુલસીમાં છે.

**ખેડૂતોએ તો આ પણ જાણવું જોઇએ :** લાલતુલસી, તિલકતુલસી, કપૂરતુલસી, જંગલીતુલસી એવાં ઘણાં નામો સંભળાય છે. પણ એ બધાં એને મળતાવડાં છોડ જોઈ દીધેલાં નામ છે. તુલસીની મુખ્ય બે જાતો છે. એક છે લીલા વસ્ત્રધારી એટલે કે "રામતુલસી" અને બીજી છે જાંબલી ઝાંયની દેખાવધારી એટલે કે "શ્યામ કે કૃષ્ણતુલસી", બન્નેના છોડ જો સાચવણ હોય તો એકથી વધારે વર્ષ ટકનારા સ્વાદે ગુણે એકસરખા. હા, જો તુલસીની વ્યવસ્થિત ખેતી કરવામાં આવે તો શ્રેષ્ઠ કમાણી કરી આપવાની ત્રેવડ છે તેનામાં.

**તુલસીનું ઔષધીય યોગદાન :** ઉપેન્દ્રરાય સાંડેસરાના તુલસી વિશેના લખાણ પ્રમાણે મરડો, મગજની ગરમી, નસકોરી ફૂટવી, ગળા-કાનનો દુ:ખાવો, છાતીનો કફ, કબજિયાત, દાજેલા ઘા, મેલેરિયા, અરે ! વીંછીનો ટચાકો કે સર્પદંશ સુધ્ધાંમાં તુલસીની સેવા રાહત કર છે.

શીળસની ખંજવાળ, કોઢ, કરોળિયા, સફેદ દાગ, ધનુર્વા, આંખની તકલીફો, કોલેસ્ટેલનું વધવું, બ્લડપ્રેસર, દમ અને કેન્સર, પક્ષઘાત, હેડકી જેવાં પાર વિનાનાં દર્દોમાં કોઈમાં તેના પાન ચાવવાથી, કોઈમાં તેનો રસ પીવાથી તો કોઈમાં તેનો રસ શરીરે ચોપડવાથી તો કોઈમાં વળી કાળામરી, આદુ, મધ, કપૂર, કોપરેલ, ગોળ, દૂધ અને સાકર, અરે ! લસણ અને ડુંગળી સહિતના પૂરક પદાર્થોના નિશ્ચિત પ્રમાણ સાથે ઉપયોગ કરવાથી બહુ બધાં દર્દોમાં ખૂબ સારી રાહત આપનાર નિર્દોષ, સરળ, સુલભ-ઘરગથ્થુ અને ખર્ચ વિનાનું આપણું પોતીકું ઉત્તમ ઔષધ બની રહે છે. તંદુરસ્ત વ્યક્તિ પણ તેનું સેવન ચાલુ રાખે તો કોઈ પણ રોગ પાસે ઢુંકી શકતા નથી.

જિંદગીના શ્રેષ્ઠ પ્રસંગો માંહ્યલો એક "લગ્નપ્રસંગ", તે નિર્વિઘ્ન પૂર્ણ થાય અને દંપતિના સંસાર સુખમય રીતે ચાલે તેવા શુભારંભનું કામ ભગવાન વિષ્ણુને સોંપાયું છે. એટલે જ દર વરસે દેવદિવાળીએ વિષ્ણુ સાથે તુલસીની જાન જોડી, ફેરા ફેરવી વાજતે ગાજતે લગ્ન કરાવ્યા પછી જ આપણાં યુવાન યુવક-યુવતીઓના લગ્નનો પ્રારંભ કરાય છે. આપને ખ્યાલ હશે જ કે આપણી ભારતીય સ્ત્રીઓ તુલસીની બહુ જ ભાવથી પૂજા કરતી હોય છે. અરે, સત્યનારાયણની કથામાં, વિષ્ણુ સહસ્રના જાપ જપતાં જપતાં દરેક વખતે તુલસીપત્ર ચઢાવાતા હોય છે.

તુલસી માનવ જીવનમાં એવી રીતે ઓતપ્રોત થઈ ગઈ છે કે કેટલાય કાર્યોમાં એની હાજરી ન ભળાય ત્યાં સુધી કાર્ય ખોરંભાઇને અટકી જતું હોય છે. ભગવાનની આરતી પછી અપાતા ચરણામૃતમાં દહીં, દૂધ, સાકર જેવી વસ્તુઓ નહીં હોય તો ચાલશે, પણ એવા સાદા જળમાં માત્ર તુલસીપત્ર નખાયે કામ ચાલી જશે. પ્રભુને પ્રસાદ ધરતી વેળા મેવા-મીઠાઈ જે હાજર હોય તે થાળમાં મુકાય, બાકી તુલસીપત્ર ન હોય તો ન ચાલે !

કોઈ દાન દેવું હોય તો દાનની નાની મોટી ઓછી વત્તી યથાશક્તિ ચીજવસ્તુ જે હોય તે માંગલિક, બાકી એમાં તુલસીપત્રનું ઉમેરણ ન થાય તો દાન અધૂરું ! માણસનું મૃત્યુ થાય પછી તેને ભોંય લેવામાં આવે ત્યારે શરીરે સ્નાન કરાવી ઘી ચોળવામાં આવે અને મુખમાં તુલસીપત્ર મૂક્યા પછી જ બહાર લવાય અને અગ્નિસંસ્કાર માટે લાકડાં-છાણાં-ઘાસ-ઘી તલ વગેરે વસ્તુઓ જેમ સ્મશાને પહોંચતી કરવાની હોય, તેમ તુલસીના છોડનો સૂકો એકાદ કટકો કે ડાળી-પાંખડાં મૃતદેહની સાથે જ નનામીમા ગોઠવી દેવાતાં હોય છે. જેથી અગ્નિસંસ્કારની શરૂઆત તુલસીકાષ્ટથી જ કરાય.ભક્તિભાવ પૂર્વક મુકાએલ એક તુલસીપત્ર સામે સાક્ષાત ભગવાન સામે છાબડે તોળાઇ ગયા હતા. "નાથ તમે તુલસીને પત્રે તોળાણા" તુલસીપત્રનું છાબડું નીચું નમતું રહ્યું હતું તેનો ગુઢાર્થ સમજવો જરૂરી છે. કહો જન્મથી માંડી મૃત્યુ સુધી જુદા જુદા કેટલાય હેતુસર આપણી હારોહાર રહી જીવન જીવવામાં આપણને વધુમાં વધુ અનુકૂળતા કરી આપનાર તુલસીને ઉત્તમોત્તમ વનસ્પતિ કહી શકાય કે નહીં?

મો. ૯૩૨૭૫૭૨૨૯૭

## બાલ સૃષ્ટિ




**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી, સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.





**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨


# રીઢકુડા રીંછની આગેવાની

મધ્યગુજરાતના દાહોદ જિલ્લાના રતનમહાલનું ગીચોગીચ જંગલ. ઊંચીઊંચી ટેકરીઓ, કંઈક કેટલાંય વૃક્ષો, ગણ્યાં ગણાય નહીં, ઊંચાંઊંચાં ને તોતિંગ વૃક્ષો. એમાં... સાગ, વાંસ, ખાખરો, ટીમરું, ધાવડો, સાદડ, મહુડો, એવાં – એવાં તો કંઈક ઝાડ. વળી ગીચોગીચ ઝાડીઝાંખરાં, જુદા-જુદા ઓળખાય પણ નહીં એવા કંઈક છોડવાઓ, તો વળી ઢીંચણ સમાણાં ઘાસ, વાતે-વાતે વળગી પડતાં વેલાઓ, એકેક ડગલે આખું જંગલ ભયાનક લાગે. જંગલમાંથી વહેતી પાલમ નદીનાં ખળખળ વહેતાં પાણીનો અવાજ પણ અહીં ભેંકાર ભાસે.



એક ડગલું ભરો ત્યાં નોળિયો, જંગલી બિલાડી ડોકાય ને બીજું ડગલું ભરો ત્યાં... શાહુડી ને વણિયર. જીવલેણ અજગરના મુખમાં પ્રવેશ્યા હોય તેવું ભયાનક આ જંગલ. એમાં ઝેરી સાપ, આંધળીચાકણ, ધામણ, તારાંકીત કાચબાઓ, ગરોળીઓ ને કાચિંડાઓના સળવળાટ. આવા ભયાનક જંગલમાં ઝરખ, શિયાળ ને દીપડાઓની ભારે દાદાગીરી. પરંતુ આ બધામાં રીંછની વસ્તી સૌથી વધુ. વળી આ રીંછનો તસુભાર પણ વિશ્વાસ ન રખાય.

આવા ઘટાટોપ જંગલમાં રોજ સાંજે મહુડાના ઝાડ નીચે બધાં રીંછ ભેગાં થાય, પછી ક્યાં અને કયો મધપૂડો પાડવો એની સાગમટે ચર્ચા ચાલે ને એ પ્રમાણે મધપૂડા પાડવાની યોજાનાઓ ઘડાય. પરંતુ આ બધાં રીંછમાં રીઢકા રીંછની આગેવાની : બધાં રીંછોએ રીઢકાને સમાચાર આપવાના કે કયા મહુડે સહુથી વધુ મધ બેઠું છે. ને... પછી રીઢકો એ સ્થળે પહોંચી જાય. ઝાડ ઉપર ચડવામાં પણ એ સહુથી પાવરધો. એટલે સડસડાટ ચડી જાય મહુડા પર. મધપૂડો પાડી ભરપેટ મધ ઝાપટે. એનું પેટ ભરાઈ જાય પછી બીજાં રીંછ એમાંથી વધી- ઘટી પ્રસાદી લે. ને પછી ત્યાંથી બધાં રીંછ ભાગી જાય.

ગણ્યાં ગણાય નહીં એટલાં બધાં મહુડાનાં ઝાડ. પરંતુ એ સહુમાં એક લાંબો-પહોળો ને ઊંચો મહુડો. એનું નામ મધડો મહુડો. આ મધડા મહુડાના ઝાડ ઉપર મસમોટા મધપૂડા બેસે, ને અઠવાડિયામાં એ મધડા મહુડા પર અચૂક હુમલો થાય. મધમાખીઓ પર થતા અચાનક હુમલાઓથી તે કંટાળતી. કેટલીય મધમાખીઓનાં ઈંડાંઓ એમાં નાશ પામતાં. આથી મધમાખીઓએ પણ એક સંગઠન કર્યું ને... આવા હુમલાખોરોને સીધા કરવાની યુક્તિઓ શોધવા માંડી. મધમાખીઓના ઝુંડમાં એક રાણી હોય. આ રાણીને એક તુક્કો સૂઝ્યો અને એ પ્રમાણે વર્તવા બીજી મધમાખીઓને તૈયાર કરી.

કાયમની આદત પ્રમાણે એક સાંજે રીંછની ટોળી આવી પહોંચી. શરીરે કાળા-કાળા વાળ, ને નાની-નાની આંખો, જોઈને થર-થર ધ્રૂજી જવાય એવું ભારેખમ શરીર. એવા રીઢકુડાને જોઈ મધમાખીઓ ડરીને ઊડી જતી. પરંતુ... આજે બધી સામનો કરવા આતુર હતી. રીઢકુડો તો દાદાગીરી કરતો મધમહુડા પર ચઢ્યો. ને એક જ ઝાટકો મારી મધપૂડો પીંખી નાંખ્યો. ત્યાં તો... રાણી મધમાખી ઊડી...ને રીઢકુડાના પૂંછડે ચોંટી. રીઢકુડો તો મધની મજા લેવા જાય ત્યાં તો... અરે ! અરે ! આ શું થયું ? આ... મારું પૂંછડું કેમ ભારેખમ થતું ચાલ્યું ? કહેતાં-કહેતાંમાં તો એ પૂંછડાના વજનથી ધડામ કરતો નીચે પડ્યો, બરાબર પછડાણો. બીજાં બધાં રીંછ હસવું રોકી રીઢુકડાના ફરતે વીંટળાઈ વળ્યાં. હવે રાણી મધમાખી ઊડીને

# બાલ સૃષ્ટિ

એના અસલ સ્થાને પહોંચી ગઈ.

ટોળે વળેલા રીંછો રીઢકુડાને પૂછવા લાગ્યા.. 'સાબ, તમે કોઈ દિવસ નહીં ને... આમ હેઠા કાં પડ્યા !... કંઈ સમજાતું નથી હોં...' 'હું પણ એ જ વિચારું છું, કે, કોઈ દિ' નહીં ને આજે કેમ કરતાં આમ બન્યું ?...

હશે, હવે... બે-એક દિવસમાં તો સાજા-સારા થઈ જશો.' કહી સહુએ આશ્વાસન આપ્યું. બે-ચાર દિવસમાં તો રીઢકુડો સાજો-સારો થઈ ગયો. વળી, પાછા હાર્યા જુગારીની પેઠે મધની તલપ લાગી ને મધડા મહુડે ચડવા એ તલપાપડ બન્યો.

મધડા મહુડાની બધી મધમાખીઓમાં અને રાણી વચ્ચે બહુ સંપ હતો. એટલે આજે પાછો રીઢકુડો ડોકાયો છે ને એને સીધો કરવો ને પછાડવો... એવું ગણગણતી મધમાખીઓ ખડે પગે તૈયાર હતી. બીજા રીંછને નીચે ઊભા રાખી આગેવાની લેતો રીઢુકડો તો સડસડાટ મધડા પર ચડ્યો, ને જ્યાં... મોં ખોલી મધપૂડાને હલાવવા ગયો ત્યાં તો બધી રાણીની પાછળ. રાણી રીઢકુડાને પૂંછડે બેઠી એની સાથે બીજી બધી પણ વળગી પડી.

અરે !'' પાછું આજ કેમ આમ થાય છે ? મારા પગની પક્કડ ઢીલી કેમ કરતાં થઈ ? એવું બોલતો એ ઝાડની ડાળને ફીટ વળગી રહ્યો. પરંતુ પૂંછડે વળગેલી મધમાખીઓના વજનથી એનું કશું ચાલ્યું નહીં, ને એ તો પાછો પછડાયો. ધડામ કરતો પડ્યો ભોંય પર.

આજે તો સાચ્ચે જ રીઢકુડાનાં હાડકાં ભાંગી ગયાં હતાં. બધાં રીંછે ભેગાં થઈ એની સારવાર કરી. કોઈ લાવ્યું પાણી તો કોઈ લાવ્યું પાન. કોઈ પંપાળે પીઠ તો કોઈ પંપાળે કાન. આમ કરતાં-કરતાં દસ-પંદર દિવસે રીઢકુડો ઠીક થઈ રહ્યો.

પંદેરક દિવસ પછી એ બમણી તાકાત સાથે ઊભો થયો. ને બોલ્યો, ચાલો... મિત્રો, આજે તો ગમેતેમ થાય, આજે તો મધડાનું મધ હું એકલો જ નહીં આપણે બધાં ખાશું. આજે આખો મધડો હલબલાવી નાંખું છું... બધાં રીંછ ભેગાં થઈ રીઢકુડાને ચડાવ્યો. રીઢકુડો તો હિંમતભેર આગળ ચાલતો હતો. આજે એક પણ ભૂલ ન થાય એની કાળજી સાથે એ મધડા પર ચડ્યો. ને જ્યાં... મધપૂડાને છંછેડ્યો. ત્યાં તો... રાણી મધમાખી પૂંછડે આવી બેઠી ને એની સાથે બીજી બધી પણ પૂંછડે વળગી પડી. રીઢકુડાની પક્કડ ઢીલી થતી ચાલી. મણમણનો ભાર પૂંછડે વધતાં વળી પાછો એ પડ્યો... ધડામ.... હવે... હવે... એનામાં ઊભા થવાની તાકાત નહોતી. પડ્યાં પડ્યાં બીજાં રીંછને ચેતવતાં એ બોલ્યો નક્કી, આ મધમાખીઓ આપણા કરતાં વધુ બળવાન છે, વધુ અક્કલવાળી છે.

ચાલો... ભાગો... ભાગો... અહીંથી, વળી મને પણ ઢસડી જાઓ.... આજે જ પેલા શિયાળને શોધી લાવો અને એને ગુરુ બનાવો...

**દ્રાક્ષ ખાટી છે, ભાઈ ખાટી છે.**

**મધ વાસી છે, ભાઈ વાસી છે.**

કહેતાં રીઢકુડાની આગેવાની હેઠળ બધાં રીંછ નારા બોલાવતાં ત્યાંથી કાયમ માટે ભાગી ગયા. ■



# USA પ્રવાસ



**દિપકભાઈ પટેલ**
ઉપપ્રમુખશ્રી, VUF



**રૂપેશભાઈ પટેલ**
મહામંત્રીશ્રી, VUF

# દીપકભાઇ અને રૂપેશભાઇના

## અમેરિકા પ્રવાસની યાદગાર ગાથા

**પ્રસ્તાવના :** વિશ્વ ઉમિયા ધામના ઉપપ્રમુખશ્રી દીપકભાઈ પટેલ તથા મહામંત્રીશ્રી રૂપેશભાઈ પટેલ સંસ્થાની વિચારધારાને વિશ્વભરમાં ફેલાવવાના ઉદ્દેશથી તા.૧૨ એપ્રિલ ૨૬ થી ૧૧ મે ૨૬ દરમ્યાન અમેરિકાના પ્રવાસે ગયા હતા. સંસ્થાના લક્ષ્યોને સાકાર કરવા માટે હાથ ધરાયેલા "ઈંટદાન અભિયાન" અને નવા ટ્રષ્ટીઓ જોડવાના પવિત્ર આશય સાથે અમેરિકાના વિવિધ શહેરોની મુલાકા લીધી હતી. તેઓએ અનેક નવા ટ્રસ્ટીઓ તથા સીટી મેમ્બર્સ બનાવ્યા હતાં. આ પ્રવાસમાં સંગઠન અને સમાજ નિર્માણની દિશામાં તેમને અપૂર્વ સફળતા મળી હતી જે તેમની ઉચ્ચ નેતૃત્વ ક્ષમતા અને સમાજ પ્રત્યેના સમર્પણ ભાવની જીવંત પ્રતીતિ કરાવે છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ ઉપપ્રમુખશ્રી, મહામંત્રીશ્રી તથા તેમની સાથે જોડાયેલી સમગ્ર ટીમના પ્રસંશનીય કાર્યને બિરદાવીએ છીએ. વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

**તા. ૧૨/૪/૨૦૨૬ :** દીપકભાઈ અને રૂપેશભાઈ અમદાવાદથી દુબઈ ગયા ત્યાં વિશ્વ ઉમિયાધામના આર્કિટેક્ટ સાથે મીટિંગ કરી અને રાતની ફ્લાઇટમાં અમેરિકા ગયા.

**તા. ૧૪/૦૪/૨૦૨૬ :** ન્યૂયોર્કમાં દીપકભાઈના ફેમિલી ફ્રેન્ડ અને પ્રખર ઈમિગ્રેશન લોયર અનિલભાઈ શાહે ૨૫ ઈંટનું દાન આપી. સફરની શુભ શરૂઆત કરાવી. ન્યૂયોર્કમાં ડેની બારોટ અમને લેવા આવ્યા હતાં. આ દિવસે ત્રણ મિત્રો સાથે મીટિંગ કરી તેમાંથી લાલભાઈ (મૂળવતન જામળા) તથા **મહેશભાઈ બાહુબલીને સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા**. ૧૩ મી અને ૧૪ મી ની રાત્રે દીપકભાઈના મિત્ર નીલેશ મહેતાને ત્યાં રાત્રિ રોકાણ કર્યું.

**તા. ૧૫/૦૪/૨૦૨૬ :** અમે ન્યૂયોર્કથી ન્યૂ જર્સી ગયા. તે દિવસે દિપકભાઈ અને પ્રણયભાઈના મિત્ર **કમલભાઈ પટેલ અને ગ્રીષ્મા પરીખના ઘરે ડીનર લીધું અને તેઓએ માતાજીના ચરણોમાં ૧૧ કરોડનું દાન આપવાની સંમતી બતાવી** અને ટોકન પેટે ૨૫૦૦૦ ડોલરનો ચેક અર્પણ કર્યો. તેમની આ ઉદારતાને બિરદાવીએ છીએ. રાત્રિ રોકાણ ડેની બારોટના ત્યાં હતું.

**તા. ૧૬/૦૪/૨૦૨૬ :** ન્યૂ જર્સીથી ત્રણ કલાક દૂર ફિલાડેલ્ફિયામાં જઈને વિશાલ પટેલ સાથે મીટિંગ કરી VUFના પ્રોજેક્ટની માહિતી આપી. સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ વિશાલભાઈએ VUF માં જોડાવાની સંમત્તિ આપી. ત્યાંથી પાંચ કલાક દૂર મિકેનિક્સબર્ગ PA જવા નીકળ્યા. આ દિવસે કારમાં કુલ ૯ કલાકની મુસાફરી કરી **વિપુલભાઈના ઘરે રાત્રી રોકાણ કર્યું. અને તેમને સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા**. તેમણે ઈંટદાન અભિયાનમાં સભ્ય બનાવવાની જવાબદારી પણ સ્વીકારી.

**તા. ૧૭/૦૪/૨૦૨૬ :** Vipulbhai અમને સ્કેન્ટન પેન્સીલવેનીયા મૂકી ગયા, રસ્તામાં અમે આપણા પ્લેટિનમ ટ્રસ્ટી અલ્પેશભાઈને ત્યાં લંચ કર્યું અને તેમણે Brick Donation Drive ની બુક આપી અને તે પૂરી કરી આપવાની જવાબદારી સોંપી. જીગ્નેશભાઈ (chapter chairman - Pennsylvania ) ના ત્યાં અમને અલ્પેશભાઈ મૂકી ગયા. જીગ્નેશભાઈએ ૨૦ થી ૨૫ મિત્રોની ડિનર મીટિંગનું આયોજન કર્યુ હતું, જેમા **જીગ્નેશભાઈ તથા નિલેશભાઈ VUF ના સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા.** આ મીટિંગમાં આશરે ૨૫૦ USA Brick Donation પણ મળ્યું અને જીગ્નેશભાઈના ગ્રુપે ૧૦૦૦ Brick Donation નું commitment પણ આપ્યું.

**તા. ૧૮/૦૪/૨૦૨૬ :** જીગ્નેશભાઈ અને તેમના પત્ની સાથે અમે ચાર જણા હેરિસબર્ગ પેન્સિલ્વેનિયા જવા નીકળ્યા. જ્યાં સંસ્થાના સેન્ટ્રલ કમિટીના સભ્ય નીતિનભાઈએ મીટિંગ રાખેલી, જેમાં ૨૦ ફેમિલી હાજર રહેલા અને તે મીટિંગમાં લગભગ ૨૫૦ USA Brick Donation પણ મળ્યું અને **નિતિનભાઈ તથા ધનંજયભાઈ VUF સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા.** નિતિનભાઈએ અને જીગ્નેશભાઈએ ઓછામાં ઓછી ૧૦૦૦ Bricks Donation આપવાનો સંકલ્પ કર્યો. બપોરે ૨ કલાકે બાલ્ટીમોર વોશિંગ્ટનથી દિનેશભાઈ પટેલ નરેશભાઈ તથા રોકી (રાકેશ પટેલ) હેરિસબર્ગ અમને લેવા આવ્યા અને તેમની સાથે અમે હેરિસબર્ગથી અઢી કલાક દૂર બાલ્ટીમોર પહોંચ્યા. ત્યાં મેરીલેન્ડના ટ્રસ્ટીઓ સાથે મીટિંગનું આયોજન કર્યું. જેમાં સંસ્થાની પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જ્યાં નરેશભાઈ, દિનેશભાઈ

# USA પ્રવાસ

તથા રોકીભાઈએ મેરીલેન્ડના ટ્રસ્ટીઓને બોલાવેલા. શારલોટ નોર્થ કેરોલિનના ચેપ્ટર ચેરમેન અને VUFના ટ્રસ્ટી અશોકભાઈ ૭ કલાક ગાડી ચલાવી અમને બાલ્ટીમોર લેવા આવ્યા. Bricks Donation ની ૨ બુક દિનેશભાઈ પટેલને આપી. ડબલિન વર્જિનિયામાં આપણા ટ્રસ્ટી ભાવેશભાઈ નટુભાઈને ત્યાં મોટેલમાં રાત્રિ રોકાણ કર્યું.

**તા. ૧૯/૪/૨૦૨૬ :** ક્લોવર, શારલોટ, નોર્થ કેરોલિના અશોકભાઈના ઘરે લંચ લીધું અને VUFના ટ્રસ્ટી સ્વ. અનિલભાઈ તથા અલ્પેશભાઈના ઘરે બેઠક કરવા ગયા. ત્યાંથી વામજવાળા સ્વ. પી. કે. પટેલને ત્યાં બેઠક કરવા ગયા. ત્યાંથી સાંજે અમે લોકો અમિતભાઈના ઘરે લેગઝીંગટન કોલમ્બિયા જવા નીકળ્યા. જ્યાં અમિતભાઈએ ૧૫ મિત્રોની મીટિંગ બોલાવેલી અને તે દરમિયાન સાઉથ કેરોલિનાના ચેપ્ટર ચેરમેન રાજ પટેલ પણ અમારી સાથે જોડાઈ ગયા. રાત્રે ૧૫મિત્રો સાથે મીટિંગ કરી. USA Brick Donation Drive માં જોડાવા અપીલ કરી. રાત્રિ રોકાણ અમિતભાઈના ઘરે જ કર્યું. **અમિતભાઈ ને ગોલ્ડન માંથી પ્લેટીનમ ટ્રસ્ટી બનાવ્યા.** તથા તેમણે પ્લેટીનમ ટ્રસ્ટી તરીકેનું યોગદાન તે જ સમયે આપી દીધું.

**તા. ૨૦/૦૪/૨૦૨૬ :** અમે રાજભાઈ, અમિતભાઈ તથા અશોકભાઈ સાથે Orangeburg જવા નીકળ્યા. ત્યાં ટ્રસ્ટી સુરેશભાઈ સાથે મીટીંગ કરી. આ મીટિંગમાં પ્લેટીનમ ટ્રસ્ટી શ્રી ઘનશ્યામભાઈ તથા રસિકભાઈ, પી. કે. પટેલ, સોનુભાઈ, રાજુભાઈ અને હિતેશભાઈ વગેરે ટ્રસ્ટીઓ હાજર હતા. ત્યારબાદ સાઉથ કેરોલિના સ્પાર્ટનબર્ગ હિન્દુ મંદિરમાં પહોંચ્યા. ત્યાં મીટીંગ કરી અને ત્યાં હાજર તમામ ભાઈ બહેનોને Brick Donation થી સંસ્થા સાથે જોડાવાનું આહ્વાન કર્યું અને તે લોકોએ ૩૦૦ થી ૫૦૦ ઈંટોનું Brick Donation કરશે તેવી ખાતરી આપી. અને ત્યાં આપણા વડીલ શ્રી **અમરતભાઈએ (લક્ષ્મીપુર નંદાસણ) ૧૧,૦૦૦ ડોલરનો ચેક આપી એક ધર્મસ્તંભનું ડોનેશન કર્યું.**

**તા. ૨૧/૦૪/૨૦૨૬ :** અમે સવારે ૨ કલાક ડ્રાઈવ કરી ગ્રીનવુડમાં આપણા ટ્રસ્ટી મિહિરભાઈ સાથે મીટિંગ કરી ત્યાં અમિતભાઈના પાર્ટનર સન્ની પટેલ VUFના સીલ્વર ટ્રસ્ટી બન્યા. ૨ દિવસ પછી મિહિરભાઈએ અમને કોલ કરીને જણાવ્યું કે તે પણ સિલ્વરમાંથી પ્લેટિનિયમ ટ્રસ્ટી બન્યા.

ત્યારબાદ ચેતનભાઈને સિટી મેમ્બર બનાવ્યા અને તેમના ૩૫૦ clients ને તે પોતે USA Brick Donation Drive થી જોડશે તેવી ખાતરી આપી. અને ત્યાંથી Summer ville, Charleston જવા નીકળ્યા અને ત્યાં નિમેશભાઈ અને તેમના સાત મિત્રોના ગ્રુપ સાથે મીટિંગ કરી, સંસ્થા સાથે જોડાવાનું આહ્વાહન કર્યું. તે લોકોએ તેમના ઈમિગ્રેશન રિલેટેડ પ્રશ્નો અમને કહ્યા. જેના અમે જવાબો આપ્યા તથા તેમને મદદ કરવાની તૈયારી દર્શાવી.

**તા. ૨૨/૦૪/૨૦૨૬ :** સવારે રાજભાઈને ત્યાં બ્રેકફાસ્ટ સાથે મીટિંગ કરી જેમાં ૧૨ થી ૧૫ લોકો હાજર હતા. આ મીટિંગમાં **રાજભાઈ સંસ્થાના સિલ્વર ટ્રસ્ટીમાંથી ગોલ્ડન ટ્રસ્ટી બન્યા. તે ઉપરાંત રાજભાઈના ભાઈ હિતેશભાઈ પણ સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી બન્યા. રાજભાઈ ના પાર્ટનર દેવાંગભાઈ પણ સિલ્વર ટ્રસ્ટી બન્યા** તથા બાકી ના મિત્રો એ Brick Donation કર્યું. બે થી ત્રણ સિટી મેમ્બર થયા. પછી અમે ત્યાંથી સાંજે ફ્લોરેન્સ સાઉથ કેરોલિના જવા નીકળ્યા. ત્યાં ગૌરાંગ પટેલને ત્યાં મીટિંગમાં ૧૨૫ થી ૧૫૦ લોકોની હાજરી હતી. બધાની હાજરીમાં મંદિરનું પ્રેઝન્ટેશન કર્યું. પછી ગૌરાંગ પટેલ અને પ્રજ્ઞેશભાઈ સીલ્વર ટ્રષ્ટી બન્યા. તથા ૪૦૦ થી ૫૦૦ ઈંટ દાનનું કમિટમેન્ટ આપ્યું. આ મીટિંગમાં ગૌરવભાઈના ચેરમેન પદે એજ્યુકેશન કમિટી બનાવવાનું નક્કી થયું. રાજભાઈને ત્યાં રાત્રિ રોકાણ કર્યું.

**તા. ૨૩/૦૪/૨૦૨૬ :** નિમેશભાઈની વિનંતીથી તેમને ત્યાં ચા નાસ્તો કર્યો પછી **નિમેશભાઈએ અને તેમના ગ્રુપએ ૨૮,૦૦૦ $ દાન જાહેર કર્યું.** ત્યાંથી સવાના જ્યોર્જિયા પહોંચ્યા જ્યાં ચેપ્ટર ચેરમેન ભરતભાઈ, રાકેશભાઈ તથા ઉમંગભાઈ સાથે બીજા દિવસની મીટિંગની ચર્ચા વિચારણા કરી.

**તા. ૨૪/૦૪/૨૦૨૬ :** સાંજની મીટિંગમાં સવાના GA માં ભરતભાઈના ઘરે ડીનર મીટિંગમાં ૫૦૦ Bricks Donation મળ્યું. અને બીજા ૫૦૦ Bricks Donation નું કમિટમેન્ટ પણ મળ્યું. ત્યાંથી અમે મેક્કન પહોંચ્યા. રાત્રે મેક્કન GA માં અજીતભાઈની મોટેલમાં રાત્રી રોકાણ કર્યું.

**તા. ૨૫/૦૪/૨૦૨૬ :** સવારે મેક્કન ઉમિયાધામમાં આરતી કરી, પ્રેઝન્ટેશન કર્યું અને મીટીંગ કરી. મીટિંગમાં ઉમિયાધામ મેકનના ટ્રસ્ટીઓ અને VUF ના ટ્રસ્ટીઓ હાજર હતા. રસિકભાઈના ત્યાં લંચ મીટિંગ કરી અજીતભાઈ સાથે ચર્ચા વિચારણા કરી. સાંજે **આપણા પ્લેટિનમ ટ્રસ્ટી અલ્પેશભાઈએ ડિનર તથા મીટિંગનું આયોજન કરેલું. તે મીટીંગમાં ચાર સિલ્વર ટ્રસ્ટી બન્યા અને બે લાઈફ ટાઈમ મેમ્બર બન્યા.**

# USA પ્રવાસ

**તા. ૨૬/૦૪/૨૦૨૬ :** સવારે અલ્પેશભાઈને ત્યાં બ્રેકફાસ્ટ કર્યો. બપોરે **ભરતભાઈને ત્યાં લંચ કરી અને તેમને સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા.** ઉમંગભાઈ પ્રેસીડેન્ટ અને અરવિંદભાઈ (ચેરમેન મેકન મંદિર)ને સિટી મેમ્બરમાંથી લાઈફ ટાઈમ મેમ્બર બનાવ્યા. દિનેશભાઈને શુભેચ્છક સભ્ય બનાવ્યા અને  રાજુભાઈ તથા પંકજભાઈને સિટી મેમ્બર બનાવ્યા. ત્યાંથી સાંજે વર્નારોબીન્સમાં એક ગ્રુપ મીટિંગ કરી. તેમાં રસિકભાઈ, માણેકભાઈ, શૈલેષભાઈ, ભરતભાઈ, તથા VUF ના ટ્રસ્ટીઓ હાજર રહ્યા.

**તા.૨૭/૦૪/૨૦૨૬:** સવારે રાકેશભાઈ તથા ઉમંગભાઈ ના ઘરે ગયા. ત્યારબાદ રાકેશભાઈ અને ભરતભાઈ અમને અડધા રસ્તે સાઉથ અલાબામા મૂકી ગયા. પછી પરેશભાઈ તથા વિશાલભાઈ સાથે મોન્ટગોમેરીમાં પાંચ થી છ જગ્યાએ વિઝિટ કરી. રાત્રિ રોકાણ પણ આદેશભાઈને ત્યાં જ કર્યુ.

**તારીખ ૨૮/૦૪/૨૦૨૬ :** સવારે ગન્ટર્સવિલ થી Huntsville ગયા જ્યાં બીએપીએસનું મંદિર બને છે, ત્યાંના સ્વયંસેવકોને પ્રેઝન્ટેશન કર્યું. અને ત્યાંથી ભાવેશભાઈને ત્યાં ૨૦ જણાની સાથે ડિનર મીટિંગ કરી. તેમાં **રાજ ભરતભાઈ પટેલ સિલ્વર ટ્રસ્ટી બન્યા** અને મીટિંગમાં હાજર રહેલ તમામ લોકોએ ૧૦૦૦ થી ૨૦૦૦ નો USA Brick Donation Drive કરવાનો સંકલ્પ કર્યો અને ખાતરી પણ આપી.

**તા.૨૯/૦૪/૨૦૨૬ :** સવારે આદેશભાઈ સિલ્વરમાંથી ગોલ્ડન ટ્રસ્ટી થયા. **આદેશભાઈના સાઢુ વ્રજેશભાઈ ડાયમંડ લીડર બન્યા. ગોવિંદભાઈ, જનકભાઈ અને જયેશભાઈને પણ સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા.** પોતે પણ પર્સનલ ૫૦૦ ઈંટોનું દાન આપવાનું કમિટમેન્ટ કર્યુ અને VUF માટે પોતાની કાયમી કટિબદ્ધતા બતાવતા ગુટકાનો ત્યાગ કર્યો. ઘનશ્યામભાઈએ તેમના દીકરાને સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા. અને ૨૮,૦૦૦ ડોલરનો ચેક આપ્યો. બપોર પછી અમે ChataNuga Tennessee જવા નીકળ્યા. જ્યાં મીટિંગમાં દિપકભાઈએ પ્રેજન્ટેશન કર્યુ.

**તા. ૩૦/૦૪/૨૦૨૬ :** સવારે દીપકભાઈ સંસ્થાના ChataNuga ના ટ્રસ્ટીઓ તથા જયંતીભાઈના ઘરે શુભેચ્છા મુલાકાતે જઈ આવ્યા. સાંજે હસમુખ કાકાએ  મીટિંગ સ્પોન્સર કરી હતી. જે તે લોકોએ સ્વીકાર્યુ અને ત્યારબાદ હસમુખ કાકાએ લગભગ ૨૫૦ ઈંટનું દાન પણ કન્ફર્મ કરાવ્યું. રાત્રી રોકાણ હસમુખકાકા ને ત્યાં કર્યુ.

**તા. ૦૧/૦૫/૨૦૨૬ :** સવારે અમે આદેશભાઈ,વ્રજેશભાઈ તથા સંસ્થાના ટ્રસ્ટી અનિલ મામા તથા હર્ષદભાઈ એટલાન્ટા જવા નીકળ્યા. એટલાન્ટાની નજીક કેનાસમાં સંસ્થાના ટ્રસ્ટી સુરેશભાઈના ત્યાં રૂબરૂ મુલાકાત કરી. આ મુલાકાતમાં મેકન જ્યોર્જિયાથી ચેપ્ટર ચેરમેન ભરતભાઈ, રાકેશભાઈ અને ઉમંગભાઈ હાજર રહ્યા. અમે બધા Atlanta થી South Mekon તરફ જવા નીકળ્યા. ત્યાં રસ્તામાં Hotel Holiday Inn સ્ટોક બ્રીજ માં સમાજના સાતથી આઠ વ્યક્તિઓ સાથે મીટિંગ કરી. જેમાં અજયભાઈ પટેલ સિટી મેમ્બર તરીકે જોડાયા. સંસ્થાના જૂના ટ્રસ્ટી નારણભાઈનું સન્માન કર્યું. રાજુભાઈ પણ સંસ્થાના સિટી મેમ્બર તરીકે જોડાયા. ત્યારબાદ મેકોન નજીક કેનીભાઈની ઓફીસમાં સુભાષભાઈ સહિત ૧૫ લોકો સાથે મીટિંગ કરી. રાત્રે કેનીભાઈ તથા વાસુદેવભાઈ સાથે ડીનર કર્યું.

**તા.૦૨/૦૫/૨૦૨૬ :** સવારે અમે Nashaville જવા નીકળ્યા. જ્યાં ચેપ્ટર ચેરમેન સતીશભાઈ પટેલની તાજ હોટલમાં લંચ લીધું. અને ત્યારબાદ ઉમિયાધામ Nashavilleમાં દર્શન કર્યા. ત્યારબાદ નેશવિલ કડવા પાટીદાર સમાજની પિકનિકના સ્પોટે પહોંચ્યા. જ્યાં ૩૦ થી ૪૦ લોકો સામે  મંદિરનું પ્રેઝન્ટેશન કર્યું. અને USA Brick Donation Drive માં જોડાવાની અપીલ કરી. ત્યારબાદ હસમુખકાકાની સહાયતાથી તેમના મિત્રને ત્યાં ડિનર મીટિંગ કરી જેમાં **ચિરાગભાઈ, ધર્મેશભાઈ, ગૌતમભાઈ, ગૌરાંગભાઈ પટેલ અને કેની પટેલ VUF સિલ્વર ટ્રસ્ટી બન્યા. જેનો તમામ શ્રેય હસમુખ કાકાને જાય છે.**

**તા. ૦૩/૦૫/૨૦૨૬ :** સવારે અનીલમામા સાથે નોક્સવિલના હિન્દુ મંદિરમાં વિશ્વ ઉમિયાધામ દ્વારા આયોજિત  વોલીબોલ ટૂર્નામેન્ટ ચાલતી હતી. ત્યાં નોક્સવિલના ચેપ્ટર ચેરમેન હિતેશભાઈ તથા અન્ય વોલીબોલ ટૂર્નામેન્ટમાં ભાગ લેનારા તમામ સદસ્યને ભેગા કરી સંસ્થાની માહિતી આપી અને પૂરેપૂરું પ્રેઝન્ટેશન કર્યું. તથા દરેકને વિશ્વ ઉમિયાધામ USA_Brick Donation Donation Drive માટે અપીલ કરી અને તે વખતે આપણા એક સુરતી ધીરૂભાઈ પટેલે ૧૦ ઈંટનું દાન કર્યું. સુરત નોક્સવિલ દ્વારા અને હિતેશભાઈએ ચેપ્ટર ચેરમેનને નોક્સવિલ એરિયામાંથી ૧૦૦૦ Brick Donation મેળવી આપવાનો સંકલ્પ કર્યો. નોર્થ કેરોલિના તથા સાઉથ કેરોલિનાના અમિતભાઈ અને અશોકભાઈ સાથે ૨.૩૦ કલાક ડ્રાઈવ કરી Richmond, Kentucky પહોંચ્યા. ત્યાં ચેપ્ટર ચેરમેન ચેતનભાઈ પટેલ ડિનર લઈ તેમના ગેસ્ટહાઉસ બંગલામાં રાત્રિ રોકાણ કર્યું.

# USA પ્રવાસ

**તા. ૦૪/૦૫/૨૦૨૬ :** સવારે ચેતનભાઈના બંગલાની સામે કનુભાઈના ત્યાં બ્રેકફાસ્ટ કરી ઉમિયાધામ મંદિર કેન્ટક્કીમાં ગયા. ત્યાના તમામ હોદ્દેદારો સાથે મીટિંગ કરી જેમાં સંસ્થાના ટ્રસ્ટી ચેતનભાઈ, પ્રગ્નેશભાઈ, હિતેશભાઈ પણ ઉપસ્થિત રહ્યા. ત્યારબાદ રિચમન્ડના મોભી બળદેવભાઈ ચોક્સીના ઘરે શુભેચ્છા મુલાકાત લીધી. તથા સંસ્થાના ટ્રષ્ટી પ્રજ્ઞેશભાઈને ત્યાં લંચ લીધું.

ત્યાંથી લગભગ ૨ કલાક દૂર louisville, kentucky જવા નીકળ્યા. રસ્તામાં અલ્પેશભાઈના ઘરે રોકાયા. **અલ્પેશભાઈએ સંસ્થાનું પ્રેઝન્ટેશન નિહાળી ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી થવાનું સ્વીકાર્યું. ત્યારબાદ જગદિશભાઈના ઘરે રોકાયા અને તેમને પણ સિલ્વર ટ્રસ્ટી થવાનું સ્વીકાર્યું.** અને ત્યારબાદ louisville માં સૌરભભાઈની મોટેલમાં મીટિંગ કરી.

૧૫ લોકોની આ મીટિંગમાં ઉપસ્થિત સૌરભભાઈ (જે દિપકભાઈને પહેલીવાર જ મળતા હતા)ખૂબ જ ભાવવિભોર થઈ ગયા, કારણ કે દિપકભાઈ તથા રૂપેશભાઈએ કોરોનાકાળમાં તેના સાસુ-સસરાનીખૂબ મદદ કરેલી. આ મીટિંગમાં **સૌરભભાઈ સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી બન્યા હતા. અને તેમની સાથે બીજા પાંચ વ્યક્તિ પણ સિલ્વર ટ્રસ્ટી અને એક વ્યક્તિ લાઈફ મેમ્બર તરીકે જોડાયા.** ચેપ્ટર ચેરમેન અને પ્લેટિનમ દાતાશ્રી હર્ષદભાઈ તથા નરેન્દ્રભાઈ બંને ઉપસ્થિત રહ્યા હતા. અને **હર્ષદભાઈએ ત્યાં જીગ્નેશભાઈ તથા ગોવિંદભાઈ - ચાટાનુગાને સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા.** અને રાત્રિ રોકાણ ચેતનભાઈના ગેસ્ટ હાઉસમાં કર્યુ.

**તા.૦૫/૦૫/૨૦૨૬ : ચેતનભાઈના ઘરે તેમના પાર્ટનર રાજુભાઈને સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા.** તથા સંસ્થાના સિલ્વર ટ્રસ્ટી એવા નટુભાઈનું પણ સન્માન કર્યું. ત્યાંથી સાડા ત્રણ કલાક દૂર આપણા સિલ્વર ટ્રસ્ટી હિતેષભાઈના ઘરે (Prestenburg Kentucky) પહોંચ્યા. ત્યારબાદ **મૌલિક ભાઈના ઘરે જઈને તેમને સિલ્વર ટ્રસ્ટી બનાવ્યા.** ત્યારબાદ મહેશભાઈના ઘરે ગયા. **મહેશભાઈ અને કમલેશભાઈ તેમના પિતાના નામે સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા. અને ત્યારબાદ તેમના બનેવી દિનેશભાઈ પણ સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા. ત્યારબાદ હિતેષભાઈના ઘરે તેમના ભાઈ શૈલેષભાઈ તથા એક અન્ય વ્યક્તિ પણ સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા. આમ કેન્ટકીથી બે દિવસમાં ૧૬ લોકો સિલ્વર ટ્રસ્ટી તરીકે જોડાયા.** રાત્રે ૮ વાગ્યે અમે લોકો મેરીલેન્ડ જવા નીકળ્યા. રસ્તામાં વેસ્ટ વર્જિનિયામાં ચાર્લ્સટન ખાતે રાત્રી રોકાણ કર્યું.

**તા. ૦૬/૦૫/૨૦૨૬ :** સવારે અશોકભાઈ અને અમિતભાઈ સાથે મેરીલેન્ડ જવા નીકળ્યા. રાકેશભાઈ અને નરેશભાઈ બાલ્ટીમોર થી અમને રીસીવ કરવા આવ્યા અને અમે લોકો લેગઝીંગટન વેર્જીનીયામાં ભેગા થયા. ત્યાંથી ૩ કલાક ગાડી ચલાવી રાકેશભાઈ ના ઘરે બાલ્ટીમોર પહોંચ્યા. ત્યાં નરેશભાઈ, સુમનભાઈ, અનીલ શર્મા વગેરે સાથે ડીનર કર્યું. રાત્રી રોકાણ રાકેશભાઈ ના ઘરે કર્યું.

**તા. ૦૭/૦૫/૨૦૨૬ :** સવારે સુરેશભાઈના ઘરે હાજરી આપીને રોકીભાઈ અને દિનેશભાઈની ઓફિસે ગયા. ત્યાંથી સંસ્થાના ટ્રસ્ટી પિયુષભાઇ અને ચેપ્ટર ચેરમેન નરેશભાઈ સાથે બેસી જે ડોનર્સનું પેમેન્ટ બાકી છે તે તમામ ને ફોન કરી તાત્કાલિક પેમેન્ટ જમા કરાવવા આહ્વાન કર્યું. અને તમામ લોકો એ બાકી પેમેન્ટ કરી દેવાની ખાતરી આપી. આ દરમ્યાન ડેનીભાઈના સાળા નીલેશભાઈ તથા એક બીજા વિનોદકુમારને લાઈફટાઈમ મેમ્બર બનાવ્યા.

**તા. ૦૮/૦૫/૨૦૨૬ :** સવારે બાલ્ટીમોર થી નીકળી ૨:૩૦ કલાક દૂર સંસ્થાના ભામાશા ટ્રસ્ટી રામભાઈને ત્યાં પહોંચ્યા. પરંતુ તેઓ જ્યોર્જિયા ગયેલ હોવાથી મુલાકાત થઇ શકી નહીં. ત્યાંથી ૩ કલાક દૂર ન્યુ જર્સીના મનરો ટાઉનશીપમાં સંસ્થાના ટ્રસ્ટી અને દીપકભાઈના ફેમીલી ફ્રેન્ડ પ્રહલાદભાઈ સાથે શુભેચ્છા મુલાકાત કરી. ત્યાંથી ન્યુ જર્સી ઉમિયા માતાના મંદિરે પહોંચ્યા. જ્યાં વિશ્વ ઉમિયાધામનું પ્રેઝન્ટેશન કર્યુ તથા એડીસનમાં નવા બની રહેલા ઉમિયાધામ મંદિર અંગે મહેન્દ્રભાઈ, અરવિંદભાઈ તથા ઉમિયાધામ ન્યુજર્સીના હોદ્દેદારોને ટેકનિકલ મદદ કરવાની ખાત્રી આપી. સાંજની આરતીમાં ભાગ લઈ, ડેની બારોટને ત્યાં રોકાણ કરી રાત્રે નિલેશભાઈ સાથે ન્યુ યોર્ક જવા નીકળ્યા.

**તા.૧૧/૫/૨૦૨૬ :** ના રોજ આ સુ:ખદ પ્રવાસ પૂર્ણ કરી અમદાવાદ પરત આવવા રવાના થયા.

**"જય ઉમિયા"**

**USA પ્રવાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહયોગ આપનાર તમામનો "વિશ્વ ઉમિયાધામ" હૃદય પૂર્વક આભાર માને છે.**

# દીપકભાઈ અને રૂપેશભાઈના અમેરિકા (USA) પ્રવાસની યાદગાર ક્ષણો



શ્રી અલ્કેશભાઈ પટેલ - Kentucky



શ્રી રાજ કે. પટેલ - South Carolina



શ્રી અમિતભાઈ પટેલ - South Carolina



શ્રી ભરતભાઈ પટેલ - Macon, Georgia



શ્રી હર્ષદભાઈ, સૌરભભાઈ તથા અશોકભાઈ
Kentucky



શ્રી પરેશભાઈ પટેલ - South Alabama



શ્રી ભાવેશભાઈ પટેલ - North Alabama

USA પ્રવાસ

# (USA) પ્રવાસની યાદગાર ક્ષણો



ગ્રુપ ફોટો - Kentucky



નેશવીલ - ટેનશી



શ્રી કેનીભાઈ પટેલના ઘરે - Georgia



શ્રી ગૌરવભાઈ પટેલ - South Alabama



શ્રી હિતેષભાઈ પટેલના ઘરે - Kentucky



શ્રી ચેતનભાઈ પટેલ - Kentucky



શ્રી પ્રફ્રેશભાઈ પટેલ - Kentucky



શ્રી ચેતનભાઈ બી. પટેલ - Kentucky

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## VUFના સુરત કાર્યાલય ખાતે 'ફ્રી બસ પાસ'નું વિતરણ માન. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે





તા.૨૧ જૂને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સુરત કાર્યાલય ખાતે માનનીય નાયબ **મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે** સિનિયર સિટિઝનો માટે સુરત મહાનગરપાલિકાની સિટી લિંક બસ સેવામાં નિઃશુલ્ક મુસાફરીનો લાભ મળી રહે તે માટે ફ્રી બસ પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સહમંત્રીશ્રી દામોદરભાઈ ભાવાણી, દાતા ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ નાગરિકોને સુવિધા, સન્માન અને સહયોગ મળે તે માટે આયોજિત આવા સમાજોપયોગી સેવાકીય કાર્યો ખરેખર પ્રશંસનીય અને અનુસરણીય છે.

## VUF - USA VPL-2, 2026 Volleyball & Cricket Tournament





VUF-USA VPL-2 2026 અંતર્ગત યુએસએના વિવિધ ચેપ્ટરોમાં વોલીબોલ તેમજ ક્રિકેટ ટુર્નામેન્ટનું અદભુત અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં યુએસએ સેન્ટ્રલ કમિટીના હોદ્દેદારશ્રીઓ તેમજ તમામ ચેપ્ટરના ચેરમેનશ્રીઓનો સહયોગ સરાહનીય રહેલો છે. આ સંપૂર્ણ ટૂર્નામેન્ટનું આયોજન સેન્ટ્રલ કમિટીના કો.ચેરમેન અને યુએસએ મહિલા વિંગના ચેરપર્સન શ્રીમતી અનિતાબેન પટેલની કામગીરી વિશેષ રહેલી છે અને સમાજસેવા અને સામાજિક એકતાના આવા પ્રયાસો સતત પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ.

## VIBES સુરત ટીમ દ્વારા 'SNEH 2.0' કાર્યક્રમ યોજાયો







તા. ૧૩ જૂન ૨૦૨૬ **VUF - VIBES** સુરત ટીમ દ્વારા સુરત ખાતે **'SNEH 2.0'** કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટિવેશનલ સ્પીકર તરીકે શ્રી મનીષભાઈ વઘાસિયા અને સંસ્થાના ગૌરવવંતા દાતા શ્રી એડવોકેટ મનીષભાઈ એમ. પટેલે સહયોગી દાતા બની પ્રસંગને સફળ બનાવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબ તેમજ ઉપપ્રમુખ શ્રી ડી.એન. ગોલ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. આ અવસરે પોતાના લોકો, નવી પ્રેરણા અને સંગઠનની સાચી શક્તિ વિશે સુંદર સંવાદ થયો! જગતજનની મા ઉમિયા સદૈવ તેમના ભક્તો પર આશીર્વાદ વરસાવતા રહે તેવી પ્રાર્થના.

## વડાલી ગામના ખેડુતોએ
## ઉમાપ્રસાદમમાં ૩૦૦ મણ ઘઉં અર્પણ





તા. ૧૮, જૂન સાબરકાંઠાના વડાલી ગામના ખેડૂતો અને સેવાભાવી યુવાનો શ્રી ભરતભાઈ, શ્રી રોહિતભાઈ તથા સમગ્ર વડાલી ટીમે ગામમાં ઘર-ઘર જઈ એક-એક ગુણી ઘઉં એકત્રિત કરીને વિશ્વ ઉમિયાધામ ખાતે આવનાર ભાવિક ભક્તો માટે ઉમા પ્રસાદમમાં નિઃશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા માટે ૩૦૦ મણ ઘઉંનું દાન અર્પણ કર્યું. આ પ્રેરણાદાયી કાર્ય બદલ સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ તેમજ ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ તથા કેન્દ્રીય સંગઠન કો. ચેરમેનશ્રી પ્રવીણભાઈ પટેલે વડાલી ટીમ અને તમામ ખેડૂતોને બિરદાવી તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

## VIBESના અશોકા ચેપ્ટરની ૧૦૦મી મિટીંગ સફળતા પૂર્વક પૂર્ણ




વિશ્વઉમિયા ફાઉન્ડેશન સંચાલિત VIBES ના અશોકા ચેપ્ટરની ૧૦૦ (શતાબ્દી)મિટીંગો સફળતા પૂર્વક પૂર્ણ થયેલ તે અંતર્ગત સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબે વિશેષ ઉપસ્થિત રહી અશોકા ચેપ્ટરના તમામ મિત્રોને શુભેચ્છા પાઠવી.

## અમદાવાદ પૂર્વ કાર્યાલય નિકોલ ખાતે વિધવા બહેનોને અનાજની કીટનું વિતરણ





તા.૧૭, મે અમદાવાદ પુર્વ કાર્યાલયમાં સંસ્થાના નેજા હેઠળ પુર્વ વિસ્તારમાં રહેતા વિધવા બહેનોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ વાડીભાઈ પટેલ, ત્રિકમભાઈ પટેલ, મનોરભાઈ પટેલ, મગનભાઈ પટેલ તથા અશ્વિનભાઈ પટેલ વિગેરે તેમજ સંસ્થાના ટ્રસ્ટીઓ, દાતાઓ અને ઉપસ્થિત બહેનોના હસ્તે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું.

## VIBOS - સફળ ઉદ્યોગસાહસિકો માટે
## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા અનોખી પહેલ





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સફળ ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક સ્તરે જોડવા માટે VIBOS (Vishv Umiya International Business Organization & Social Natwork)ની શરૂઆત કરવામાં આવી છે. ગૌરવની વાત એ છે કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અનેક યુવા ટ્રસ્ટીશ્રીઓ અને અગ્રણી ઉદ્યોગપતિઓ VIBOS સાથે જોડાઈ ચૂક્યા છે અને તેની Core Leadership Teamમાં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે. રૂા. ૨૫ કરોડ કે તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઉદ્યોગસાહસિકો માટે VIBOS વિકાસ, નેટવર્કિંગ અને નવી તકોનું શક્તિશાળી પ્લેટફોર્મ બની રહ્યું છે. ખૂબ જ ટૂંક સમયમાં VIBOSનું ભવ્ય ઓફિશિયલ ગ્રાન્ડ લોન્ચિંગ યોજાનાર છે.



ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

## VUF ઉમાશિક્ષણ સહાય યોજના અંતર્ગત ભલામણ પત્ર એનાયત









વિશ્વ ઉમિયાધામ, જાસપુર દ્વારા ઉમા શિક્ષણ સહાય યોજના સમાજના તેજસ્વી અને જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેનું પ્લેટફોર્મ પુરું પાડે છે. આ યોજના ૨૦૨૧થી કાર્યરત છે. ૨૦૨૬માં અલગ અલગ યુનિવર્સિટી તેમજ કોલેજમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થિઓના ઈન્ટરવ્યું લઈ તેને જે કોર્ષ સીલેક્ટ કર્યો હોય તેને કોલેજ કે યુનિવર્સિટીમાં એડમીશન આપવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબ દ્વારા ઈન્ટરવ્યૂમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને ભલામણ પત્ર આપવામાં આવ્યા હતાં.

## વિસનગર તથા અરવલ્લી જીલ્લા કેન્દ્રિય સંગઠનની મીટિંગ









તા. ૫ જૂનના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે વિસનગર તથા અરવલ્લી જીલ્લાના ભાઈઓ તથા મહિલા સંગઠન બહેનોએ વિશ્વ ઉમિયાધામની મુલાકાત લઈ જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મહિલા સંગઠન ચેરપર્સનશ્રી ડો. રૂપલબેનના અધ્યક્ષ સ્થાને સાણંદ અને વડનગર તાલુકા સંગઠનની ટીમની રચના કરી તમામ હોદ્દેદાર તેમજ કારોબારી સભ્યશ્રીઓને પદભાર પત્ર એનાયત કરવામાં આવેલ.

# સમાચાર

## સુરેન્દ્રનગર જીલ્લાના લખતર ખાતે
## શ્રી ઉમિયા માતાજીના દિવ્યરથ પરિભ્રમણનો શુભારંભ







તા. ૨૧ જુને સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકાના વિવિધ ગામડાઓમાં જગતજનની શ્રી ઉમિયા માતાજીનો દિવ્યરથ પધારેલ જેમાં સંસ્થાના ઉપપ્રમુખ એવમ કેન્દ્રીય સંગઠન ચેરમેનશ્રી ડી.એન.ગોલ કેન્દ્રીય સંગઠન કો. ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી.પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ ડી. પટેલ, સભ્યશ્રી રાજુભાઈ એન. પટેલ, તથા લખતર ઉમાધામ મંદિરના પ્રમુખશ્રી હસમુખભાઈ, મંત્રી શ્રી નાનજીભાઈ તેમજ અન્ય હોદ્દેદારશ્રો, ટ્રસ્ટીશ્રીઓ તેમજ સમસ્ત ગ્રામજનોએ મા ઉમિયાના વધામણા કરી દર્શનનો લાભ લીધેલ. આ માત્ર રથનું પરિભ્રમણ નથી, પણ આપણી સંસ્કૃતિ અને સનાતન પરંપરાને જીવંત રાખવાનો એક ભગીરથ પ્રયાસ છે.

## શ્રી વિસ્પી ખરાડીજી વિશ્વ ઉમિયાધામની મુલાકાતે




તા. ૩, જૂને ૧૭ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ ધરાવતા અને BSFના જવાનોને તાલીમ આપનાર માર્શલ આર્ટિસ્ટ શ્રી વિસ્પી ખરાડીજીએ વિશ્વ ઉમિયાધામની મુલાકાત લીધેલ. જ્યાં જગતજનની મા ઉમિયાના આશીર્વાદ મેળવી ૫૦૪ ફૂટ ઊંચા નિર્માણાધીન શિવ-શક્તિ (જગત જનની મા ઉમિયા)ના ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય નિહાળ્યું. મા ઉમિયા તેમને ઉજ્જવળ ભવિષ્ય અર્પે અને તેઓ વધુને વધુ વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરે તેવી પ્રાર્થના.





# VUF-મોબાઈલ એપ — સેવા, સહાય અને સંવેદના

## એક એપ, અનેક લાભ — મેડિકલ ખર્ચમાં રાહત

સમાજના જરૂરિયાતમંદ પરિવારોને મેડિકલ બિલમાં રાહત મળે તે હેતુથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સેવાભાવી ડૉક્ટર્સ અને હૉસ્પિટલોના સહયોગથીઆ સેવા શરૂ કરવામાં આવી છે જેથી મુશ્કેલીના સમયમાં પરિવારોને મેડિકલ ખર્ચમાં સહાય અને મજબૂત સહારો મળી રહે.

QR કોડ સ્કેન કરી VUF – Vishv Umiya Foundtion મોબાઈલ એપ ડાઉનલોડ કરો ત્યાર બાદ મેડીકલ બેનીફીટ મેળવવા માટે નીચેના સ્ટેપ્સ અનુસરો:

- એપના માધ્યમથી આપ તથા આપના પરિવાર માટે જ એપ્લાય કરી શકો છો
- પરિવારના સભ્યોને મોબાઈલ એપમાં એડ કરવાના રહેશે



01. Play Store માં જઈ “VUF – Vishv Umiya Foundation” મોબાઈલ એપ ડાઉનલોડ કરો
02. એપમાં લૉગિનકરી તમારી પ્રોફાઈલ સંપૂર્ણ રીતે ભરો
03. Benefits Registration પર ક્લિક કરો
04. હોસ્પિટલ લિસ્ટ પર ક્લિક કરી જરૂરી સર્વિસ પસંદ કરો
05. એપમાં સમાજના સેવાભાવી ડૉક્ટર્સ દ્વારા નક્કી કરાયેલ ડિસ્કાઉન્ટ (%) દર્શાવવામાં આવશે
06. સંસ્થા દ્વારા રિક્વેસ્ટ મંજૂર થયા બાદ એપમાં OTP દર્શાવવામાં આવશે તે હોસ્પિટલમાં બિલિંગ સમયે OTP બતાવવાનો રહેશે

**નોંધ:** રિક્વેસ્ટ નું સ્ટેટસ "Benefits Registration" વિભાગમાં જોઈ શકાશે

મુખ્ય કાર્યાલય-વિશ્વ ઉમિયાધામ - જાસપુર , વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ. જી. હાઈવે, અમદાવાદ - 382721
+91 72020 80333/222 | contact@vuf.org | www.vuf.org

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

**+91 99743 52727**



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN